




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. હું કોણ છું ? | ૧ | ૧૧. ધર્મનો અહંકાર સૌથી ખરાબ | ૨૨ |
| ૨. ગાયત્રી અને યજ્ઞ | ૨ | ૧૨. સંસારનો નવો ધર્મ : અધ્યાત્મ | ૨૪ |
| ૩. શાશ્વત સુખનો આનંદ | ૪ | ૧૩. "કૃપા ન માગીએ સાધનાનો પુરુષાર્થ કરીએ" | ૨૭ |
| ૪. નૂતન વર્ષ લાવે છે નવા ઉમંગો | ૬ | ૧૪. લોકસેવી બ્રાહ્મણોચિત નિર્વાહ કરે, કાલનેમિથી બચીને રહે | ૩૦ |
| ૫. સત્યના શરણે સુખ અને શાંતિ | ૭ | ૧૫. ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે.... | ૩૧ |
| ૬. શાહ નહીં શહેનશાહ | ૧૦ | ૧૬. ગાયત્રી પરિજન કી ક્યા નકચાન ? સમયદાન, અંશદાન | ૩૭ |
| ૭. સર્વજ્ઞ હોવાનો દાવો ન કરો, નથી જાણ્યું તેની શોધ કરો | ૧૨ | ૧૭. પોતાના દોષદુર્ગુણો દૂર કરવાનું શક્ય છે | ૩૯ |
| ૮. ધર્મમાં વિવેકનો સમાવેશ ...ય | ૧૫ | ૧૮. ત્યાગ-બલિદાનની સંસ્કૃતિ દેવસંસ્કૃતિ-૪ | ૪૨ |
| ૯. સિનેમા- . . . ...નગલની જવાબદારી સમજે..... | ૧૮ | ૧૯. આત્મીય અનુરોધ | ૪૭ |
| ૧૦. દિવ્ય વિચારોથી ઉત્કૃષ્ટ જીવન | ૨૦ | | |


# સદ્જ્ઞાન પ્રભુ દે દીજિએ

(ધુન : યજ્ઞ રૂપ પ્રભો, હમારે ભાવ ઉજ્જ્વલ કીજિએ)

*વંદના હમ કર રહે, સદ્જ્ઞાન પ્રભુ દે દીજિએ ।*
*વિશ્વ સે અજ્ઞાન, અવગુણ, નાથ સબ હર લીજિએ ॥*
*લોકહિત કી ભાવના ઔર, કામના મન મેં જગે ।*
*હર હૃદય કો પ્યાર કે, આલોક સે ભર દીજિએ ॥*
*બઢ રહી હત્યાએઁ નિશદિન, વિશ્વ મેં પશુ-જીવ કી ।*
*કરુણા દયા કા ભાવ હો, વરદાન હમકો દીજિએ ॥*
*મોહ તૃષ્ણા મેં ફસા મન, શ્રેય પથ ભૂલા રહા ।*
*કૃષ્ણ બન ગીતા સુના કર, મોહ કો હર લીજિએ ॥*
*આજ કે યે કંસ-રાવણ, દે રહે અતિ કષ્ટ હૈં ।*
*નષ્ટ કરને નાથ આઓ, પ્રણ તો પૂરા કીજિએ ॥*
*ભૂકંપ સે, તૂફાન સે, સબ ઓર હાહાકાર હૈ ।*
*હો પ્રકૃતિ અનુકૂલ પ્રભુ વહ, રાહ દિખલા દીજિએ ॥*
*સબ કરેં વ્યવહાર એસા, હો ન હિંસા વિશ્વ મેં ।*
*યજ્ઞમય જીવન જિએ પ્રભુ, દિવ્યતા દે દીજિએ ॥*
*કાઁપ ઉઠતી ભય સે ધરતી, પાપ જ્યોં-જ્યોં બઢ રહા ।*
*હે પ્રભો, પ્રજ્ઞા જગા, સદ્ભાવના ભર દીજિએ ॥*
*આતંક દુ:ખ બિખરાવ કો, જગ સે મિટા દે હે પ્રભુ ।*
*શાંતિ સુખ સંતોષ કા, વિજ્ઞાન સબકો દીજિએ ॥*

દરેક શાખા, શક્તિપીઠ, પ્રજ્ઞાપીઠ પોતાના ક્ષેત્રમાં આ પ્રાર્થના નિયમિત રૂપે શરૂ કરી શકે છે.




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક / સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદ્દષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :
પં. લીલાપત શર્મા

: સહ સંપાદક :
ઘનશ્યામ પટેલ
: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા - ૨૮૧ ૦૦૩

: ટેલિફોન :
(૦૫૬૫) ૭૩૦૩૯૯, ૭૩૦૧૨૮

વાર્ષિક લવાજમ : ૫૫ રૂપિયા
આજીવન લવાજમ : ૭૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક ૧૦ પાઉન્ડ / ૧૫ ડૉલર
રૂા. ૬૦૦=૦૦
આજીવન : ૧૦૦ પાઉન્ડ / ૧૫૦ ડૉલર
ભારતીય મુદ્રામાં રૂા. ૭૦૦૦-૦૦
વર્ષ - ૩૨ અંક - ૪
પ્રકાશન તિથિ ૨૫-૩-૨૦૦૧
એપ્રિલ - ૨૦૦૧

## હું કોણ છું ?

"હું કોણ છું ?" આવો સવાલ જે પોતાને કરતો નથી, તેના માટે જ્ઞાનના દ્વાર બંધ જ રહી જાય છે. એ દ્વારને ખોલવાની ચાવી એ જ છે કે પોતાને પૂછો, "હું કોણ છું ?" અને જે તીવ્રતા તથા સમગ્રતાથી પોતાને આ સવાલ પૂછે છે, તે સ્વયં ઉત્તર પણ મેળવી લે છે.

મહાન દાર્શનિક સર્વપલ્લી રાધાકૃષ્ણન વૃદ્ધ થઈ રહ્યા હતા. એમનો દેહ જે એક સમયે અતિ સુંદર અને સ્વસ્થ પણ હતો, તે હવે જર્જરિત અને ઢીલો થવા લાગ્યો હતો. જીવનસંધ્યાનાં લક્ષણો પ્રગટ થવા લાગ્યાં હતાં. આવા વૃદ્ધત્વના સવારની ઘટના છે. તેઓ સ્નાનઘરમાં હતા. સ્નાન કર્યા બાદ તેઓ જેવા પોતાનું શરીર લૂછવા લાગ્યા કે તે જ વખતે અચાનક એમણે ઊંડી નજરે જોયું કે એ દેહ તો ક્યારનો જઈ ચૂક્યો છે, જેને તેઓ પોતાનો માની બેઠા હતા. શરીર તો બિલકુલ બદલાઈ ગયું છે. એ કાયા હવે ક્યાં છે ? જેની ઉપર એમણે પ્રેમ કર્યો હતો, જેની ઉપર એમને ગૌરવ હતું, તેની જગ્યાએ આ ખંડેર જ હવે બાકી રહી ગયું છે.

આવા વિચારની સાથે એમના દાર્શનિક મનમાં એક અત્યંત અભિનવ બોધ પણ અંકુરિત થવા લાગ્યો, 'શરીર તો એ નથી, પરંતુ પોતે તે એ જ છે. પોતે તો જરાય બદલાયા નથી. પોતાનાં બધાં કર્તૃત્વો, ઉપલબ્ધિઓના અંબાર વચ્ચે તેઓ પોતાના ઊંડાણમાં હતા એવા જ છે. વ્યક્તિત્વના બદલાતા, બનતા અને વિકસિત થતા વિવિધ આયામો વચ્ચે વ્યક્તિના રૂપમાં તેઓ યથાવત્ છે.' ત્યારે એમણે પોતાને જ સવાલ કર્યો, 'ઓહ ! તો પછી હું કોણ છું ?' તેમના ઊંડાણમાંથી જવાબ પણ મળ્યો અને તત્ત્વવેત્તાના રૂપમાં તેઓ પરિપૂર્ણ બન્યા.

આવો જ સવાલ દરેકે પોતાને પૂછવાનો હોય છે. આ જ સવાલ અસલી છે. જેઓ એ નથી પૂછતા, તેઓ એક રીતે વ્યર્થ જીવન જીવે છે. જેઓ પૂછતા જ નથી, તેઓ ભલા ઉત્તર પણ કેવી રીતે મેળવી શકશે ? માટે પોતાને અત્યારે જ અને તત્કાળ એ સવાલ પૂછો કે "હું કોણ છું ?" પોતાના અંતરતમના ઊંડાણમાં આ પ્રશ્નને ગૂંજવા દો, "હું કોણ છું ?" જ્યારે પ્રાણોની પૂરી તાકાત સાથે કોઈ પૂછે છે, ત્યારે તેને ઉત્તર અવશ્ય મળે છે અને તે ઉત્તર જીવનની સંપૂર્ણ દિશા અને અર્થને પરિવર્તિત કરી દે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગાયત્રી અને યજ્ઞ

યજ્ઞની પ્રતીક પ્રતિમામાં સમાયેલી સૂક્ષ્મ પ્રેરણાઓની વ્યાખ્યા દ્વારા માનવીને પવિત્ર અને સમાજને સમર્થ બનાવવાનું લોકશિક્ષણ જેટલું સારી રીતે અને સરળતાથી આપી શકાય છે; તેટલું અન્ય કોઈ ધર્મકાર્ય કે માધ્યમ દ્વારા આપી શકાતું નથી. યજ્ઞની અગ્નિની ઘણી વિશેષતાઓ છે. જેમ કે, (૧) માથું હંમેશાં ઊંચું રાખવું, ગમે તેટલો ભાર કે દબાણ પડે તો પણ માથું નમવું ન જોઈએ. (૨) જે કોઈ તમારા સંપર્કમાં આવે તેને સમાન દરજ્જો આપવો. (૩) જે કાંઈ મળે, તેનો સંગ્રહ ન કરતાં વિશ્વ માટે ન્યોછાવર કરી દો. (૪) સ્વયંના જીવનમાં જુસ્સો અને રોશનીનો અભાવ ક્યારેય વરતાવા દેશો નહીં. (૫) સ્વયંની શક્તિનો ઉપયોગ લોકોના હિત માટે કરવો વગેરે.

ઉજ્જવળ ભવિષ્યની રચના માટે જે વાતાવરણ અપેક્ષિત છે, તે માટે ગાયત્રી યજ્ઞોની શ્રૃંખલા ખૂબ મહત્ત્વપૂર્ણ અનુકૂળતા પેદા કરી શકે છે.

યજ્ઞનું મહત્ત્વ સમજીને જ ગાયત્રી યજ્ઞની પરંપરા પ્રચલિત બનાવાઈ હતી. તેને છોડી દેવાથી આપણી દુર્ગતિ થઈ. તેને ફરીવાર અપનાવી લેવી જોઈએ. હવનની પરંપરા ઘેર-ઘેર પ્રચલિત બનવી જોઈએ. જ્યારે ઘેર-ઘેર યજ્ઞ થતો હતો, ત્યારે ભારતભૂમિ સ્વર્ગ અને વૈભવમાં રાચતી હતી. આજે યજ્ઞ નહીં કરવાને લીધે આપણી આવી અધોગતિ થઈ રહી છે.

યજ્ઞ શબ્દનો સંસ્કૃતમાં સામાન્ય અર્થ દાન, સંગઠન અને દેવપૂજન થાય છે. તેને ભાવાર્થ છે દૈવી કાર્યો માટે સાથે મળીને દાન એકત્રિત કરવું. આ જ પુણ્ય પ્રવૃત્તિને લીધે નરપશુને નરનારાયણ બનવાનો અવસર પ્રાપ્ત થાય છે. આ ઉદાર સેવા-સાધના પર જ માનવીની ગરિમા આધારિત છે. જેવી રીતે અગ્નિમાં પકાયા બાદ સ્વર્ણની મલિનતા દૂર થઈ તેજ પ્રસરે છે, તેવી રીતે યજ્ઞના તત્ત્વજ્ઞાન દ્વારા મનુષ્ય શ્રેષ્ઠતાનાં શિખરો સર કરે છે અને દેવત્વ તરફ પ્રયાણ કરે છે.

સાધનોમાં પણ હવન અનિવાર્ય છે. ગમે તેટલા પાઠ, અનુષ્ઠાન, જપ કે આરાધના કરવામાં આવે, તે વેદને લગતાં હોય કે તાંત્રિક હોય, પરંતુ તેમાં હવન તો અવશ્ય કરવો પડે છે. ગાયત્રી ઉપાસનામાં પણ હવન કરવો જરૂરી છે. અનુષ્ઠાનમાં પુરશ્ચરણમાં જપના દસમાં ભાગની આહુતિઓ આપી શકાય એમ ન હોય તો એકસોમાં ભાગની આહુતિઓ તો આપવી જ પડે. ગાયત્રીને માતા અને યજ્ઞને પિતા માનવામાં આવે છે. આ બંનેના મેળાપથી જ મનુષ્યનો આધ્યાત્મિક જન્મ થાય છે. જેને 'દ્વિજત્વ' કહેવામાં આવે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને દ્વિજ કહેવાય છે. દ્વિજ એટલે બીજો જન્મ. જેવી રીતે આપણા શરીરને જન્મ આપનાર માતા-પિતાની સેવા-પૂજા કરવાનો દરેક મનુષ્યનો ધર્મ છે, તેવી રીતે ગાયત્રી માતા અને યજ્ઞપિતાની પૂજા કરવી એ દરેક દ્વિજની ફરજ તથા ધર્મકાર્ય છે.

બ્રહ્માજીએ મનુષ્યોની સાથે યજ્ઞને પણ ઉત્પન્ન કર્યો અને તેમને કહ્યું કે, આ યજ્ઞ દ્વારા તમારી ચડતી થશે તેમજ મનોકામનાઓ તથા જરૂરિયાતો પૂરી થશે. તમે લોકો યજ્ઞ દ્વારા દેવતાઓને ખુશ કરો, દેવતાઓ તમારી ચડતી કરશે. આમ બંને પોત-પોતાની ફરજનું પાલન કરીને પરમ કલ્યાણ મેળવશે. યજ્ઞ દ્વારા સંતુષ્ટ દેવતા તમને સુખ-શાંતિની વસ્તુઓ આપશે.

અસંખ્ય શાસ્ત્રોમાં યજ્ઞ વિશે સમર્થનો આપેલાં છે, જેના પરથી યજ્ઞનું મહત્ત્વ સમજાય છે. પહેલાંના જમાનામાં પણ આધ્યાત્મિક તથા ભૌતિક ઉદ્દેશો માટે મોટા મોટા યજ્ઞો યોજવામાં આવતા, દેવતાઓ પણ યજ્ઞ કરતા, દાનવો પણ યજ્ઞ કરતા, ઋષિઓ દ્વારા યજ્ઞો થતા, રાજા-મહારાજાઓ અશ્વમેધ જેવા મોટા યજ્ઞોનું આયોજન કરતા, સામાન્ય ગૃહસ્થો પણ પોત-પોતાની શક્તિ અનુસાર વારંવાર યજ્ઞો કરતા.

યજ્ઞ એક પવિત્ર ધાર્મિક કાર્ય તો છે જ, સાથે સાથે એક શ્રેષ્ઠ જીવનદર્શન પણ છે. યજ્ઞ, પવિત્રતા અને મોક્ષનું પ્રતીક છે. અગ્નિ ખુદ તો પવિત્ર છે જ, પરંતુ પોતાના સંપર્કમાં આવનાર અપવિત્ર વસ્તુને પણ તે પવિત્ર બનાવી દે છે. અગ્નિ પોતાના માટે કંઈ જ કરતો નથી, તેની દરેક ક્રિયા મોક્ષ માટે જ થાય છે. યજ્ઞનો મુખ્ય ઉદ્દેશ પરમાર્થની સત્પ્રવૃત્તિઓને અને સત્પ્રેરણાઓને લોકોમાં ભરી દેવાનો છે. યજ્ઞકર્તા પોતાના કામમાં આવનાર ઘી, મેવા, મિષ્ટાન જેવા ઉપયોગી પદાર્થો પેટે પાટા બાંધીને પણ પરમાર્થ માટે કાઢે છે. આ પદાર્થોની આહુતિઓ આપવામાં આવે છે, જે વાયુ દ્વારા વાતાવરણમાં ફેલાય છે અને પ્રાણીઓ માટે ઉપયોગી બની રહે છે. પ્રાણીઓ શ્વાસ દ્વારા આ સ્વાસ્થવર્ધક પદાર્થો મેળવે છે.

અગ્નિહોત્રનું મુખ્ય સ્વરૂપ ત્યાગ, સંયમ, સેવા, સદાચાર,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરોપકાર, ઉદારતા, સહૃદયતા, આત્મનિર્માણ વગેરેને જીવનમાં કૃતાર્થ કરવાનું છે. આ રીતે અગ્નિહોત્ર એક આધ્યાત્મિક નાટક સમાન છે, જેને જોતાં જ ઉપર મુજબની ભાવનાઓ જાગૃત થાય છે. સ્વાર્થવૃત્તિને બદલે બીજા માટે કંઈક કરી છૂટવાની ભાવનાનો વિકાસ થાય છે. જ્યાં સુધી આવી ભાવના રહી ત્યાં સુધી આપણું સામાજિક જીવન દરેક રીતે સુખી, સ્વસ્થ અને ફૂલેલું-ફાલેલું રહ્યું, પરંતુ આ પ્રવૃત્તિ નબળી પડી કે તરત જ સમગ્ર સામાજિક તંત્ર લથડવા લાગ્યું. શરીર તો આજે પણ જીવંત છે, પરંતુ તે નિષ્પ્રાણ જ છે. ઘણીવાર દક્ષિણા તથા ચડતીના મોહમાં પણ યજ્ઞ થતા જોવા મળે છે. એના દેવદક્ષિણાના રૂપમાં માનવીના મનની શુદ્ધિ થતી નથી. પરિણામે, એનું અપેક્ષિત ફળ જન-જીવનને મળી શકતું નથી.

યજ્ઞનો મુખ્ય ઉદ્દેશ છે, પોતાની જાતને પરમાત્માનાં ચરણોમાં ધરી દેવી. અંતઃકરણના ચાર અંગ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર ઉપરાંત દસેય ઈન્દ્રિયો, દસેય પ્રાણ, વૈભવ, જીવન આ બધુંય જેઓ પરમાત્માને સોંપી દઈને તેમની આહુતિ ભગવાનને અર્પવા હવન કરે છે ત્યારે જ યજ્ઞનો સાચો ઉદ્દેશ સિદ્ધ થાય છે.

યજ્ઞપુરુષ પરમાત્મા જ છે. તેમનાં ચરણોમાં પોતાની જાતને સમિધાની માફક સમર્પિત કરી દેવાથી પોતાનું સ્વરૂપ પણ યજ્ઞમય થઈ જાય છે, જેમ કે હવનના કુંડમાં પડેલી સામગ્રી તથા સમિધા અગ્નિ બની જાય છે. પરમાત્માની આજ્ઞા, પ્રેરણા, વૈરાગ્ય, સ્વાધ્યાય, ભક્તિ વગેરે સાધનો દ્વારા પોતાના અંતઃકરણમાં દિવ્ય પ્રકાશ પ્રાપ્ત કરવો એ જ યજ્ઞ છે. સર્વવ્યાપક પરમાત્મા દરેક ચીજમાં સમાયેલા હોવાથી ખોટાં કાર્યોથી બચવું જોઈએ.

પરમાત્મા સર્વવ્યાપક છે તેવું માનનાર માનવી કોઈ કુવિચાર કે કુકર્મ કરી શકતો નથી, કારણ કે તેને પોતાના અંતઃકરણમાં જ પરમાત્મા દેખાતા હોવાથી તે કુવિચાર કેવી રીતે કરી શકે ? આમ વિશ્વના કણે-કણમાં પ્રભુનો વાસ હોય, તો એવું કોઈ ગુપ્ત સ્થાન હોઈ શકે ખરું, કે જ્યાં પોતાની ચોરી છુપાવી શકાય ? આમ ઈશ્વર સર્વત્ર છે તેવું અનુભવનાર માનવી દરેક જડ-ચેતન સાથે સદ્વ્યવહાર જ કરી શકે છે. આથી યજ્ઞપુરુષ ભગવાનને સર્વવ્યાપી માનીને તેને પોતાના અંતરાત્મામાં ધારણ કરવો, એ જ આધ્યાત્મિક યજ્ઞ છે.

સ્વર્ગલોકમાં ખળભળાટ ફેલાઈ ગયો. સ્વર્ગની શાસન વ્યવસ્થા બગડી રહી હતી. વિષ્ણુ ભગવાન હિરણ્યાક્ષનાં વધ માટે વારાહ અવતાર ધરી પૃથ્વી પર આવ્યા હતાં. પ્રયોજન પણ પૂરું થયું, છતાં તેઓ પાછા ન વળ્યાં. એક એક કરીને દેવો આવ્યા અને તેમને પાછા વળવા વિનંતીઓ કરી, પરંતુ વારાહને કાદવમાં આળોટવું અને મોટા પરિવાર સાથે રહેવાનું એટલું ગમી ગયું હતું કે તે સ્વર્ગ પાછા જવા તૈયાર ન થયા. આવેલા દેવોને નિરાશ થઈ પાછા જવું પડ્યું. વ્યવસ્થા નિયંત્રણ બહાર જતી જોઈ ક્રોધિત થયેલા શિવજીએ વિષ્ણુને પાછા લાવવાની જવાબદારી લીધી. તેઓ આવ્યા અને વારાહને પાછા વાળવા અને નિર્ધારિત જવાબદારી પૂરી કરવાની વાત કહી. આની પણ વારાહ ઉપર કોઈ અસર ન થઈ. ક્રોધિત રૂદ્રે ત્રિશૂળ વડે વારાહનું પેટ ચીરી નાંખ્યું અને તેના શરીરને ઉપાડી લાવી સ્વર્ગનાં સિંહાસન પર નાંખ્યું.

વિષ્ણુ પોતાનાં અસલ સ્વરૂપમાં આવ્યાં અને દેવતાઓને ઉદ્દેશીને બોલ્યાં - ‘‘મોહ અત્યંત શક્તિશાળી હોય છે. તે ભગવાનની પણ દુર્ગતિ કરાવી શકે છે. તમે લોકો તેના કુચક્રમાં ફસાતા નહીં અને આત્માને એવી રીતે જ બચાવજો જે રીતે શિવે મને બચાવ્યો.’’


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# શાશ્વત સુખનો આનંદ

**મહાપુરુષોના ઉચ્ચતમ અનુભવપૂર્ણ ભાવોમાં આપણું હૃદય એકાકાર કરવું તથા તે ભાવથી પોતે ભાવિત થઈ જવું એ જ અસલી સંગ છે. જો આવાં મહાપુરુષોનું સાંનિધ્ય મળી ન શકે, તો તેમના દ્વારા રચિત સત્સાહિત્યનો મનોયોગપૂર્વક કરેલો સ્વાધ્યાય પણ ખૂબ જ લાભદાયક હોય છે. ભગવત્પ્રાપ્ત મહાપુરુષોના અનુભવયુક્ત વચનોમાં ખૂબ પ્રભાવ હોય છે અને તે આત્માને પ્રકાશિત કરવાનું સામર્થ્ય ધરાવે છે.**

જીવનનું શાશ્વત કેન્દ્ર, અને 'ચૈતન્ય તત્ત્વ' આત્મા જ મનુષ્યના સુખોનો મૂળ સ્રોત છે. જેઓ સુખ-શાંતિ અને સ્થિરતાભર્યું જીવન જીવવાના અભિલાષી હોય તેમણે પોતાના આત્માને ઓળખવાનો પ્રયાસ કરવો જોઈએ. આત્મામાં જ સંપૂર્ણ વિશ્વ સ્થિત છે. 'તેજોબિન્દૂ ઉપનિષદ'માં આત્માનું મહત્ત્વ પ્રતિપાદિત કરતાં કહેવાયું છે -

*આત્મનોऽન્યા ગતિર્નાસ્તિ સર્વમાત્મમય જગત્ ।*
*આત્મનોऽન્યન્ન હિ ક્વાપિ આત્મનોऽન્યત્તૃણં નહિ ॥*

અર્થાત્ આત્માથી ભિન્ન ગતિ નથી. સમગ્ર જગત આત્મમય છે. આત્માથી અલગ અન્ય કશું જ નથી. એક તણખલું પણ આત્માથી ભિન્ન નથી.

આત્મામાં શૌર્ય, પ્રેમ તથા પૌરુષની અનંત શક્તિ સમાવિષ્ટ છે. આત્મશક્તિથી સંપન્ન વ્યક્તિના બધા અભાવો, દુઃખ, દારિદ્રય, સાંસારિક આધિ-વ્યાધિ સમાપ્ત થઈ જાય છે. આજે શરીરના સર્વ અંગપ્રત્યંગોની સ્થૂળ જાણકારી, પદાર્થ અને તેના ગુણ-ભેદની જાણકારી, ગ્રહ-નક્ષત્ર સંબંધી ગણિત અને વૈજ્ઞાનિક સત્ય જાણવાથી મનુષ્યની ભૌતિક સુવિધાઓ ભલે વધી ગઈ હોય પણ સ્વયંને જાણવાનો પ્રયાસ નહીં કરવાને કારણે મનુષ્યનાં દુઃખો વધ્યાં જ છે. આપણા પૂર્વજો જ્ઞાન-વિજ્ઞાનમાં આજના વૈજ્ઞાનિકોની તુલનામાં ઘણા પ્રવીણ હતા, પરંતુ તેઓ એ સત્ય જાણતા હતા કે વિજ્ઞાન અંતે તો મનુષ્યની વૃત્તિઓને ભોગવાદી જ બનાવે છે. આથી તેમણે ધર્મ અને અધ્યાત્મ પર આધારિત જીવનની રચના કરી હતી. આ જીવનમાં પ્રાણ હતો, શક્તિ હતી, સમુન્નતિ હતી અને એવું બધું જ હતું, જેનાથી મનુષ્યનું જીવન સુખી ને સંતુષ્ટ ગણી શકાય.

સૂક્ષ્મતાપૂર્વક વિશ્લેષણ કરતાં પ્રતીત થાય છે કે મનુષ્ય શરીર નથી, મન નથી કે બુદ્ધિ નથી કેમ કે આ બધાં પંચમહાભૂતોના સત્, રજસ અંશોથી નિર્મિત છે અને તેથી નશ્વર છે. આત્મ અનશ્વર છે. તે પોતે જ શક્તિનું ઉત્પાદક, અજર-અમર સર્વવ્યાપી તત્ત્વ છે. આત્મા સદ્યઃ અનુભૂતિ છે. આત્મામાં જ્ઞાનનો સહજ પ્રકાશ છે, જે સત્યને અસત્યથી અલગ તારવી પ્રગટ કરે છે. ઉપનિષદમાં કહ્યું છે -

*ન હિ દ્રષ્ટુર્દષ્ટેર્વિપરિલોપો વિદ્યતે ।*
*ય એવ હિ નિરાકર્તા તદેવ તસ્ય સ્વરૂપમ્ ॥*

અર્થાત્ જેવી રીતે દ્રષ્ટાથી દૃષ્ટિનો બોધ સ્વયં થઈ જાય છે તે જ રીતે નિરાકરણકર્તાના સ્વરૂપે આત્મા સ્વતઃ સિદ્ધ છે. જો હું એમ કહું કે હું નથી તો પણ હું છું જ, કેમ કે હું નથી એમ તો હું જ કહું છું. સૂર્યપ્રકાશની જેમ આત્મા સ્વયંપ્રકાશિત અને સ્વયંજ્ઞાત છે. જેવી રીતે વાદળોના આવરણથી સૂર્યની સત્તા બાહ્ય બનતી નથી તે જ રીતે શરીર આદિ આવરણોથી આત્મા ખંડિત થતો નથી. ઉપનિષદ્ તો આગળ કહે છે -

*જન્માદ્યાઃ ષડિમે ભાવા દૃષ્ટા દેહસ્યનાત્મનઃ ।*
*ફલાનાસિવ વૃક્ષસ્ય કાલેનેશ્વરમૂર્તિના ॥*
*આત્મા નિત્યોऽવ્યયઃ શુદ્ધઃ એકઃ ક્ષેત્રજ્ઞ આશ્રયઃ ।*
*અવિક્રિયઃ સ્વદૃગ્ હેતુર્વ્યાપકોऽસંગ્યનાવૃતઃ ॥*

"જન્મ, અસ્તિત્વની પ્રતીતિ, બુદ્ધિ, પરિમાણ, ક્ષય અને વિનાશ આ છ દેહના વિકારો છે અને દેહસ્થિત છે. આત્મામાં તે સમાવિષ્ટ નથી જ. આત્મા સાથે કે આપણા મૂળ સ્વરૂપ સાથે તેને કોઈ સંબંધ નથી. જે રીતે કાળ પરમેશ્વરની પ્રેરણાથી પ્રતિવર્ષ વૃક્ષો પુષ્પાન્વિત થાય છે, ફળોના અસ્તિત્વની અનુભૂતિ થાય છે, તેઓ વૃદ્ધિ પામે છે, પક્વ બને છે, ક્ષીણ થાય છે અને નષ્ટ થાય છે, પરંતુ વૃક્ષો તો જેમનાં તેમ ટકી રહે છે તે જ રીતે જન્મથી માંડી મૃત્યુપર્યંત છએ વિકારો દેહના જ હોય છે, આત્માના નહિ. આત્મા તો સદાય એકરસ બની રહે છે."

મનુષ્યજીવનની સાથોસાથ જન્મ-મરણ, સુખ-દુઃખ અને ભોગ-રોગ ઈત્યાદિની જે વિલક્ષણતાઓ પ્રચ્છન્નરૂપમાં રહેલી છે તે મનુષ્યને વિચાર-વિવશ કરી મૂકે છે કે ઈન્દ્રિયોનો ભોગ ભોગવીને જીવનના દિવસો પૂરા કરવા એ જ માત્ર મનુષ્યજીવનનો ઉદ્દેશ નથી. આ અમૂલ્ય માનવજીવન પ્રાપ્ત કર્યા પછી પણ જો આત્મકલ્યાણની પ્રવૃત્તિ કરવામાં ન આવે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તો કોને ખબર કેટલી કષ્ટપ્રદ યોનિઓમાં ભટકવું પડશે. જેમના અંતરમાં આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની અભિલાષા જાગૃત થાય તેમણે પોતાની જાતને પરમાત્માની કૃપાપાત્ર સમજવી જોઈએ.

સર્વપ્રથમ, અંતરના ઊંડાણમાં આપણે સૌએ એ સત્યને હૃદયંગમ કરવું પડશે કે આપણે શરીર નથી; આત્મા છીએ. પરમાત્માનો સનાતન અંશ છીએ. તેમનો સાક્ષાત્કાર કરવો એ આપણો નિત્ય સિદ્ધ અધિકાર છે. આ સંસારની પ્રત્યેક વ્યક્તિમાં આત્માનું અમૃતબીજ નિહિત છે. પોતાના મૂળ સ્વરૂપને ઓળખવું, પોતાના અંતરમાં નિહિત અમૃતબીજોને અંકુરિત થતાં રોકવાં એ જ આપણાં દુઃખોનું કારણ છે. મનુષ્ય પોતાને આત્માસ્વરૂપે સ્વીકારતો નથી, પોતાના જીવનને આત્માના સ્પર્શથી વંચિત રાખે છે ત્યાં સુધી તે દુઃખી રહે છે. બીજી મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે આપણે આપણી ચેતનાને બહિર્ગમન અર્થાત્ સાંસારિકતાથી દૂર હટાવીને અંતર-મન તરફ વાળવી પડશે. આજે મનુષ્યનું જીવન ફક્ત શરીર અને સંસાર સુધી જ સીમિત બની રહ્યું છે. આત્મિક જીવન તરફથી પૂર્ણપણે ઉદાસીન બની ગયું છે. અર્થ અને અધિકાર એ બે જ માનવજીવનનાં લક્ષ્ય બની રહ્યા છે. આ બન્નેને પ્રાપ્ત કરવા પાછળ વ્યક્તિ ઉચિત-અનુચિત, ન્યાય-અન્યાય કશાની પરવા ન કરીને પાગલની જેમ મંડ્યો રહે છે. આનો એવો અર્થ નથી કે મનુષ્ય કામ કરવાનું બંધ કરે. આનો અર્થ એટલો જ કે તે કાર્યની દિશા બદલી નાખે. તેનું પ્રત્યેક કાર્ય આત્માની ઉન્નતિની ભાવનાથી થવું જોઈએ. કર્મ-કાર્ય ઈશ્વર સમર્પિત હોય. જ્યારે પ્રત્યેક કાર્ય ઈશ્વરને સમર્પિત કરવામાં આવશે ત્યારે આપોઆપ અનુચિત કાર્ય થશે જ નહિ.

ત્રીજી આવશ્યકતા છે, શુદ્ધ અને સાત્ત્વિક આહાર-વિહારની. સાત્ત્વિક વૃત્તિવાળી વ્યક્તિ જ આત્માનો ઉદ્ધાર કરવામાં કામયાબી પ્રાપ્ત કરે છે. આહાર-વિહાર, શયન-જાગરણ તથા અન્ય ચેષ્ટા બાબતમાં શ્રીમદ્ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, ''આ યોગ બહુ ખાનારને સિદ્ધ થતો નથી કે અપવાસીને સિદ્ધ થતો નથી. અતિ નિદ્રા કરનારને કે અતિ જાગરણ કરનારને ફળતો નથી. દુઃખોનો નાશ કરનાર આ યોગ તો યથાયોગ્ય આહાર કરનારને અને કર્મમાં યથાયોગ્ય પ્રવૃત્તિ કરનારને જ ફળે છે.'' વ્યક્તિએ શિષ્ટ, ઋત, સત્ય, પ્રિય તેમજ હિતકારક વાણીપ્રયોગ અને સમયાંતરે એકાંતસેવન પણ કરતા રહેવું જોઈએ.

આત્મિક પ્રગતિની આકાંક્ષા રાખનાર વ્યક્તિએ મહાત્માઓનો સંગ પણ કરતા રહેવું જોઈએ. આવા મહાપુરુષોના ઉચ્ચતમ અનુભવપૂર્ણ હૃદયભાવોમાં પોતાના હૃદયને સંમિલિત કરી દેવું તથા તે ભાવથી સ્વયં ભાવાર્દ્ર બની રહેવું તે જ સાચો સંગ છે, જો આવા મહાપુરુષોનું સ્થૂળ સાંનિધ્ય પ્રાપ્ત ન પણ થાય તો તેમણે રચેલ સત્-સાહિત્યનો મનોયોગપૂર્વક સ્વાધ્યાય પણ પરમ લાભદાયી સિદ્ધ થાય છે. ભગવાન કૃપાપાત્ર મહાપુરુષોનાં અનુભવપૂર્ણ વચનોમાં પણ ઊંડો પ્રભાવ હોય છે અને આત્માને પ્રકાશિત કરવાનું સામર્થ્ય છે.

આત્મિક ઉન્નતિના પંથે આળસ મહાશત્રુ છે. તે આપણી અંદર શુભ-મંગલ ચેતનાના પ્રાગટ્યપથમાં શત્રુરૂપ છે. જે ચેતનાના દિવ્ય સ્વરૂપ સ્પર્શમાં બાધક નીવડે, આત્મિક ઉચ્ચતામાં શ્રદ્ધા ન જન્મવા દે તે જ આપણો સૌથી મોટો શત્રુ છે. તેની સાથે સંગ્રામ કરીને તેને પરાસ્ત કરવો તે આપણો પરમ ધર્મ છે. 'વિવેક ચૂડામણિ'માં કહેવાયું છે -

*ઈતઃ કો ન્વસ્તિ મૂઢાત્મા યસ્તુ સ્વાર્થે પ્રમાદ્યતિ ।*
*દુર્લભં માનુષં દેહં પ્રાપ્ય તત્રાપિ પૌરુષમ્ ॥*

***'જીવન' પરમાત્માની દેન અને અમૂલ્ય વરદાન છે. તેમાંથી વિભૂતિઓ પ્રગટાવો કે દુર્ગતિ નીપજાવો.***

અર્થાત્ દુર્લભ એવો આ મનુષ્યદેહ અને તેમાં પણ પુરુષત્વ પ્રાપ્ત કરીને જે આત્મસાક્ષાત્કાર કરવામાં પ્રમાદ સેવે છે તેનાથી વધુ મૂઢ બીજો કોણ હશે ?

આપણે આપણા જીવનને આત્મિક દિવ્યતામાં ઢાળવાનો સંકલ્પ લીધો હોય, તો આપણે સંકુચિતતાને ત્યજવી પડશે. આપણા 'અહંભાવ' પર કુઠારાઘાત કરવો પડશે. સર્વમાં પરમાત્માનો જ એક અંશ આત્મજ્યોતિ પ્રજ્વલિત છે એ પરમ સત્યને જાણવું પડશે. આપણે આપણી સત્તાને અહંપોષિત ઈન્દ્રિયોના તુચ્છ અને નગણ્ય સુખને બદલે શાશ્વત સુખનો આનંદ આપીએ. સર્વત્ર એક જ આત્માનું દર્શન કરનાર મનુષ્ય નથી મોહવશ કે નથી શોકાકુલ. *તત્ર કો મોહઃ કઃ શોકઃ એકત્વં અનુપશ્યતઃ.* જેમ જેમ આત્મભાવ દઢીભૂત થતો જાય છે તેમ આનંદમાં વૃદ્ધિ થતી જાય છે.

જો આપણે હકીકતમાં સુખશાંતિથી ભર્યું જીવન વ્યતીત કરવા ઇચ્છતા હોઈએ તો આપણે આપણી આત્મિક ઉત્કૃષ્ટતાઓને પ્રગટાવવી જોઈશે અને આપણી બધી બુરાઈઓ સાથે સંઘર્ષ કરવો પડશે. આત્મજ્ઞાનરૂપી સંપત્તિ પ્રાપ્ત કર્યા વિના સુખ-શાંતિની આકાંક્ષા કેવળ કલ્પનામાત્ર જ છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# નૂતન વર્ષ લાવે છે નવા ઉમંગો

નવાં વસ્ત્રો પહેરવાથી બાળકોમાં જે ઉલ્લાસ જોવા મળે છે, એવો જ કંઈક ઉત્સાહ જનમાનસમાં નૂતન વર્ષ પ્રત્યે હોય છે. જૂની-પુરાણી ચીજો કોને ગમે છે ? નવીનતાની કલ્પના અને આકર્ષણ કંઈક જુદાં જ હોય છે. તેમના આવવા અને પ્રાપ્ત કરવામાં જે ખુશીઓ ફૂટી નીકળે છે, તેમનું કહેવું જ શું !

વીતેલા વર્ષની વિદાય પછી જ્યારે નૂતન વર્ષનું આગમન થાય છે, ત્યારે પ્રત્યેક મનુષ્યમાં એક અભિનવ સ્ફૂર્તિ અને ઉમંગ દેખાય છે. તે એ બતાવે છે કે પુરાતનતાના આળસ અને અનુત્સાહ તેની કાંચળી ત્યજી ચૂક્યા છે અને નવા ઉમંગ સાથે નૂતનતાનું એવું આવરણ ઓઢી લીધું છે, જેમાં સર્વત્ર સક્રિયતા તથા ગતિશીલતા જ નજરે પડે છે. આમ પ્રગતિશીલતાના અભાવનું નામ જ પ્રાચીનતા છે. એને ભૂતકાળ કે વીતેલો કાળ પણ કહી શકાય છે. જ્યારે આપણે નવા યુગમાં, નવા સમયમાં, નવવર્ષમાં પ્રવેશ કરીએ છીએ, ત્યારે સૌપ્રથમ એ વાત પર વિચાર કરીએ છીએ કે આપણું પછાતપણું કેવી રીતે દૂર થાય ? વીતેલા વર્ષમાં આપણે જે ભૂલો કરી તથા જેમના કારણે ઉન્નતિના સુવર્ણ અવસરો ચૂકી ગયા, તેનાથી કેવી રીતે બચીએ અને પોતાનું ભવિષ્ય કેવી રીતે ઉજ્જવળ બનાવીએ ?

આ બધી વાતોની સમીક્ષા કરવા માટેનો યોગ્ય અવસર નવવર્ષ હોય છે. તે નવી પ્રેરણાઓ અને નૂતન વિચારો લઈને આવે છે. મનઃક્ષેત્રમાં જો તેવા ઉમંગો ન જાગે, તો ઉત્કર્ષની ગતિ રૂંધાઈ જશે અને માનવી અવગતિને જ સડેલી લાશની જેમ ઉપાડતો રહી તે આનંદ અને ઉલ્લાસથી સદા વંચિત રહી જશે, જે નવવર્ષ સાથે અભિન્ન રીતે જોડાયેલો હોય છે.

યોજના બનાવનાર તેને અમલમાં મૂકતાં પહેલાં જ તેની સમસ્ત યોજનાઓ સારી રીતે બનાવીને મગજમાં બેસાડી લે છે. બિલ્ડર ભવનનું નિર્માણ કરતાં પહેલાં તેનો નકશો બનાવે છે, પછી જ નિર્માણ કાર્યની શરૂઆત કરે છે. તેવી જ રીતે નવવર્ષ આવતાં જ દરેક વિવેકશીલ વ્યક્તિ સંપૂર્ણ વર્ષ માટેનું એક આયોજન કરી લે છે અને નક્કી કરી લે છે કે એ સંપૂર્ણ અવધિમાં કયાં કયાં નવાં નિર્ધારણો અને કાર્યો ક્યારે શરૂ કરાશે. આને નવવર્ષના રોમાંચનો ચમત્કાર જ કહેવો જોઈએ કે આ સમયે મન સમગ્ર સફળતા સાથે યોજનાઓ બનાવવામાં એટલું નિમગ્ન થઈ જાય છે, જેટલું અન્ય અવસરોએ ભાગ્યે જ થતું હોય.

કાળ એક સતત પ્રવાહ છે, તે અનાદિ અને અનંત પણ છે. તેથી તે નવો કે જૂનો હોવાનો કોઈ અર્થ નથી, છતાં મનુષ્યે તેને દિવસ, સપ્તાહ, પક્ષ, માસ તથા વર્ષ વગેરેમાં સુવિધા અનુસાર વહેંચીને એક વિભેદ તો ઉત્પન્ન કરી જ દીધો છે. તે મુજબ જે વીતી ગયું, તેને ભૂતકાળ કહેવાની પરંપરા છે અને આગત-અનાગતને ક્રમશઃ વર્તમાન અને ભવિષ્યકાળ કહેવામાં આવે છે. મનુષ્યનો એ સહજ સ્વભાવ છે કે તે જેટલો ભવિષ્ય પ્રત્યે ઉત્સાહિત રહે છે, તેટલો ભૂતકાળ કે વર્તમાન પ્રત્યે રહેતો નથી. પરિવારના બધા સભ્યો હળીમળીને રહે છે, તે સાચું છે; પરંતુ જ્યારે કોઈની ખૂબ જ આતુરતાથી પ્રતીક્ષા કરવામાં આવતી હોય એવી વ્યક્તિ ઘરમાં આવે છે, ત્યારે જે ખુશીની લહેર સંપૂર્ણ વાતાવરણમાં દોડતી દેખાય છે, તે અન્ય અવસરોએ ક્યાં જોવા મળે છે ! કંઈક એવા જ દૃશ્યો અભિનવ વર્ષના આગમન વખતે નજરે પડે છે. તેનાથી મનમાં તરંગ, શરીરમાં સ્ફૂર્તિ, ક્રિયામાં ગતિ, વાણીમાં ઉલ્લાસ અને બુદ્ધિમાં સક્રિયતાનો જે નવીન ઉદય થાય છે, તેને વસંતમાં પાનખર પછી વનસ્પતિઓમાં નીકળતા નૂતન કળીઓની સંજ્ઞા આપી શકાય છે.

એને સૃષ્ટિક્રમનું એક આશ્ચર્ય જ કહેવું જોઈએ કે અહીં કોઈને પણ પુરાતનતાનો ભાર લાંબા સમય સુધી વહન કરવો પડતો નથી. આ સંદર્ભમાં પરમાત્માએ દરેક પ્રાણીનો ખ્યાલ રાખ્યો છે. મરઘામાં કલગી, હાથીના દાંત, સાપની કાંચળી વગેરે આ પરિવર્તનનાં ઉદાહરણો છે. અંતે શારીરિક અશક્તિ આવી જાય છે ત્યારે જીવાત્માને તેનાથી પણ મુક્ત કરી નવું ક્લેવર પ્રદાન કરવામાં આવે છે. લાંબા સમય સુધી એક જ સ્થિતિમાં અને દેહમાં રહેવાને કારણે જે એકરસતા ઉત્પન્ન થાય છે, તેને દૂર કરવા માટે જ ઈશ્વર દ્વારા નિર્ધારિત વ્યવસ્થા અંતર્ગત આવું થાય છે.

નવીનતા જ જીવન છે. એમાં ગતિ, પ્રાણ અને પ્રેરણા છે. પ્રાચીનતા તો દરેક ઠેકાણે ઠોકરો ખાય છે અને તેને ધુત્કારવામાં આવે છે. નવવર્ષને આ સંદર્ભમાં જ જોવું જોઈએ તથા તેમાંથી નવી પ્રેરણા લઈને દરેકે પોતાનું જીવન સફળ અને સમૃદ્ધ બનાવવામાં લાગી જવું જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# શ્રી સત્યનારાયણ વ્રત કથા

# સત્યના શરણે સુખ અને શાંતિ

વર્ણાશ્રમ વ્યવસ્થા ભારતીય સંસ્કૃતિની પ્રાકૃતિક અને સામાજિક વ્યવસ્થા છે. ચાર વર્ણો ભગવાનની ચાર ભુજાઓ જેવા છે. બ્રાહ્મણનું કામ અજ્ઞાનને દૂર કરવાનું છે. ક્ષત્રિયનું કાર્ય અત્યાચાર, અન્યાયની સમાપ્તિ કરવાનું છે. જે સમાજમાં સાધનોના અભાવને દૂર કરે, જે સમાજની અનાજ, દૂધ, કાપડ વગેરે જેવી આવશ્યક્તાઓને પૂર્ણ કરવાની વ્યવસ્થા કરે, તે વૈશ્ય છે. જે શ્રમ કરે છે, કામ કરે છે તે શ્રમિક છે. આ ચાર વર્ણો થયા. ચાર આશ્રમો પણ છે. પહેલો બ્રહ્મચર્યાશ્રમ - જેમાં બ્રહ્મચર્યનું પાલન કરવું અને વિદ્યાધ્યયન કરવું. બીજો ગૃહસ્થાશ્રમ - જેમાં યુવાન થયે લગ્ન કરવાં તથા પરિવારના પાલનપોષણની વ્યવસ્થા કરવી. ત્રીજો આશ્રમ છે વાનપ્રસ્થાશ્રમ. પચાસ વર્ષની ઉંમર પછી વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશી સમાજની સેવા કરવા માટે ભ્રમણ કરવું. છેલ્લો સંન્યાસાશ્રમ, જેમાં પંચોતેર વર્ષની અવસ્થા પછી વધુ હરીફરી શકાતું નથી ત્યારે એક કુટીર બનાવી એમાં રહેવું અને સમાજની સેવા કરવી. વર્તમાન પરિસ્થિતિઓમાં વાનપ્રસ્થ અને સંન્યાસને એક જ આશ્રમ બનાવી દેવામાં આવ્યા છે.

સત્યનારાયણની કથામાં ચારેય વર્ણોનાં કર્તવ્યો બતાવવામાં આવ્યા છે. બ્રાહ્મણ કર્તવ્ય બતાવ્યું છે કે એણે ભિખારી ન બનવું જોઈએ. સમાજને જાગૃત કરવો જોઈએ. બ્રાહ્મણ જ્યાં હોય છે ત્યાં આખો સમાજ જાગૃત થાય છે. જે સમાજને દિશા આપે છે, સમાજને કર્તવ્યનું જ્ઞાન આપે છે તે બ્રાહ્મણ છે. અભણ માણસ પણ ઈમાનદારીથી કોઈ કામ કરે તો તે ઉન્નતિ કરી શકે છે. એ કામ નાનામાં નાનું પણ હોઈ શકે છે. કથામાં રાજા ઉલ્કામુખ વિશે બતાવવામાં આવ્યું છે. તે સારાં કાર્યો કરતો હતો. ભજન-પૂજન પણ કરતો. સાધુ વાણિયાને તેણે એ જ શિખવાડ્યું હતું. દરેક વ્યક્તિએ પોતે સારાં કાર્યો કરવાં જોઈએ તથા બીજાઓને પણ સારાં કાર્યો કરવાની પ્રેરણા આપવી જોઈએ. જેઓ સ્વાર્થ સાથે પરમાર્થનું પણ ધ્યાન રાખે છે તેવા ગૃહસ્થો સુખી બની જાય છે.

રાજાએ જ્યારે સાધુ વાણિયાને સત્યનારાયણની કથા સંભળાવી, તો તે એ માર્ગે ચાલવા લાગ્યો અને સમાજ, દેશ, સંસ્કૃતિ તથા વિશ્વના હિતની પ્રવૃત્તિઓ કરવા લાગ્યો, તો એને સુખશાંતિ મળ્યાં અને એને ત્યાં સંતાન પણ થયું. જે પરોપકારને ભૂલી જાય છે, જે મનમાં આવે તેવું જ કરવા લાગી જાય છે, તે દુ:ખી થાય છે. એવી જ હાલત સાધુ વૈશ્યની હતી. આપણી પણ એવી જ હાલત છે.

જે પરમાર્થનું ધ્યાન રાખતો નથી, તેની જીવનનૌકા ડૂબી જાય છે. જે પોતાની મહેનત અને ઈમાનદારીની કમાણીનો એક અંશ સમાજ માટે વાપરતો નથી, તેની નૌકા સાધુ વાણિયાની નાવની જેમ ડૂબી જાય છે. આજે આપણી બધાની જીવનનૌકા પણ ડૂબી રહી છે અને કેદમાં પડ્યા છીએ. જે ભૂલ સાધુ વૈશ્યે કરી હતી તે જ આપણે પણ કરી રહ્યા છીએ. ભૂલ સુધારી શકાય છે. પહેલી વાર સાધુ વૈશ્યે ભૂલ સુધારી લીધી તો તે સાચા માર્ગે વળ્યો હતો અને તેને સુખશાંતિનું જીવન પાછું મળી ગયું હતું. આપણે પણ આપણી પોતાની ભૂલ સુધારી લઈએ તો સુખમય જીવન વ્યતીત કરી શકીએ છીએ. આપણું ચિંતન જેવું બદલાય અને સન્માર્ગે ચાલવા લાગીએ કે આપણું જીવન સુખી થઈ જાય છે.

સૂતજી કહેવા લાગ્યા કે હે મુનિઓ, હું આગળની કથા સંભળાવું છું. તે ધ્યાનથી સાંભળો. તુંગધ્વજ નામનો એક રાજા હતો. એકવાર તે રાજ્યનું નિરીક્ષણ કરવા નીકળ્યો. રાજાએ વડના ઝાડ નીચે ગાયો ચરાવનાર ગોવાળિયાઓને ભેગા થયેલા જોયા. તેઓ શ્રી સત્યનારાયણની કથા કરી રહ્યા હતા. દરેક ધનવાનનું કર્તવ્ય છે કે તે સારાં કાર્યો માટે દરેકને સહકાર આપે. જ્યાં સારાં કાર્યો થઈ રહ્યાં હોય તેનાથી જે દૂર ભાગે છે, તે પાપ કરે છે. ગોવાળિયાઓએ રાજાને આયોજનમાં સામેલ થવા અને પ્રસાદ ગ્રહણ કરવા આમંત્રણ આપ્યું. રાજાએ વિચાર્યું કે, હું તો મોટો માણસ છું. હું આ લોકોના આયોજનોમાં શા માટે જાઉં ? આમ વિચારીને તેણે ગોવાળિયાઓનો તિરસ્કાર કર્યો અને અહંકારમાં આવીને આમંત્રણનો અસ્વીકાર કર્યો. સારાં કાર્યો કરનાર લોકોનો તિરસ્કાર કરવાથી ભગવાન નારાજ થઈ જાય છે. ખરાબ કાર્યોમાં અસહયોગ કરવાથી ભગવાન પ્રસન્ન થાય છે. સારાં કાર્યથી વિમુખ થવાના કારણે રાજા ઉપર વિપત્તિ આવી.

માત્ર પોતાનું જ સંભાળીને બેસી રહેવું તે નીચ લોકોની વૃત્તિ છે. સમાજની બુરાઈઓને દૂર કરવી જોઈએ. જેઓ સમાજની બુરાઈઓ જોઈને પણ મૂક બની બેસી રહે છે,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેમનાથી ભગવાન નારાજ થઈ જાય છે. તેમની દુર્ગતિ થાય છે. રાજાની પણ એવી જ દશા થઈ. એની રાજ્યવ્યવસ્થા બગડી ગઈ. કુટુંબમાં ક્લેશ, ઈર્ષ્યા, આળસ, પ્રમાદ વગેરે દુર્ગુણો ભરાઈ ગયા.

સિકંદરે અન્ય રાજાઓને મારી નાખીને કેટલું બધું ધન ભેગું કર્યું હતું ! મરતી વખતે તેણે કહ્યું કે હું બધું ધન મારી સાથે લઈ જઈશ. બધાને લાગ્યું કે તે પાગલ થઈ ગયો છે. પાગલ જેવી વાતો કરે છે. શું કોઈ મરતી વખતે પોતાની સાથે કશું લઈને જાય છે ? ધન સાથે લઈ જવાનું હોય તો ધર્મ માટે, લોકકલ્યાણ માટે, સમાજસેવા માટે વાપરો. આપણા દેશનું નાણું વિદેશમાં ચાલે તે માટે તેને વિદેશી મુદ્રામાં ફેરવી લેવામાં આવે છે. તેવી જ રીતે જ્યારે આપણાં સત્કર્મો આ ધનને પણ ધર્મના માધ્યમથી બદલી નાખે છે, ત્યારે સાથે જાય છે. આત્મા સાથે ધન જતું નથી. સિકંદર એ ધનને ધર્મમાં બદલી શક્યો નહોતો, તેથી એ ધન એની સાથે ન ગયું. આપનું ધન પણ અહીં જ રહેશે. ચોર લઈ જશે, દીકરો કે જમાઈ લઈ જશે. માણસ ઘણું કમાય છે, પરંતુ એક પૈસો પણ કામમાં આવતો નથી. વૃદ્ધાવસ્થા આવે છે ત્યારે છોકરા પાસે પૈસા માગવા પડે છે. છોકરો નાખુશ થઈને થોડા પૈસા આપે છે. દીકરો બાપનું બધું ધન લઈ લે છે, પરંતુ જ્યારે દીકરો બાપની વિરુદ્ધ થઈ જાય છે, ત્યારે બધું જ ધન ખતમ થયું એમ સમજો. મા કહે છે, મારે સંતાન ન થયું હોત તો સારું. જે સાથ આપતો નથી એવો પુત્ર હોય તો પણ શું અને ન હોય તો પણ શું ? રાજા તુંગધ્વજની પણ આવી જ હાલત થઈ.

મહર્ષિ કર્વે પ્રોફેસર હતા. એમણે રાજીનામું આપીને બાકીનું જીવન વિધવાઓની સેવા માટે શિક્ષણ અને સ્વાવલંબનની યોજના બનાવીને સમાજસેવામાં ગાળ્યું. રાજીનામું આપ્યા બાદ એમને ચાર હજાર રૂપિયા પ્રોવિડન્ટ ફંડ મળ્યું હતું. મોટા દીકરાએ મેટ્રિક પાસ કરી લીધું હતું. તો કર્વેએ તેને કહ્યું કે તમારો ધંધો શોધી લો. હું ઉધાર આપી શકું, પણ દાન નહીં આપું. પાલનપોષણ કરવાની પિતાની ફરજ છે. મહર્ષિ કર્વેએ તેને ઉધાર પૈસા આપ્યા. થોડા સમય બાદ મહર્ષિ કર્વેએ તેને ઉધાર લીધેલા પૈસાની યાદ આપી અને ઉઘરાણી શરૂ કરી દીધી. મોટા દીકરા પાસેથી પચાસ રૂપિયાનો હપ્તો આવતો. નાના દીકરાને તેઓ પચાસ રૂપિયા આપી દેતા હતા. આ રીતે તેઓએ નાના દીકરાને એમ.એ. સુધી ભણાવ્યું. ભણવા માટે ઉધાર તરીકે પૈસા આપતા હતા, જે નોકરીમાં લાગી જતાં પાછા લેતા રહ્યા. ત્રીજાને પણ આ રીતે જ ભણાવ્યું. ચાર હજાર રૂપિયા પણ ન ખર્ચાયા અને બધા છોકરાઓનું શિક્ષણ પણ પૂરું કર્યું. એ બધાને પોતાના પગ પર ઊભા થવાનું શિક્ષણ પણ મળ્યું.

જે મનુષ્ય ભગવાનના માર્ગે ચાલતો નથી, તેનું ધન નષ્ટ થઈ જાય છે. વાસના, તૃષ્ણા, અહંકાર વગેરેથી જકડાયેલા લોકો દુઃખ ભોગવે છે. માત્ર તુંગધ્વજના જીવનની જ નહીં, આપણા બધાના જીવનની કહાણી પણ એવી જ છે. જેમની બુદ્ધિ હલકી વૃત્તિ તરફ વળેલી છે, તેમને દુઃખ જ દુઃખ મળવાનું છે. અહંકારી વ્યક્તિ મનુષ્ય હોય કે પછી રાજા હોય, દુઃખ તો મળશે જ. સત્યનારાયણ ભગવાન સત્યના માર્ગે ચાલનારને પ્રેમ કરે છે. જેઓ કુમાર્ગે ચાલે છે તેઓ ગમે તેટલું ભજનપૂજન કરે, પૂજાપાઠ કરે, શિવજીને અભિષેક કરે, બધું બેકાર છે. શંકર ભગવાનની પૂજા કરીએ તો તેમના જીવનદર્શનને જીવનમાં ધારણ કરવું જોઈએ. શિવજીની જ્ઞાનગંગા આપણા જીવનમાં આવવી જોઈએ. શંકરજી ગળામાં સાપ લપેટીને રાખે છે, વિષ પીએ છે, ક્રોધ, દ્વેષ, દુર્ભાવ વગેરેને પી જાય છે. તેથી જ તેઓ નીલકંઠ બની ગયા. શંકરજી તેમના ગણોમાં ભૂતપ્રેતોની ભરતી કરતા હતા. બળવાનો તો ઘણા હતા, પરંતુ એમની ભરતી ન કરી. ભૂતપ્રેત, દૂબળાં-પાતળાં, લૂલાં-લંગડાં, તિલક કરનારા, ન કરનારા સૌને પોતાના સ્વજન માનીને ચાલતા. જેઓ પછાતોને સાથે લઈને ચાલે છે, સૌને પોતાના કુટુંબી માને છે, તેઓ શંકરજીને વહાલાં હોય છે. શંકરજીની પૂજા કરવી હોય, તો કલ્યાણકારી બનો. પોતાનો લોભ, મોહ અને અહંકાર ખતમ કરી દો. શિવજીનું ત્રિશૂળ આ ત્રણેય પાપવૃત્તિઓ સામે લડવાની પ્રેરણા આપે છે.

શંકર ભગવાન ઉપર બીલીપત્ર ચઢાવીએ છીએ, પરંતુ તેમની આજ્ઞા માનતા નથી. ભગવાન તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારાઓ પર નારાજ થઈ જાય છે. નિયમ ન માનનારાઓ પર બધાને ગુસ્સો આવે છે. નિયમનું પાલન કરનાર પર સૌને પ્રસન્નતા થાય છે. ઠોકર વાગે છે ત્યારે અક્કલ આવે છે.

કુંતીએ કહ્યું હતું કે હે ભગવાન ! મને જીવનમાં દુઃખ જ આપતા રહો કારણ કે સુખમાં મનુષ્યને અહંકાર અને ઘમંડ આવી જાય છે, તે બધું ભૂલી જાય છે. દુઃખમાં મનુષ્ય પાપ-પુણ્યનું ધ્યાન રાખે છે. તેથી જ કુંતીએ કહ્યું હતું કે મને દુઃખી રાખજો, જેથી તારી યાદ આવતી રહે. એ જ રીતે તુંગધ્વજ રાજાને દુઃખમાં યાદ આવ્યું કે હું ગોવાળિયાઓનો પ્રસાદ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છોડીને આવ્યો હતો. રાજાએ ભૂલ સુધારી લેવાનું વિચાર્યું. ભગવાન કોઈને માફ કરતા નથી. બધાને પ્રાયશ્ચિત્ત કરવું પડે છે. ખાડો ખોદ્યો હોય તો પૂરવો જ પડે છે. ગંદકી કરી હોય તો તે સાફ કરવી પડે છે. સાયકલથી તમારો પગ ભાંગ્યો હોય તો ઈલાજ કરવો જ પડશે. પ્રાયશ્ચિત્ત માટે એવું કાર્ય કરો કે જેથી કરવામાં આવેલ ભૂલની ક્ષતિપૂર્તિ થઈ જાય. મનુષ્ય પોતે જ પોતાનો મિત્ર છે અને શત્રુ પણ છે. તમે તમારા આત્માનું પતન થવા દેશો નહીં. પોતાની જાતને સુધારી લો, મુશ્કેલી આપમેળે દૂર થઈ જશે. આ જ વાત ગોવાળિયાઓએ રાજાને કહી. આ વાત પંડિતોએ કહી નહતી. પંડિતોએ કહ્યું કે ગંગાજીના દર્શન કરવાથી સો જન્મોનાં પાપ નષ્ટ થઈ જાય છે, ગંગાજળ પીવાથી બસો જન્મોનાં પાપ દૂર થઈ જાય છે અને ગંગાસ્નાન કરવાથી એક હજાર જન્મોનાં પાપ ધોવાઈ જાય છે, પરંતુ આ રીતે પાપ ધોવાતાં નથી. જૂઠા લોકો બહેકાવતા રહે છે અને દુનિયામાં બેઈમાની થતી રહે છે. ગોવાળિયાઓએ વાસ્તવિકતા જાણી લીધી હતી. એમણે કહ્યું કે આપ આપના વિચારો બદલી નાખો.

જો આપ દુ:ખોથી મુક્ત થવા માગતા હો તો આપની અંદર જે દુર્ગુણો ભરેલા છે તેમને દૂર કરો. વાસના, તૃષ્ણાને દૂર કરો. ભગવાન તમારી બધી જ મનોકામનાઓ પૂરી કરી દેશે, પરંતુ પહેલાં પાપોને મિટાવી દો, દુર્ગુણોને છોડી દો. ગોવાળિયાઓ રાજાને કહી રહ્યા છે કે સત્યના માર્ગે ચાલનારનાં કષ્ટો આપોઆપ દૂર થઈ જાય છે. રાજાએ સત્યનું જ્ઞાન સાંભળ્યું અને તેનું મનન કરી જીવનમાં ઉતાર્યું. રાજાનું જીવન પરોપકારી, સત્યભાષી અને પ્રિયભાષી બની ગયું. તુંગધ્વજ ભગવાનના શરણે થયો, તો એને બધો વૈભવ મળી ગયો. ગોવાળિયાઓએ જે જ્ઞાન આપ્યું તે સાંભળીને રાજાની આંખો ખૂલી ગઈ. એણે પોતાનું જીવન બદલી નાખ્યું તો તેને સુખશાંતિની પ્રાપ્તિ થઈ ગઈ. સત્યની ઉપાસના એ જ ભગવાનની સેવા છે. અધ્યાત્મ દ્વારા બધી કામનાઓ પૂર્ણ થાય છે. બધાં જ આપણાં સ્વજન બની જાય છે.

સ્વામી વિવેકાનંદ, દયાનંદ અને રામકૃષ્ણ પરમહંસને કોઈ સંતાન નહોતું. છતાં તેમનું કુટુંબ કેટલું વિશાળ હતું ! ગાંધીજીનું કુટુંબ કેટલું વિશાળ હતું ! લાખો લોકો એમની સાથે હતા. શું પોતાનાં જ છોકરાં હોવાં જરૂરી છે ? ભગવાનના રસ્તે, સત્યના માર્ગે ચાલનાર ક્યારેય ગરીબ હોતો નથી.

સત્ય મુક્તિ આપનારું છે. સત્યની ઉપાસનાથી ધન-ધાન્ય, પુત્ર બધું જ મળી જાય છે. ખેતરમાં બીજ વાવશો, તો પેદાશ થશે, આપનું પેટ ભરાશે. ભગવાનની કૃપા મેળવવાની ઇચ્છા હોય તો સત્યનો માર્ગ અપનાવો. સત્યનારાયણની કથા આપણને જીવનમાં સત્યનો માર્ગ બતાવે છે.

સત્યવ્રતી આ સંસારમાં ઇચ્છિત ફળ પ્રાપ્ત કરી અંત સમયે વિષ્ણુલોકમાં સ્થાન મેળવે છે, એમાં કોઈએ શંકા કરવી ન જોઈએ. સત્યનારાયણનું વ્રત લેવાથી બંધનોમાંથી મુક્તિ મળી જાય છે.

♦ ♦ ♦ ♦ ♦

**સાધુ આત્માનંદની ઝૂંપડી ગામની પાસે જ હતી. લગભગ દરરોજ સાંજે ગામના લોકો તેમની પાસે જતા અને ધર્મ-ચર્ચાનો લાભ પ્રાપ્ત કરતા. જ્યારે સંધ્યા ભજનનો સમય થતો ત્યારે, ગામના બે નટખટ છોકરાઓ આવી ચઢતા અને કહેતા, મહાત્મા ! આપની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવા આવ્યા છીએ, પછી ગપ્પાં મારવાનાં શરૂ કરતા. વચ્ચે વચ્ચે સાધુ ખીજાય, ગુસ્સે થાય તેવી વાતો પણ કરતા રહેતા. તેમને તો મનોરંજન મળતું, પરંતુ આત્માનંદનો ભજન-પૂજનનો સમય વહી જતો. આ ક્રમ મહિનાઓ સુધી ચાલતો રહ્યો, પરંતુ સાધુ એક દિવસ પણ ગુસ્સે ન થયા. બાળકોની સાથે વાત કરતાં કરતાં પોતે પણ હસતા રહેતા.**

**ઘણા દિવસો પછી પણ જ્યારે તે નટખટ છોકરાઓ તેમને ગુસ્સે ન કરી શક્યા ત્યારે બંનેને પોતાની જાત ઉપર ક્ષોભ થયો. તેમણે ક્ષમા માગતાં પૂછયું, ''મહાત્મા ! અમે જાણી જોઈને તમને ગુસ્સે કરવાનો પ્રયત્ન કર્યો, છતાં પણ તમે ક્યારેય ગુસ્સે ન થયા, ન ખીજાયા.'' આત્માનંદ હસતાં હસતાં બોલ્યા, વત્સ ! જો હું જ ગુસ્સે થાઉં, તો તમને સૌને શીખવી શું શકું ?**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# શાહ નહીં શહેનશાહ

દુષ્કાળ ભયાનક હતો. સમગ્ર શિરોહી રાજ્ય આની વ્યથાથી અસર પામેલું હતું. શિરોહી નરેશ પોતાના સંપૂર્ણ પ્રયત્નો-પ્રયાસો કરવા છતાં પોતાની પ્રજાની રક્ષા કરવામાં પોતાને અસમર્થ અનુભવી રહ્યા હતા. તેમણે પોતાનું બધું જ ભેગું કરેલું ધન રાહત કાર્યમાં વાપરી નાંખ્યું, છતાં પણ દુષ્કાળ રાહત કાર્ય પૂર્ણ થતું ન હતું. થોડા જ સમયમાં રાજ્યનો ખજાનો ખાલી થઈ ગયો. દુષ્કાળ ભયંકર હતો, હજુ તો સમય પણ ઘણો બાકી હતો. વિચારમાં ડૂબેલા નરેશ નિરાશ થવા લાગ્યા.

તેમણે અંતિમ ઉપાય સમજીને પોતાના રાજ્યના બુદ્ધિજીવી, વિચારશીલ નાગરિકોની સભા બોલાવી. સભામાં દુષ્કાળ રાહત કાર્યના વિષયમાં ચર્ચા થવા લાગી. લોકો જુદા જુદા ઉકેલ-સમાધાન રજૂ કરી રહ્યા હતા, પરંતુ રજૂ કરવામાં આવતા દરેક સમાધાન ધનના અભાવે પોતે જ મહાપ્રશ્ન બની રહેતા હતા. ધન ક્યાંથી લાવવામાં આવે ? ધનપ્રાપ્તિનો ઉચિત ઉપાય શો ? એક અનુભવી વિચારશીલ, વયોવૃદ્ધ નાગરિક સંકોચપૂર્વક બોલ્યા, ''અન્નદાતા, આ સવાલનો ઉત્તર અમારી પાસે છે. જો અનુમતિ હોય, તો પ્રસ્તુત કરવાનું સાહસ કરું.''

સિરોહી નરેશને તો જાણે પ્રાણ મળ્યા, તેમણે કહ્યું કે नेकी और पूछ-पूछ, આપ અવશ્ય કહો. નરેશના પ્રોત્સાહનપૂરક શબ્દો સાંભળી વૃદ્ધે કહેવાનો પ્રારંભ કર્યો, નંદીવર્ધનપુરના જગતશાહ ઝાંઝડવાળા ઘણા જ ધનવાન તેમજ ધર્માત્મા છે. આ કાર્યમાં અવશ્ય સાથ આપી શકે છે, પરંતુ આને માટે રાજ્યએ પોતે તેમને યાચના કરવી પડશે. વૃદ્ધનો આ ઉકેલ ઘણાંબધા સભાસદોને ન રુચ્યો. તેઓ વિચારવા લાગ્યા કે શું રાજા પોતે જ કોઈ પ્રજાજન સામે યાચક બને તે યોગ્ય છે ? સભામાં એક પળ માટે સન્નાટો છવાઈ ગયો.

પરંતુ શિરોહી નરેશ પ્રજાવત્સલ હતા. તેમણે દરેકનો સંકોચ દૂર કરતાં કહ્યું, આમાં મારા અપમાનની કોઈ વાત નથી. શાહ ધર્મપ્રાણ વ્યક્તિ છે. તેમની સામે કોઈ લોકહિતના કાર્ય હેતુ માગવામાં શરમ કેવી ? જો શાહની સામે હાથ ફેલાવવાથી રાહત કાર્ય પૂર્ણ થઈ જાય, તો આના કરતાં વધારે સારી વાત બીજી શી હોઈ શકે ? જો મારા નિવેદન ઉપર શાહજી પ્રજાની ભલાઈનું કાર્ય કરે અને પ્રજાની રક્ષા થઈ જાય, તો આનાથી વધારે મારે માટે સૌભાગ્યની વાત કઈ ? પોતાના આ કથનને ક્રિયા રૂપમાં પરિણત કરતાં શિરોહી નરેશે મહામંત્રી તરફ જોયું અને બોલ્યા, મંત્રી મહોદય ! આપ હમણાં જ નંદીવર્ધનપુર ગામ જાવ અને જગતશાહ ઝાંઝડવાળાને માનસહિત દરબારમાં ઉપસ્થિત થવાનો સંદેશો પહોંચાડો. રાજ આજ્ઞાને શિરોધાર્ય કરીને મંત્રીમહોદય તુર્તજ પોતાના રાજકર્મચારીઓની સાથે નંદીવર્ધનપુર જવા રવાના થઈ ગયા.

પોતાની યાત્રા પૂરી કરીને રાજ્ય કર્મચારી તેમજ મંત્રી મહોદય નંદીવર્ધનપુર ગામના ચોતરે આવીને ઊભા રહ્યા અને ગ્રામજનોને શાહના નિવાસનું ઠેકાણું પૂછ્યું. ગ્રામજનોએ બતાવ્યું, સામે જે હવેલી દેખાય છે, તે જ ઝાંઝડવાળા શાહનું મકાન છે. મંત્રી મહોદય તેમજ રાજ્ય કર્મચારીઓએ શાહની હવેલી આગળ પહોંચીને જોયું કે એક હૃષ્ટ-પુષ્ટ વ્યક્તિ ત્યાં પશુશાળાની સફાઈ કરી રહી છે. તેણે અડધી બાયનું ખાદીનું પહેરણ અને ખાદીનું ધોતિયું પહેરેલાં છે. મંત્રીએ મનોમન વિચાર્યું કે નક્કી આ શાહનો ગોવાળ હશે. જે અત્યારે પશુશાળાની સફાઈ કરી રહ્યો છે. મંત્રીએ તેને પોતાની નજીક બોલાવ્યો અને દમામભર્યા સ્વરે કહ્યું, એ મજૂર ! જઈને શાહ સાહેબને કહે કે શિરોહી રાજ્યના મંત્રી તેમજ રાજ્ય કર્મચારી આપને મળવા આવ્યા છે અને તેમને દરબારે યાદ કર્યા છે. શાહે મંત્રી મહોદયને ઓળખી લીધા, પરંતુ આ ઓળખને પોતાના મનમાં જ રાખતાં તેમણે કહ્યું, અન્નદાતા, હું હમણાં જ શાહને આપના આવવાના સમાચાર આપું છું. આપ સૌ હવેલીના બેઠકખંડમાં બિરાજો. મંત્રી મહોદય તથા રાજ્ય કર્મચારી ગણ એક નોકરના સદ્‌વ્યવહારથી ખુશ થઈ ગયા. તેમને લાગ્યું, વાસ્તવમાં શાહના નોકરોનો વ્યવહાર ઘણો જ સારો છે.

આ સૌને ઉચિત સ્થાને બેસવાનું કહીને તે પોતે અંદર ગયા અને ચોખ્ખો-વ્યવસ્થિત પોશાક પહેરીને મંત્રી મહોદય સમક્ષ ઉપસ્થિત થઈ ગયા. ઘણા જ વિનમ્રભાવથી બોલ્યા,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

''માલિક ફરમાવો ! દાસ હાજર છે. આપને અહીં સુધી, આ દાસની કુટિયા સુધી પધારવાનું કષ્ટ શા માટે લેવું પડ્યું ? આપ સંદેશો કહેવડાવી દેત, તો હું સ્વયં આપની સેવામાં ઉપસ્થિત થઈ જાત. નરેશ કુશળ તો છે ને ! આપ મારા માટેનો તેમનો હુકમ જણાવો. સેવકને માટે તેમનો શો સંદેશો લઈને આવ્યા છો ?''

શાહ સાહેબની વિનમ્રવાણી સાંભળીને અને તેમના ચહેરા તરફ જોતાં મંત્રી મહોદયને ભારે અચરજ થયું કે અરે, આ તો એ જ મજૂર છે, જે શાહની પશુશાળામાં સફાઈ કરતો હતો. તેમને લાગ્યું ક્યાંક મને ભ્રમ તો નથી થતો ને. જિજ્ઞાસાની પૂર્તિ માટે મંત્રી મહોદયે ધીરે રહી શાહને પૂછ્યું, મજૂરના રૂપમાં પશુશાળામાં......

એ હું જ હતો. શાહ હસતાં હસતાં કહેવા લાગ્યા, મંત્રીજી ! આપણે કામ ન કરીએ અને આરામને મોટો માનીએ, તો એ તો આપણો ભ્રમ છે. કામ તો પૂજા છે. પછી કોઈ કામ નાનું હોતું નથી.

મંત્રી મહોદય થોડીકવાર સુધી શાહને ઘણા જ વિસ્મયથી જોતા રહ્યા. તેઓ કંઈ પણ બોલી ન શક્યા. પછી અચકાતાં અચકાતાં બોલ્યા, રાજ્યમાં દુષ્કાળ પડ્યો છે. નરેશ દ્વારા પોતાનો સમગ્ર ખજાનો પ્રજાજનોની સેવામાં લગાવી દીધો છે અને...... વચમાં જ શાહે મંત્રીજીને કહ્યું, શિરોહીનરેશે આપને મારી પાસે કંઈક સહયોગને માટે મોકલ્યા છે ? મંત્રી મહોદયે માથું હલાવી સમર્થન આપ્યું. શાહે મંત્રી મહોદયને કહ્યું, મહારાજે આટલી નાની સરખી વાતને માટે આપને અહીં મોકલ્યા, આને માટે હું આપની તથા મહારાજની ક્ષમા માંગુ છું. આપ ત્યાં દરબારમાં બેસીને જ હુકમ ફરમાવી દેત, તો પણ આપનો આ સેવક તૈયાર હતો.

શાહ વિનમ્ર સ્વરે પોતાની વાત આગળ વધારતાં બોલ્યા, મારી પાસે જેટલું જે પણ કાંઈ છે, તે બધું જ રાજ્યનું તો છે. રાજ્યની જનતાને તેની ઉપર પૂરેપૂરો અધિકાર છે. હું આ દુષ્કાળના રાહતકાર્યમાં કામ આવી ન શકું, તો મારું જીવન જ બેકાર છે. હું હમણાં જ ધન-સુવર્ણ મુદ્રાઓની દરબારમાં મોકલવાનો પ્રબંધ કરું છું, અને જ્યાં સુધી મહારાજ તરફથી 'ના' નો સંદેશો નહીં મળે ત્યાં સુધી સુવર્ણમુદ્રાઓનાં ગાડાંઓ ભરેલી એક પછી એક બળદગાડાંઓ અહીંથી પ્રસ્થાન કરતાં રહેશે.

શાહ એક ક્ષણ રોકાઈને ફરી બોલ્યા, આ અપાર વૈભવ મારો નથી. વાસ્તવમાં ધન-સંપદા કોઈની પણ હોતી નથી. તે તો પ્રત્યેક જરૂરતમંદોની છે. જેની પાસે જે સંપત્તિ છે, તે તેનો માલિક નહીં સંરક્ષક માત્ર છે. તેનું કામ તો તેને જરૂરતમંદો સુધી પહોંચાડવાનું છે.

શાહે તે જ સમયે પોતાના કર્મચારીઓને આદેશ આપ્યો કે બળદગાડાંઓની વ્યવસ્થા કરો અને સુવર્ણમુદ્રાઓને ગાડાંઓમાં ભરીને જલદી રાજદરબારમાં પહોંચાડો અને જ્યાં સુધી મારો આદેશ ન આવે, ત્યાં સુધી નિયમિત ગાડાંઓ ભરીને મોકલવાનું ચાલુ રાખજો. શાહની વાતો સાંભળી મંત્રીના પગ નીચેથી જમીન ખસવા લાગી. તેઓ નિર્ણ કરી ન શક્યા કે આ શું કહી રહ્યા છે અને હું શું સાંભળી રહ્યો છું ! ક્યાંક આ સ્વપ્ન તો નથી ને ! આ તો શાહ નહી શહેનશાહ છે.

મંત્રી મહોદયે શાહ આગળ પોતાનું મસ્તક ઝુકાવી દીધું અને તેમની આજ્ઞા લઈને દરબાર તરફ ચાલી નીકળ્યા. શિરોહી નરેશના દરબારમાં જ્યારે તેમણે પોતાની યાત્રાનો આ અનુભવ વૃત્તાંત સંભળાવ્યો, તો શિરોહી નરેશ સહિત બધા જ એક સ્વરે બોલી ઊઠયા, ''શાહે સાચા અર્થમાં અર્થને અર્થવાન બનાવ્યો છે. તેમનું ધન પણ ધર્મની સાધના જ છે.''

✣ ✣ ✣

જાગરૂકતા અને પ્રખરતાનો એક અદ્દભુત સમન્વય અંગદના ચરિત્રમાં જોવા મળે છે. તે રાવણના દરબારમાં જઈ પહોંચ્યો અને તેની સાથે સાહસપૂર્વક વાર્તાલાપ કર્યો. રાવણના મિત્ર વાલિના પુત્ર હોવાના કારણે પ્રભુએ તેને દૂત રૂપે મોકલ્યો હતો. પરસ્પર ઉત્તેજક સંવાદ પછી જ્યારે રાવણ અંગદના પગને પણ હલાવી ન શક્યો, ત્યારે તે એક કૂટનીતિક ચાલ ચાલ્યો.

બોલ્યો, અંગદ જે રામે તારા પિતાને માર્યા, એમને જ તું સહાય કરી રહ્યો છે ? મારા મિત્રનો પુત્ર થઈને પણ તું મારી સાથે વેર બાંધી રહ્યો છે ? અંગદ હસ્યો અને બોલ્યો, રાવણ ! અન્યાયી સામે લડવું અને એનો વધ કરવો એ જ સાચો ધર્મ છે, ભલે પછી તે મારા પિતા હોય કે તમે પણ કેમ ન હો ? અંગદના આ તેજસ્વી શબ્દો સાંભળી રાવણ નિરુત્તર થઈ ગયો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સર્વજ્ઞ હોવાનો દાવો ન કરો, નથી જાણ્યું તેની શોધ કરો

માનવી બુદ્ધિ જે કાંઈ જુએ અને સમજે છે, તે અતિ અલ્પ છે. તેને અર્ધસત્ય કહેવું એ જ યોગ્ય ગણાશે. જો એમાં તથ્યોને સંપૂર્ણપણે જાણવાની, સમજવાની અને તેના જાણ્યા અજાણ્યા દરેક પક્ષને પારખવા જેટલું સામર્થ્ય રહ્યું હોત, તો એ જાણી શકાત કે અહીં સીધા ચાલવાથી જે ઊંધો ક્રમ દેખાય છે, તેને અપવાદ કહીને ટાળી ન શકાય. સહાયતા કરનારાઓને અસહયોગ જ અસહયોગ તથા પ્રેમ વહેંચનારાઓને ધૃણા જ ધૃણા બદલામાં મળતાં ઘણીવાર જોવા મળે છે. આ બધું એક વ્યવસ્થિત નિયમ અંતર્ગત થાય છે. એમાં ઊલટો નિયમ કે ઊંધા કાયદા જેવી કોઈ વાત નથી.

કેટલીક વાર પ્રયાસો અસફળ થવાની બાબતમાં પણ આવા અપવાદો સામે આવતા રહે છે. એક જ યોગ્યતા ધરાવનારા, એક જ માર્ગે ચાલનારા તેમજ એક જ ઉપાયનું અવલંબન લેનારા બીજા લોકો દરેક બાજી જીતતા અને સફળતા જ સફળતા પ્રાપ્ત કરતા જાય છે, જ્યારે પૂરી ઈમાનદારી અને સમજદારી સાથે કરવામાં આવેલા પોતાના પ્રયત્નો ખૂબ જ અલ્પ પરિણામ આપી શકે છે. ઘણીવાર તો ખૂબ જ નિરાશા હાથમાં આવે છે. જો પોતાની જ ભૂલને કારણે આવું થયું હોય, તો એ ભૂલ કઈ હતી ? જો હતી, તો શું તે જાણીજોઈને કરવામાં આવી ? આ પ્રશ્નો પર ઘણી શોધખોળ કરવા છતાં કોઈ એવાં તથ્યો સામે આવતાં નથી જેમને નિષ્ફળતાનું કારણ ગણાવી શકાય, ભૂલ માની શકાય તથા ભવિષ્યમાં તેને સુધારવા માટેના પ્રયાસો કરી શકાય. ઘણીવાર મનુષ્ય પોતે બિલકુલ નિર્દોષ હોય છે. પરિસ્થિતિઓ પણ એવી વિચિત્ર બની જાય છે કે કરવામાં આવેલ બધું જ નિરર્થક બની જાય છે. અતિવૃષ્ટિ, કમોસમી વરસાદ, તીડ, કીડા વગેરેને કારણે ખેડૂતે કુશળતાપૂર્વક કરેલો શ્રમ જ્યારે નિરર્થક બની જાય છે, ત્યારે એને સમજાતું નથી કે તેનાથી કઈ જગ્યાએ કઈ ભૂલ થઈ ? તેવી ભૂલ ફરી ન થાય, તે માટે એ કઈ સાવધાની રાખે ? આવા જ અસંખ્ય પ્રસંગો સામે આવતા રહે છે.

આ આકાંક્ષાઓ વચ્ચે જ ભાગ્યવાદનો ઉદય થાય છે. જે ઘટનાઓ માટે કાર્યકારણના સિદ્ધાંતમાં કોઈ બુદ્ધિગમ્ય વ્યાખ્યા સૂઝતી નથી, તેવા પ્રસંગોમાં મનને સમજાવવા માટે ભાગ્યનો એકમાત્ર વિકલ્પ જ બાકી રહી જાય છે, તેથી તેને દુર્ભાગ્યનો ખેલ સમજી સંતોષ માનવો પડે છે. જ્યારે પ્રયત્નો નિષ્ફળ થઈ જાય છે, અણધારી વિપત્તિઓ સામે આવે છે અથવા અસફળતા મળતાં-મળતાં તે માર્ગ બદલીને વીજળીની જેમ આશાની ચમક બતાવીને ખોવાઈ જાય છે ત્યારે એવું જ કહેવામાં આવે છે કે કદાચ ભાગ્યમાં લખાયું નહિ હોય. આંધળાને ખજાનો મળી જાય અને બધી રીતે સક્ષમ, યોગ્ય અને મહેનતુને કશું જ હાથમાં આવતું નથી ત્યારે પણ આવું જ કહેવામાં આવે છે. કેટલાય લોકોને એવી સફળતાઓ પ્રાપ્ત થાય છે કે જેનું શ્રેય કોઈ રીતે પુરુષાર્થને આપી શકાતું નથી. પૂર્વજોની અઢળક સંપત્તિ મળી જાય તો એમાં પ્રાપ્તકર્તાને તેનું શ્રેય ન આપી શકાય. લૉટરી લાગવા જેવી સફળતાઓમાં ક્યા કૌશલ્યની કે પુરુષત્વની પ્રશંસા કરી શકાય ? તેજી-મંદીના દોરમાં કેટલાય વ્યાપારીઓ જોતજોતામાં ન્યાલ થતા અને પાયમાલ થતા જોવા મળે છે. એમાં કોને મૂર્ખ અને કોને બુદ્ધિમાન કહી શકાય ? નદીમાં પૂર આવે છે. તે પૂરનાં પાણી ખેતરમાં ઘૂસી જઈને તેની આજીવિકા નષ્ટ કરી નાંખે છે, તો કોઈના ખેતરમાં ક્યાંકથી એવી ઉપજાઉ માટી લાવીને મૂકી દે છે કે તેની ઊપજમાંથી તે જોતજોતામાં અમીર બની જાય છે. નદી દ્વારા એકની ભૂમિનો નાશ કરવાને અને બીજાને સમૃદ્ધિનું વરદાન આપવાને શું કહી શકાય ? એનો દોષ કે શ્રેય કોને આપી શકાય ? તોફાન, વાવાઝોડામાં જેનું છાપરું ઊડી જાય અને ઘર તૂટી જાય, એમાં તેની કઈ ભૂલ ગણાવી શકાય કે ભવિષ્યમાં સાવધ રહેવાની સલાહ આપી શકાય ? સામાન્ય બુદ્ધિ કંઈ જ સમજી શકતી નથી અને તેને સંયોગ કે અપવાદ કહીને ટાળી દે છે. ઘણીવાર આવા પ્રસંગો ઘટતા જ રહે છે, જેમાં બુદ્ધિ ગૂંચવણમાં પડી જાય છે અને કોઈપણ જાતનો નિર્ણય કે નિષ્કર્ષ કરી શકતી નથી.

આવો જ એક પ્રસંગ મહાત્મા આનંદ સ્વામીએ તેમના પુસ્તક **'एक ही रास्ता'** માં વર્ણવ્યો છે. સન્ ૧૯૪૬ની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઘટના છે. બપોરનો સમય હતો. તે સમયે મુંગેર (બિહાર)ના લોકો ઘરમાં આરામ કરી રહ્યા હતા. ઘણા દિવસોથી ત્યાં ભૂકંપનાં હળવાં કંપનો થઈ રહ્યાં હતાં. કંપનો મંદ હોવાથી લોકો એ તરફ બેધ્યાન રહ્યા અને સુરક્ષા માટેની કોઈ વ્યવસ્થા કરી નહતી. પ્રકૃતિ તરફથી સતત આપવામાં આવતી ચેતવણીની ઉપેક્ષા કરવાનો સામૂહિક દંડ આજે જ મળવાનો છે અને આજે જીવનનો આખરી દિવસ છે તેની કોને ખબર હતી ? આરામ કરવા માટે લોકો પથારીમાં પડ્યા જ હતા કે જોતજોતામાં દુકાનો-મકાનો ધરાશયી થઈ ગયાં. આ બધું એટલી શીઘ્રતાથી આંખના પલકારામાં થઈ ગયું કે લોકોને બહાર ભાગવાનો પણ મોકો ન મળ્યો. આખું નગર સ્મશાનમાં ફેરવાઈ ગયું. પહેલા અને બીજા દિવસે તો કેટલાક લોકો જીવતા અને ઘાયલ થયેલા નીકળતા રહ્યા, પરંતુ ત્રીજા દિવસથી લાશોની એવી લાઈન લાગી ગઈ કે પંદર દિવસ સુધી નીકળતી જ રહી. સ્મશાનનું સાકાર દશ્ય ઉપસ્થિત થઈ ગયું હતું.

કાટમાળની સફાઈ ચાલતી જ હતી અને તેની નીચે દબાયેલ મૃતકોની શોધ કરવામાં આવી રહી હતી. એક સ્થળે જ્યારે કામ ચાલી રહ્યું હતું ત્યારે સફાઈ કરનારા અચાનક ચોંકી ઊઠ્યા. નીચેથી વારંવાર એક સ્વર આવી રહ્યો હતો અને એમાં સાવધાનીથી ખોદવાની વિનંતી કરવામાં આવી રહી હતી. પંદર દિવસ સુધી જમીનમાં દબાયેલા રહેવા છતાં આ કોણ જીવિત રહ્યું છે. આ આશ્ચર્ય સાથે થોડી ક્ષણ માટે લોકો વિસ્મયથી ચકિત બની રહ્યા, પરંતુ સંકટની સ્થિતિનું ધ્યાન આવતાં જ વધુ તત્પરતા અને શીઘ્રતાથી કામગીરી કરવામાં આવી.

થોડા સમયની મહેનત બાદ ભારે લાકડાની પાટો અને તૂટી ગયેલી દીવાલો વચ્ચે વિશાળ કાટમાળ નીચેથી એક પ્રૌઢ વયની વ્યક્તિને બહાર કાઢવામાં આવી. તેની આસપાસ કેળાંની ઘણી છાલ પડી હતી. તેને જ્યારે સુરક્ષિત બચી જવા વિશે પૂછવામાં આવ્યું, તો એણે બતાવ્યું કે તે એક ફળ વેચનારો છે અને તેના પર જ તેનું ગુજરાન ચાલે છે. તે દિવસે કેળાંનો ટોપલો માથે લઈ એ મકાનના વરંડામાં તે ઊભો હતો કે અચાનક તીવ્ર કંપન સાથે છત તૂટી પડી અને તે કાટમાળની અંદર દબાઈ ગયો. ટોપલો એ રીતે ઊંધો વળ્યો કે બધાં કેળાં નીચે સુરક્ષિત પડી રહ્યાં અને તે પણ કંઈક એ રીતે દબાઈ ગયો કે કોઈપણ જાતની હાનિ તેને પહોંચી ન હતી. ધરતી ફરી એકવાર કંપી ઊઠી. તેની સાથે કોણ જાણે કઈ રીતે કાટમાળ વચ્ચે એક નાનકડું છિદ્ર પડી ગયું, જે હવા અને ગરમી આવવા માટે પર્યાપ્ત હતું. જીવન માટે હવે માત્ર પાણીની જ જરૂર રહી ગઈ હતી. દૈવયોગે પૃથ્વી ત્રીજી વાર ફરી કંપી ઊઠી અને તે વખતે મકાનની ફરસ તૂટી ગઈ તથા તેની સાથે જ પાણીની એક લહેર ત્યાં આવી અને પડેલો ખાડો તેનાથી ભરાઈ ગયો. છિદ્રમાંથી હવા અને ગરમી મળતી હતી. કેળાં તો પાસે જ હતાં જ. પરમાત્માએ પાણી પણ મોકલી આપ્યું.

એ આધારે તે પંદર દિવસ જીવતો રહ્યો. આજે છેલ્લો દિવસ હતો, જ્યારે બધાં કેળાં પણ ખતમ થઈ ગયાં હતાં. પાણી પણ બચ્યું નહોતું. પ્રકાશ આવવાનું પણ બંધ થઈ ગયું, પરંતુ આપ બધા જીવન-જ્યોતિ બનીને આવી ગયા, તેથી હું આપ સૌને ભગવાનની મદદ જ માનું છું. આટલું કહીને તેની આંખો ભીની થઈ ગઈ. ભગવાનને લાખ-લાખ ધન્યવાદ આપીને તે ત્યાંથી ઘરે જવા નીકળી પડ્યો.

એ સાચું છે કે આવા પ્રસંગો વારંવાર ઘટતા નથી, એ અપવાદ છે. આને સામાન્ય ક્રમ ન કહી શકાય, તેમ છતાં આ અપવાદો પણ સર્વથા અવગણવા જેવા નથી. એમનું કારણ પણ શોધવું પડશે. અતિશયોક્તિ ન સમજો અને પુરુષાર્થના સમર્થકોને ખોટું ન લાગે, તો નમ્રતાપૂર્વક કહી શકાય કે 'ભાગ્યનો ખેલ' ૩૦ ટકા ઘટનાઓમાં જ કામ કરી રહ્યો હોય છે. જોકે મહત્ત્વ તો કર્મનિષ્ઠાનું જ રહેશે અને ખુલ્લું સમર્થન તેને જ આપવામાં આવશે, છતાં આવાં અણધાર્યાં પરિણામોની બાબતમાં વિચાર તો કરવો જ જોઈએ.

વિજ્ઞાન કહે છે કે આ સંસારમાં પ્રકૃતિ વિરુદ્ધનું કશું જ થઈ શકતું નથી. ભૂકંપ, વીજળી પડવી, જ્વાળામુખી ફાટવો, તોફાન જેવી ઘટનાઓ સામાન્ય બુદ્ધિને આકસ્મિક લાગે છે અને તેમની પાછળ અવ્યવસ્થા દેખાય છે, પરંતુ વાસ્તવમાં એવું કશું જ હોતું નથી. તેની પાછળ પણ પ્રકૃતિના સૂક્ષ્મ નિયમો જ કામ કરે છે. એ નિયમોની સર્વસામાન્યને જાણકારી ન હોય અથવા એવી ઘટનાઓ અવારનવાર ઘટતી ન હોવાથી તે આશ્ચર્યજનક લાગતી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હોય એ વાત જુદી છે. સામાન્ય રીતે જે દશ્યો જોવા મળતાં નથી તેમને જ ચમત્કાર કહેવાય છે. જ્યારે પણ પ્રથમ વાર વિજ્ઞાનની શોધો થઈ ત્યારે એમને ભારે ચમત્કારના રૂપમાં જોવામાં આવી હતી. રેલ, ટેલિફોન, વીજળી, રેડિઓ, ટી.વી. વગેરે પૂર્વકાળમાં અપ્રચલિત શોધો સામે આવી, ત્યારે સામાન્ય બુદ્ધિ હતપ્રભ રહી ગઈ અને તેને જાદુ જેવી કરામત સમજવામાં આવી. પાછળથી જ્યારે વિજ્ઞાન અને તેની શોધો વિશેનું જ્ઞાન થયું તો બીજા ગ્રહોની યાત્રા, અણુશસ્ત્રો, રોબોટ અને કોમ્પ્યુટર જેવી આશ્ચર્યકારક ઉપલબ્ધિઓને પણ સામાન્ય માની લેવામાં આવી.

દુનિયામાં જાદુ જેવી કોઈ વસ્તુ નથી. લોકોની પારખી લેવાની ક્ષમતાને માત કરી શકવાની સફળતાનું નામ જ જાદુ છે. અધ્યાત્મક્ષેત્રે સિદ્ધિ અને ચમત્કારોનું ઘણું વર્ણન થતું રહે છે. તે જોઈને આશ્ચર્ય તો કરી શકાય, પરંતુ એમ માની ન શકાય કે તે આકસ્મિક છે અને તેની પાછળ પ્રકૃતિના સામાન્ય નિયમની પરંપરાનો હાથ નથી. એમાં અવ્યવસ્થા માટે લેશમાત્ર ગુંજાશ નથી. અહીં એવું કશું થઈ જ ન શકે જેને અઘટિત, અસંભવ કે ચમત્કારી કહી શકાય. જે આપણે નથી જાણતા તેને જ અપવાદ કહી શકાય છે. વાસ્તવમાં એ અપવાદો પાછળ પણ પ્રકૃતિનો પરિપૂર્ણ વ્યવસ્થાક્રમ કામ કરી રહ્યો હોય છે. આદિકાળમાં સૂર્ય, વીજળી, અગ્નિ, વરસાદ વગેરે તત્ત્વોને દેવતા માનવામાં આવતા હતા. તેમની માનતા માનવામાં આવતી અને બલિ પણ ચઢાવાતો હતો. ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણને કોઈ રાક્ષસી આક્રમણ માનવામાં આવતું હતું, પરંતુ હવે એવી વાત રહી નથી. વિજ્ઞાનની શોધોએ હવે એ પ્રમાણિત કરી દીધું છે કે એની પાછળ ખગોળીય કારણ છે અને એ બુદ્ધિગમ્ય પણ છે. અહીં અઘટિત કશું જ નથી. જે જાણવામાં આવ્યું નથી તેને જ અપવાદ કહેવાય છે. વાસ્તવમાં આ સૃષ્ટિમાં અરાજક્તા કે બાધા માટે ક્યાંય લેશમાત્ર ગુંજાશ નથી.

અજ્ઞાત કે અઘટિતને જ અપવાદ કહેવામાં આવે છે. વાસ્તવમાં અહીં યથાર્થવાદનું જ અસ્તિત્વ છે. અપવાદનો અર્થ એટલો જ છે કે જે આધારે એ અસામાન્ય ઘટનાક્રમ ઉત્પન્ન થયો, તેના વિશે આપણે કોઈ જ્ઞાન ધરાવતાં નથી. આમ અપવાદોની પરંપરા ચાલતી જ રહેશે, કેમ કે સામાન્ય વ્યવસ્થાની જ આપણને જાણકારી છે અને તેને જ જોવાની તથા સમજવાની ટેવ પણ છે. સૃષ્ટિના અજ્ઞાત નિયમોના આધારે જ્યારે પણ કંઈક અસામાન્ય ઘટશે, ત્યારે તેને અપવાદ કહી દેવામાં આવશે. પ્રકૃતિનાં રહસ્યો અનંત છે અને મનુષ્યની બુદ્ધિ અતિ અલ્પ છે. આવી સ્થિતિમાં અસામાન્ય તો ઘટતું જ રહેશે. ઉચિત એ જ છે કે એ વિશેનો આપણો પોતાનો દષ્ટિકોણ સ્પષ્ટ કરી લઈએ. આપણી સીમિતતા સ્વીકારી લઈએ અને દુવિધામાં પડીને તથ્યો સુધી પહોંચવાનો યથાસંભવ પ્રયત્ન કરતા રહીએ.

ભૂતકાળમાં દરેક અપવાદને દેવમાનવોનાં કાર્યો માનીને સમાધાન કરી લેવાની એક જ રીત અપનાવી લેવામાં આવતી રહી છે. ભાગ્યવાદ પણ કંઈક એવા જ પ્રકારનું દર્શન છે, જેમાં દેવતાઓ દ્વારા ભાગ્યનિર્માણની બાબત કહીને એક વિચિત્ર પ્રકારની ભ્રાંતિ ઉત્પન્ન કરવામાં આવી છે. વિચારશીલ વર્ગમાં અપવાદોને 'ચાન્સ', 'કોઈન્સીડન્સ', 'લક' વગેરે કહેવામાં આવે છે. એમાં અજ્ઞાતને અપવાદની માન્યતા આપવામાં આવી છે અને તેનું કારણ જાણતા ન હોવાથી તેને કોઈ દેવતાનો કોપ કે કૃપા કહીને એક નવો ભ્રમ ઘડવાની ચેષ્ટા કરવામાં આવી નથી. આ સમજદારીની નિશાની છે. સર્વજ્ઞ હોવાનો દાવો કરવો એ મિથ્યા ગર્વ છે. જે જ્ઞાત નથી તેને જાણવા માટે મગજને ખુલ્લું રાખવામાં આવે અને ધીરજથી રહસ્યોદ્‌ઘાટનનાં સૂત્રો શોધી કાઢવાના પ્રયાસો ચાલુ રાખવામાં આવે, એમાં જ બુદ્ધિમાની છે.

(સન્ ૧૯૭૮માં એક પ્રવચનમાં પૂજ્યવરે કહ્યું હતું, "હું કોણ છું, એ જણાવી દઉં તો અહીંથી હરકી પૌડી નહીં, દિલ્હી સુધી લાઈન લાગી જશે. મેં મારી પોતાની ઉપર એક સાધારણ ગૃહસ્થ બ્રાહ્મણનો પડદો નાંખી રાખ્યો છે. મારા માર્ગદર્શકે મને જે નિર્દેશ આપ્યો. એ જ મેં કર્યું છે.")



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ધર્મમાં વિવેકનો સમાવેશ અનિવાર્ય

પરમપૂજ્ય ગુરુદેવે બતાવ્યું કે ધર્મ તત્ત્વ ખૂબ જ ગૂઢ છે. તેના વાસ્તવિક સ્વરૂપને શુદ્ધ બુદ્ધિ અને હૃદય દ્વારા અનુભવી શકાય છે. ધર્મનું પ્રથમ ચરણ છે – સત્ય. આજે સત્ય વિશે લોકોની વિભિન્ન માન્યતાઓ છે. વેદાંત કહે છે કે ''બ્રહ્મ સત્યં જગત્ મિથ્યા ।'' એટલે કે બ્રહ્મ જ સત્ય છે. બ્રહ્મને સમર્પિત ભાવનાઓ, વિચારો અને ક્રિયાઓ જ સત્ય છે, કેમ કે એ જ વાસ્તવિક છે, વાસ્તવિકતા જ સત્ય છે તથા સાંસારિકતા સાથે જોડાયેલી જે વસ્તુઓ છે, તે બધી અસત્ય છે. સાંસારિકતા એટલે અજ્ઞાન, મોહ, ભ્રમ, સંશય, લિપ્સા, વાસના તથા તૃષ્ણાભરેલી જીવનવ્યવસ્થા. જો આપણે ધર્મને અપનાવવો હોય તો સૌપ્રથમ એ તથ્યને અનિવાર્યપણે સ્વીકારવું પડશે કે સત્ય જ ધર્મનો પ્રથમ આધાર છે. સત્યનો અનુયાયી આસ્તિક હશે, ઈશ્વરને માનશે, કર્મફળનો સ્વીકાર કરશે, પુનર્જન્મમાં માનશે, મર્યાદાઓનું પાલન કરશે, પાપોથી બચીને રહેશે. જે સત્યને મહત્વ આપશે તે આત્મા-પરમાત્માને મહત્ત્વ આપશે. ભગવાનને સત્યનારાયણ કહેવામાં આવે છે. સત્ય જ નારાયણનું સ્વરૂપ છે. સત્ય જ બધી રીતે પ્રાપ્ત કરવાયોગ્ય, પૂજવાયોગ્ય અને અપનાવવાયોગ્ય છે. સત્યની મહાનતા વિશે ઉપનિષદ કહે છે – સત્યમેવ જયતે. સત્યની મહાનતાને કબીર સરળ ભાષામાં વ્યક્ત કરે છે.

*સાંચ બરાબર તપ નહીં, જૂઠ બરાબર પાપ ।*
*જાકે હૃદય સાંચ હૈ, તાકે હૃદય આપ ॥*

જે જેવો છે તેને તેવો જ જાણવો એટલે સત્યને જાણવું. તેને તેવો જ માનવો એટલે સત્યને માનવું. તેને તેવો જ અપનાવવો તે સત્યને અપનાવવું. સત્ય ફક્ત વાણી દ્વારા બોલવા સુધી મર્યાદિત નથી. સત્યં બ્રુયાત, પ્રિયં બ્રુયાત । કહેવામાં આવ્યું છે કે સત્ય બોલવું જોઈએ, સચ્ચાઈનો વ્યવહાર કરવો જોઈએ. સચ્ચાઈની ભાવના તથા વિચારો રાખવા જોઈએ, સાથે જ જરૂર પડે ત્યારે સત્યનો પ્રયોગ વિવેક સાથે કરવો જોઈએ. ભ્રમ, સ્વાર્થ અને આગ્રહને સત્યનું સ્વરૂપ છુપાવનારાં ત્રણ આવરણો કહેવામાં આવ્યાં છે. ભ્રમ થઈ જાય ત્યારે દોરડું પણ સાપ જેવું દેખાય છે. સ્વાર્થ આવી જાય ત્યારે અસત્ય જ ગ્રહણ કરવાયોગ્ય લાગે છે. આગ્રહ રહે ત્યારે સત્યનો પ્રવેશ થઈ જ શકતો નથી. આ ત્રણ બાબતો સત્યપ્રાપ્તિમાં બાધક છે. ભ્રમની અંતર્ગત જાણકારીનો અભાવ, એકતરફી જાણકારી, ગેરસમજો તથા તત્કાળ આકર્ષણ વગેરે આવી જાય છે. સ્વાર્થમાં ઔચિત્ય છોડીને પોતાના-પારકાંનો ભાવ, વ્યાપક હિતના સ્થાને સીમિતનો લાભ, બીજાઓની પ્રતિભા જેવી વિભૂતિઓ પર પોતાની છાપ પાડવી વગેરેનો સમાવેશ થાય છે, જેને સંકુચિતતા પણ કહી શકાય. આગ્રહની અંતર્ગત પરંપરાવશ, અભ્યાસવશ, ભયવશ, પ્રમાદવશ કે અહંકારવશ બીજા પક્ષની અવગણના કરવાની પ્રવૃત્તિઓ આવે છે, એને દુરાગ્રહ પણ કહી શકીએ.

આ બધી સત્યથી દૂર રાખતી પ્રવૃત્તિઓ છે. સત્યને સાચી રીતે સમજવા, જાણવા માટે વિવેકની જરૂર પડે છે. વિવેક ધર્મનું બીજું તત્ત્વ છે, જેના સહારે સત્યને જાણવામાં તથા અપનાવવામાં આવે છે. માત્ર શબ્દોની સચ્ચાઈ એ છળ છે. એક ફળ વેચનારની દુકાન આગળ ત્રણ બદમાશ ઊભા હતા, એમાંથી એકે દુકાનદારને ખબર ન પડે એ રીતે એક ફળ ચોરી લીધું અને ચૂપચાપ તેના સાથીદારને આપી દીધું. પકડાઈ જવાના ભયથી એણે ત્રીજાને આપી દીધું. દુકાનદારે જ્યારે એમને સાચું બતાવવા માટે કહ્યું ત્યારે પહેલાએ કહ્યું, મારી પાસે ફળ નથી. બીજાએ કહ્યું, મેં ફળ ઉઠાવ્યું નથી અને મારી પાસે પણ નથી. ત્રીજાએ કહ્યું, મેં ફળ લીધું નથી. ત્રણે સાચું બોલી રહ્યા હતા, પરંતુ ત્રણેય જૂઠા હતા.

સૈનિક જો સુરક્ષા પ્રણાલીનાં ગુપ્ત સૂત્રો, સ્થળો વગેરે દુશ્મનને બતાવે તો એ વિવેકહીનતા જ ગણાશે. આવા કિસ્સાઓમાં સત્ય શ્રેયસ્કર ન થતાં ઘોર અહિત કરનારું બની જશે, જે યોગ્ય નથી. જેવું બોલવામાં આવે તેવું કરવામાં ન આવે, તેને જ પાખંડ કહે છે. જો ધર્મ અપનાવ્યો હોય તો સત્યને અપનાવવું પડશે અને સત્ય અપનાવવું હોય તો પાખંડ છોડવું જ પડશે. ગુરુદેવે કહ્યું છે, સત્ય અને વિવેકના મિશ્રણથી સમજદારીના ગુણો પેદા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

થાય છે. સમજદારી સાથે કરવામાં આવેલ કર્તવ્ય ધર્મ બની જાય છે. એક માણસ તેનાં ત્રણ બાળકોને કોઈ વિચારવાન વ્યક્તિ પાસે લઈ ગયો અને કહ્યું કે આ ત્રણેયનું ભવિષ્ય અને ગુણ બતાવો. એ વ્યક્તિએ ત્રણેને બબ્બે કેળાં આપ્યાં. એકે છાલ ઉતારીને સડક ઉપર ફેંકી દીધી, બીજાએ કચરાપેટીમાં નાખી દીધી અને ત્રીજાએ છાલ ઉતારીને ગાયને ખવડાવી દીધી. ભવિષ્યવેત્તાએ કહ્યું, પહેલો મૂર્ખ, બીજો બુદ્ધિમાન અને ત્રીજો સંત બનશે. ત્રણેયની પરખ તેમની સમજદારીથી થઈ. વ્યક્તિ સમજદાર બનીને જ ધર્મને અપનાવી શકે છે, સાચું કાર્ય કરી શકે છે, નહિ તો ધર્મના નામે લડશે, લડાવશે, મરશે, મારશે, મટી જશે અને મિટાવશે. બધાં અનર્થકારી કાર્યો કરશે, જેમનો ધર્મ સાથે કોઈ સંબંધ નથી. મનુષ્યે જો સમજદારી અપનાવી હોત અને માનવધર્મને મહત્ત્વ આપ્યું હોત તો સંપ્રદાયોના નામે ભેદભાવ, ઈર્ષ્યા, સંતાપ, દ્વેષ વગેરે પેદા ન કરત. આજે ધર્મના કારણે કેટલો ભેદભાવ પેદા થયો છે ? જો સમજદારી સાથે ધર્મને અપનાવવામાં આવ્યો હોત તો સુખશાંતિનું દિવ્ય વાતાવરણ પેદા થયું હોત. સત્ય અને વિવેકથી પર ધર્મ તે ધર્મ નહીં, પરંતુ ધર્મની વિકૃત લાશ છે. જે કોઈના કામમાં આવે તેમ નથી. જેને અપનાવવાથી બદબૂ અને વિકૃતિ સિવાય કશું જ મળવાનું નથી. ધર્મના આધારભૂત તથ્ય સત્ય અને વિવેક પર પ્રકાશ પાડતાં આગળ કહેવામાં આવ્યું છે કે ધર્મના નામે જે કંઈ સીધું-અવળું કે ઉપયોગી-બિનઉપયોગી ચાલી રહ્યું છે, તેનો આંખ મીંચીને સ્વીકાર ન કરવો જોઈએ, પરંતુ વિવેકને અપનાવી યોગ્ય તે જ અપનાવવું જોઈએ. મનુષ્યે રાજહંસની જેમ નીર-ક્ષીર જુદાં તારવવાં જોઈએ. જે ઉત્કૃષ્ટ હોય તે જ ગ્રહણ કરવું જોઈએ. આપણામાં હંસ અને ચાતક જેવી વૃત્તિ હોવી જોઈએ. હંસ મોતી ખાય છે, કીડા ખાતો નથી, ચાતક પણ સ્વાતિની બૂંદો જ ગ્રહણ કરે છે, ન મળે તો તરસ્યું જ રહી જાય છે. ધર્મના સાધકે એવા જ નિષ્ઠાવાન બનવું જરૂરી હોય છે. કોઈ વાતને એ માટે માની ન લો કે કોઈ મહાપુરુષે કહી છે, કોઈ ગ્રંથમાં લખી છે અથવા કોઈ મહામાનવે અપનાવી છે, તેને માનનારાઓ ઘણા છે, પરંતુ પોતાના વિવેકની કસોટી પર પારખી લો અને જો યોગ્ય લાગે તો જ અપનાવો, પછી ભલે તેના સમર્થનમાં કોઈ ઊભું ન હોય.

*જાકે પ્રિય ન રામ વૈદેહી ।*
*તજિયે તાહિ કોટિ બૈરી સમ યદ્યપિ પરમ સનેહી ।*
*તજ્યૌ પિતા પ્રહ્લાદ, વિભીષણ બંધુ, ભરત મહતારી ॥*

લોકમંગલનાં કાર્યોમાં બાધા ઉત્પન્ન કરનારાઓ જો પોતાના ઘનિષ્ઠમાં ઘનિષ્ઠ લોકો હોય તો પણ તેમનો ત્યાગ જ કરવો જોઈએ તથા વિવેક અને દૂરદર્શિતાની મદદ લઈને શ્રેયના પંથે ચાલવું જોઈએ. વાજશ્રવા ઋષિના પુત્ર ઉદ્દાલકે વિશ્વજિત યજ્ઞ કર્યો. ઋત્વિજોને દક્ષિણાના રૂપમાં એવી ગાયો આપવા લાગ્યો, જે અતિ કૃશ, ચાલવામાં પણ અસમર્થ અને ગર્ભ ધારણ કરવા કે દૂધ આપવામાં અસમર્થ બની ચૂકી હતી. બાળક નચિકેતાને પિતા દ્વારા ધર્મના નામે કરાતું આ કાર્ય અધર્મ જેવું લાગ્યું. એણે વિવેકથી વિચાર્યું કે આવી ગાયો તો બ્રાહ્મણો માટે ભારરૂપ બની જશે, એમને પોતાની પાસે જ રાખવી જોઈએ. બ્રાહ્મણોને સારી ગાયો આપવી જોઈએ. બાળકે આ વાત પિતાને કહી દીધી. પિતા બાળકની સમજદારીથી ખુશ ન થયા પરંતુ પોતાના કાર્યમાં હસ્તક્ષેપ માની નારાજ થઈને યમલોક જવા માટે કહ્યું. નચિકેતાને ઔચિત્યના સમર્થનમાં રહેવું જ ઉચિત લાગ્યું. તે પોતાની વાત પર અડગ રહ્યો. યમ દેવતા તેનાથી પ્રભાવિત થયા અને લોકમંગલ માટેનું સમર્થ પાત્ર જાણી અનેક પ્રકારનાં અનુદાન અને વરદાન આપીને વિદાય કર્યો

ઋષિ દયાનંદ ધર્મ જાગરણના કાર્યમાં લાગ્યા. એમણે ધર્મના નામે પાખંડ રચનારાઓને ઘણું સમજાવ્યા છતાં જ્યારે ફેર પડતો ન દેખાયો તો રૂઢિવાદ અને અંધવિશ્વાસુઓ વિરુદ્ધ આંદોલન ચલાવ્યું તથા વૈદિક માન્યતાઓના આધારે ધર્મના પ્રચાર-પ્રસાર પર ભાર મૂક્યો. અલાહાબાદની એક ઘટના છે કે એકવાર કુંભમેળામાં લાખોની ભીડ હતી. એક વ્યક્તિને સ્નાન કરવાની ઇચ્છા થઈ. તેનું પોતાનું કોઈ ન હતું. તો સામાન ક્યાં મૂકે ? એણે રેતીમાં સામાન દબાવી દીધો. ઉપર એક વેદી બનાવી દીધી અને તેના ઉપર ફૂલ વગેરે ઓળખાય તે માટે મૂકી દીધાં અને નિશાની માટે એક ઝંડી પણ ખોસી દીધી. તે સ્નાન કરવા ગયો. કેટલાક લોકોએ તેને વેદી બનાવતાં અને ફૂલ, ઝંડી વગેરે મૂકતાં જોયું તો એમને લાગ્યું કે અહીં કોઈ વિશેષ ધાર્મિક કાર્ય છે. બધા લોકો પણ તેવી જ વેદી બનાવવા લાગ્યા અને ફૂલ, ઝંડી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વગેરે મૂકવા લાગ્યા. જ્યારે તે સ્નાન કરીને આવ્યો ત્યારે જોયું તો ત્યાં એણે બનાવેલી વેદી જેવી ઘણી વેદીઓ જોઈ અને તેની ઉપર ફૂલ અને ઝંડીઓ પણ મૂકેલી હતી. તે ખૂબ જ વિમાસણમાં ફસાઈ ગયો કે કઈ વેદીને હટાવે અને કોની નીચે સામાનની શોધ કરે. એણે ઘણો પ્રયાસ કર્યો, પરંતુ તેણે બનાવેલી વેદી ન મળી. કેટલીય વેદીઓ ખોદી અને નિરાશ થઈને લોકોની મૂર્ખતા પર ગાળો ભાંડતો ઘેર જતો રહ્યો.

ધર્મના રૂપમાં કોણ, શા માટે, ક્યારે અને શું કરી રહ્યો છે તેને સાચી રીતે જાણ્યા વગર આંધળું અનુકરણ કરવા લાગી જવું તે ધર્મ નથી, ઘોર અજ્ઞાન ભરેલું કૃત્ય છે જે પોતાના માટે કે બીજાને માટે સુખદાયી નથી.

કૃષ્ણની રાસલીલા કે અન્ય તેવાં જ કાર્યોની પુનરાવૃત્તિ કરી જેઓ ધર્મશીલ બનવા માગે છે, તેઓ ભ્રમમાં જ છે. એનાથી ધર્મ નહીં, અધર્મ જ વધશે. સત્ય તથા વિવેકની કસોટી જ ધર્મનું સ્વરૂપ નક્કી કરે છે. સત્યને તુલસીદાસે અપનાવ્યું હતું તેમ પૂર્વગ્રહોથી મુક્ત થઈને જ અપનાવી શકાય છે. ભાગવત કથા વગેરે ગ્રંથો સંસ્કૃતમાં લખવાની પરંપરા ચાલી આવતી હતી. સમયની આવશ્યકતાને જોતાં સંતે હિન્દીમાં રામકથા લખવાનો નિર્ણય કર્યો. આ કાર્યથી કોપાયમાન બનેલા તત્કાલીન પંડિતોએ ઘોર જાતિ બહિષ્કારથી માંડીને પ્રત્યક્ષ તથા પરોક્ષ યાતનાઓ આપવાના પ્રયાસો કર્યા. તુલસીદાસજીએ કહ્યું, એ સત્ય છે કે અત્યાર સુધી રામકથા સંસ્કૃતમાં લખવામાં આવી, પરંતુ એ પણ સત્ય છે કે હવે સામાન્ય જનતા સંસ્કૃત સમજતી નથી. હવે તેમના સુધી રામચરિત્રની પ્રેરણા પહોંચાડવા તથા તેમના કલ્યાણનો માર્ગ ખોલવા માટે તેને હિંદી ભાષામાં લખવી જરૂરી છે. આ સત્ય સાથે લોકમંગલનું કાર્ય જોડાયેલું છે. હું તો તેને જ અપનાવીશ. ગોસ્વામીજીએ પરંપરાઓની તુલનામાં વિવેકને મહત્વ આપ્યું, રૂઢિવાદિતાની જગ્યાએ યથાર્થતા પસંદ કરી. ભારતીય સંસ્કૃતિમાં સ્મૃતિઓનું લેખન જીવનચર્યાના આદર્શના સ્વરૂપને ધ્યાનમાં રાખીને જ કરવામાં આવ્યું છે. આચારસંહિતાના રૂપમાં સ્મૃતિઓ રચવામાં આવી છે. કોઈ પૂર્વગ્રહ વિના દેશકાળ અને પરિસ્થિતિઓને અનુલક્ષીને જ સ્મૃતિઓ લખાતી રહી. તે દ્વારા બદલાતી પરિસ્થિતિઓમાં લોકોને સમયે સમયે દિશા મળતી રહી. ધર્મમાં સત્ય અને વિવેકનો સમાવેશ કોઈ દુરાગ્રહ વિના સદૈવ થતો જ રહેવો જોઈએ, ત્યારે જ ધર્મ ધર્મ રહે છે નહિ તો એ રૂઢિવાદ તથા પાખંડથી ભરેલું કૃત્ય બની જાય છે.

(રામકૃષ્ણ પરમહંસ કહેતા હતા કે જો તમે ગામમાં જાવ, યાત્રામાં જઈને જુઓ, તો ત્યાં તમને એક કલાકાર મળશે, જે દરેકનો અભિનય કરી લે છે. મોનોએક્ટ પ્લેમાં તે નિષ્ણાત હોય છે. હું આ પતિની સ્ત્રી છું, મને જ સમજી લો કહીને માથા ઉપર ઘૂંઘટ નાંખી દે છે. ઠાકુર એટલું કહીને જાતે અભિનય કરીને બતાવતા હતા અને કહેતા હતા કે આ જ અવતાર છે. જે પડદો નાંખી દીધો, તે માયા છે. પડદો અસેડી દીધો, તો જાણી લીધું કે હું કોણ છું. જે રામ હતા, કૃષ્ણ હતા તે જ રામકૃષ્ણ બનીને આવ્યા છે.

રાજા મહેન્દ્રપ્રતાપ પાસે એક જ્યોતિષી પહોંચ્યા-અને કહ્યું, ''આપના ભાગ્યમાં પુત્ર નથી, પરંતુ આપ અમુક અનુષ્ઠાન કરશો, તો અવશ્ય પુત્ર થશે.'' રાજા સાહેબે એમને તરત જ વિદાય આપતાં કહ્યું, ''આપને વ્યર્થ મારા જેવી વ્યક્તિ પાસે આવીને સમય પણ નષ્ટ કરવો પડ્યો અને તુરંત જવું પણ પડ્યું છે. આપ આપની સલાહ આપની પોતાની પાસે રાખો. મારે મારો વંશ ચલાવવા માટે જીવધારી પુત્રની જરૂર નથી. જે રકમ મારા પુત્ર માટે ખર્ચવાની હતી તેને હું સત્પ્રયોજનો માટે ખર્ચીશ.''

રાજા સાહેબે વૃંદાવનમાં પ્રેમ મહાવિદ્યાલયની સ્થાપના કરી. તેને જ પોતાનો પુત્ર માન્યો અને લાખોની સંપત્તિ તેને આપી ગયા. એમણે વીલમાં લખ્યું કે મારો વંશ આ પ્રેમમહાવિદ્યાલય જ આગળ ચલાવશે. સમાજમાં આવી સત્પ્રવૃત્તિઓ ચાલવા લાગે, તો હું સમજીશ કે મારો પુત્ર સુપુત્ર નીકળ્યો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સિનેમા હવે ઝેર ન ઓકે, લોકમંગલની જવાબદારી સમજે....

સિનેમા આધુનિક સમયની દેન છે. પોતાના શરૂઆતના દિવસોથી જ સિનેમા સમાજ સાથે જોડાયેલું રહ્યું છે. આજે તે સમાજનું એક આવશ્યક અંગ બની ગયું છે. યુવા વર્ગ માટે આ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર છે. સિનેમા સમાજના વિચાર, ભાવ, પરંપરા જેવા સૂક્ષ્મ તારોને સ્પર્શે છે. જ્યારે મનોરંજનનું આ સાધન સ્વસ્થ તેમજ પ્રગતિશીલ હોય છે, ત્યારે સમાજ ઉન્નત તેમજ વિકસિત હોય છે, પરંતુ આની વિકૃતિનો દંશ સમાજે ભોગવવો પડે છે, જેનું જ્વલંત ઉદાહરણ છે આજનો આધુનિક સમાજ.

સમાજનું પોતાનું શાસ્ત્ર હોય છે, જે વિભિન્ન દબાણોથી બને - બગડે છે, આગળ વધે છે તથા નવું રૂપ ધારણ કરે છે, જો સામાજિક વિકાસમાં માર્કસવાદી ચિંતનને દૂર કરવામાં આવે, તો સામાજિક પરિવર્તનમાં આર્થિક તત્ત્વની પ્રબળતા હોય છે. તેમ છતાં એક સમય વિશેષમાં એક વિશેષ તત્ત્વની ભૂમિકા મુખ્ય હોય છે. આ વિશેષ તત્ત્વ સામાજિક અને સાંસ્કૃતિક પણ હોઈ શકે છે, જેની સામાજિક પરિવર્તનમાં ઊંડી ભૂમિકા હોય છે. તેનો સમયગાળો પણ લાંબો અથવા ટૂંકો હોય છે.

હિન્દી ફિલ્મોનો લગભગ ૭૫ વર્ષનો ઈતિહાસ આ સામાજિક ઈતિહાસની સાથે જ સમાનાંતર ચાલતો રહ્યો છે. હિન્દી ફિલ્મોની આ મુખ્ય તેમજ લોકપ્રિય ધારાને ત્રણ મુખ્ય પ્રવૃત્તિના આધારે વિભાજિત કરી શકાય છે. આ ત્રણ મુખ્ય પ્રવૃત્તિઓ છે, સામાજિક ફિલ્મો, ઉદાત્ત ભાવોથી સભર પ્રેમ પ્રધાન ફિલ્મો તથા હિંસાત્મક ફિલ્મો. પ્રથમ પ્રવૃત્તિ આઝાદી સુધીની ફિલ્મોમાં છે, જ્યાં આના માધ્યમ દ્વારા ભારતીય સમાજને રૂઢિવાદિતામાંથી ઉગારવાની કોશિશ જોવા મળે છે. સિનેમાના ઈતિહાસમાં આ સમય એવો હતો, જેમાં સામાજિક જવાબદારીનો બોધ કરાવનાર વિષયને સર્વાધિક મહત્વ આપવામાં આવતું હતું. ફિલ્મોના માધ્યમ દ્વારા ગંભીર વાતોને સરળ અને સહજ રીતે પ્રસ્તુત કરવામાં આવતી હતી. તે દિવસોમાં ફિલ્મ નિર્માતાઓનાં વિચાર તેમજ યોજનાઓ પણ દર્શકોની જેમ જ જીવનના ગંભીર યથાર્થ તરફ વળેલાં હતાં.

પહેલાં સામાજિક સમસ્યાઓની ફિલ્મોનો વિષય બનાવવો તેને સન્માનની દૃષ્ટિથી જોવામાં આવતું હતું. સામાજિક યથાર્થની પરંપરા એટલે કે સમાજને ઈમાનદારી વડે ચિત્રિત કરવાની પ્રવૃત્તિ એવો પ્રયત્ન કરવામાં આવતો હતો. આ રાષ્ટ્રીય જનજાગરણ તથા રાષ્ટ્રીય આંદોલનનો સમય હતો. લોકોના મનમાં વિચાર ખદબદી રહ્યા હતા. સ્વતંત્રતા સંગ્રામ વખતે હિન્દુસ્તાનમાં એક સાંસ્કૃતિક પુનર્જાગરણની લહેર આવી હતી. તેનો પ્રભાવ ફિલ્મો ઉપર અવશ્ય થવાનો હતો. આ જ કારણે મધ્યકાળમાં સંતોના જીવન ઉપર ફિલ્મો બની. તેમાં પણ સુધારણા અને ભાવનાવાદનો સ્વર મુખ્ય હતો.

આની પહેલાની સ્થિતિનું અવલોકન કરવામાં આવે, તો પ્રતીત થશે કે અધિકાંશ ફિલ્મોએ જનતામાં સ્વાભિમાન ભર્યું, જાતીય અસ્મિતાનો બોધ કરાવ્યો, સમાજને પોતાની અમાનતની જાણકારી આપી અને પોતાની મૌલિકતાનો પરિચય કરાવ્યો. પૌરાણિક ફિલ્મો પછી જ ઐતિહાસિક અને સામાજિક ફિલ્મોનો સમય આવ્યો. દેશની શૌર્યગાથાઓને ઈતિહાસ સાથે જોડવામાં આવી. સામાજિક ફિલ્મોએ તેમને સાંપ્રદાયિક સદ્ભાવનો પાઠ ભણાવ્યો, અછૂત ઉદ્ધાર માટે પ્રેરિત કર્યા તથા નારી શોષણ વિરુદ્ધ અવાજ બુલંદ કર્યો.

પૌરાણિક કથાનકોને જે રીતે રાષ્ટ્રીય સંઘર્ષ સાથે જોડવામાં આવ્યા હતા, તે પ્રશંસનીય હતું. આના કારણે એક રાષ્ટ્રીય ચેતના ઉત્પન્ન થઈ હતી. ત્યારબાદ સામાજિક ફિલ્મો આવી, જેના લીધે સમય જતાં પ્રેમ ઉપર આધારિત એવી ઉમદા ફિલ્મોનું સ્વરૂપ ઊભર્યું, જેનું કથાનક ગીત, દૃશ્ય અને સંગીતના વિલક્ષણ રોમાની પરંતુ રૂહાની સ્વરોથી તરબતર છે. સાતમા દસકાથી જ હિંસાત્મક ફિલ્મોનો સિલસિલો શરૂ થયો.

ફિલ્મ અને સમાજના સત્યનું એક યથાર્થ રૂપ એ પણ છે કે એક-બીજાના સત્યથી પ્રભાવિત તો બંને હોય છે, પરંતુ આમાં ડિગ્રીનું અંતર ઘણું મોટું હોય છે. સમાજની સચ્ચાઈનો ઉપયોગ ફિલ્મો પોતાના આર્થિક હિતો માટે કરે છે, જ્યારે તેમણે આ સત્યતાને યોગ્ય રીતે પ્રસ્તુત કરવી જોઈએ, નહીંતર આનું પરિણામ ખતરનાક હોઈ શકે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આજકાલ સામાજિક યથાર્થતાનો ફિલ્મ સાથેનો સંબંધ ફક્ત દર્શકોની ગ્રાહ્યતા ઉપર નિર્ભર રહે છે, તેથી આગળ નહીં. તેની બહાર તો વિચાર અને ભાવનાઓનું સઘન સામ્રાજ્ય હોય છે. વ્યક્તિ અને સમાજના પાશને ખૂબ સરળ અને માર્મિક રીતે રજૂ કરવા જોઈએ. એટલા માટે સિનેમાનો વ્યવહાર સમાજશાસ્ત્રીને અનુકૂળ હોવો આવશ્યક છે. સિનેમાને દર્શન, ચિંતન વિધિ, માન્યતા, પરંપરા તથા નૈતિકતા જેવાં પ્રત્યક્ષ તેમજ અપ્રત્યક્ષ મૂલ્યોનું સન્માન કરતાં આવડવું જોઈએ.

સિનેમા સામાજિક જીવનને નવી દિશા પ્રદાન કરી શકે છે. આ સામાજિક વિચારને પરિષ્કૃત તેમજ ભાવનાને સુકોમળ બનાવવાનું કાર્ય કરી શકે છે. આના લીધે સમાજ ઘણો જ વધારે ઉન્નત થઈ શકે છે. ફિલ્મો દ્વારા અકલ્પનીય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. આવું રશિયાએ કર્યું છે. ફ્રાંસ કરી રહ્યું છે, ઈંગ્લેન્ડ દ્વારા શરૂ થઈ ચૂક્યું છે, અમેરિકા પણ આ દિશામાં પ્રયત્ન કરી રહ્યું છે. આપણે પણ આપણા દેશમાં પ્રગતિશીલ તેમજ ઉત્કૃષ્ટ કલાત્મક સિનેમા દ્વારા લોકો તેમજ સમાજને ઉન્નત દિશા પ્રદાન કરી શકીએ.

સિનેમા એક મનોરંજનનું સાધન પણ છે. મનોરંજન ચરિત્રવાન હોવું જોઈએ. તે જ તેનું વાસ્તવિક સ્વરૂપ પણ છે. જે મનોરંજનનું ચરિત્ર ઉત્કૃષ્ટ હોતું નથી તેનો પ્રભાવ વિનાશક હોઈ શકે છે. આથી સિનેમાને મનને સ્વસ્થ રાખીને તેની રુચિને ઉચ્ચસ્તરીય બનાવવી જોઈએ, સિનેમાનું કામ લોકોની પસંદગીને બદલવાનું, પરિષ્કૃત બનાવવાનું તથા ક્રિયાત્મક અને સર્જનશીલ રાખવાનું છે. સિનેમા સમાજના પથપ્રદર્શકની ભૂમિકા નિભાવી શકે છે. તેણે હંમેશાં સમાજ પ્રત્યે ઈમાનદાર અને જવાબદાર રહેવું જોઈએ. સિનેમાની એક મર્યાદા હોવા છતાં સામાજિક પરિવર્તનમાં તેની ભૂમિકા તરફ આંખમીંચામણાં ન કરી શકાય.

ભારતીય સમાજની સંરચના અનોખી અને વિચિત્ર છે. જ્યાં સુધી ફિલ્મ નિર્માતા આ સંરચનાને સમજી લેતો નથી, ત્યાં સુધી તેની સફળતા શંકાસ્પદ રહે છે. જે સિનેમામાં સમાજરૂપી જીવનમાં વિખરાઈને પડેલાં બીજ અંકુરિત થશે નહિ, તે સિનેમા આ સમાજમાં સ્વીકૃત બનશે નહિ. આથી લોકચેતના સાથે સતત સંપર્ક અને સંબંધ જાળવી રાખવો એ એની અનિવાર્ય આવશ્યકતા છે. ફિલ્મો સમાજથી કપાઈને જીવંત રહી શકતી નથી. સિનેમા જે કાંઈ પસંદ કરે છે તેનું મૂળ બીજ સમાજમાં વિદ્યમાન હોય છે. આથી પસંદગીનો આધાર પણ આને લઈને થવો જોઈએ.

સિનેમા નિર્માણ સાથે જોડાયેલી એક વિશેષતા તેની વ્યાપકતા છે, જે તેને કરોડો લોકોની પાસે લઈ જાય છે અને તે પણ ઘણી જ સરળતાથી આજે સિનેમાના આ વ્યાપક પ્રભાવનો અનુભવ દરેક વ્યક્તિ કરી રહી છે. સામાન્ય રીતે સિનેમા જોવા દરમિયાન દર્શકોની ચેતના સુપ્ત રહેતી હોય છે અને ભાવના પ્રબળ તેમજ જાગૃત. ભાવનાઓનો આ પરપોટો સિનેમા જોતા સુધી જ સીમિત નથી રહેતો, પરંતુ ત્યાર બાદ પણ ચાલુ રહે છે. જો ભાવનાઓને યોગ્ય પોષણ નથી મળતું, તો પરિણામ ભયંકર હોય છે. દુર્ભાગ્યવશ આજની વ્યાવસાયિક ફિલ્મોએ માનવીની માનસિકતાને ઊંચી ઉઠાવવાને બદલે તેને વિકૃતિની ઊંડી ખીણમાં ધકેલી દીધી છે. આર્થિક લાભ માટે આ વ્યવસાય સમાજ તેમજ ખાસ કરીને યુવા વર્ગને માટે આત્મઘાતી સિદ્ધ થઈ રહ્યો છે.

આજે સિનેમાએ વિચારોને નિકૃષ્ટ તેમજ ભાવનાઓને કલુષિત કરી નાંખી છે. તદનુસાર સગપણ તેમજ સંબંધોનો આધાર ત્યાગ તથા પ્રેમ નહીં પરંતુ સ્વાર્થ છે. પાવન તેમજ પવિત્ર પ્રેમને વ્યાવસાયિક તથા દૈહિક વાસના સુધી સીમિત કરી નાંખ્યો છે. નારી મમત્વ તેમજ સ્નેહની મૂર્તિ નહીં, તેને શોષણ તથા મનોરંજનનું સાધન બનાવી દેવામાં આવી છે. સિનેમાના વૈભવ તેમજ ઐશ્વર્યની ઝાકઝમાળમાં નિર્બળ માનસિકતામાં વિચ્છિન્નતા આવી ગઈ છે. તે જીવન-શૈલીને વેરણ-છેરણ કરી રહ્યું છે. અશ્લીલતા, હિંસા, હત્યારૂપી આ દૃશ્યો જીવન-મૂલ્યોનો નાશ કરી રહ્યાં છે.

ઊંધાને ઊંધું કરીને જ સીધું કરી શકાય છે. આ ઉક્તિ સિનેમા માટે સાચી સિદ્ધ થઈ શકે છે. સિનેમા જેટલું ઝેર ઓકી ચૂક્યું છે, તે બંધ કરી પુનઃ નૈસર્ગિક મૂલ્યોની પ્રાપ્તિ માટે આગળ આવવું પડશે. તેણે પોતાના અતિ વ્યાવસાયિક મોહનો પરિત્યાગ કરીને વ્યક્તિ, સમાજ તથા રાષ્ટ્રને ઊંચા ઉઠાવવાના હેતુસર પ્રયત્ન કરવો જોઈએ. કલાની પહોંચ ભાવનાઓ તથા સંવેદના ક્ષેત્ર સુધી હોય છે. એટલા માટે સિનેમારૂપી કલાના આ માધ્યમ દ્વારા સમાજનો ભાવનાત્મક પરિષ્કાર કરી શકાય છે, કરવો જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દિવ્ય વિચારોથી ઉત્કૃષ્ટ જીવન

સંસારમાં મોટાભાગની વ્યક્તિઓ કોઈ ઉદ્દેશ વિનાનું અવિચારી જીવન વ્યતીત કરે છે, પરંતુ જેઓ પોતાના જીવનને ઉત્તમ વિચારોને અનુરૂપ ઢાળી લે છે, તેમને જીવનધ્યેયની સિદ્ધિ મળે છે. મનુષ્યનું જીવન તેના સારા-ખરાબ વિચારોને અનુરૂપ બને છે. કર્મનું પ્રારંભિક સ્વરૂપ વિચાર છે, તેથી ચરિત્ર અને આચરણનું નિર્માણ વિચારો જ કરે છે. જેના વિચારો શ્રેષ્ઠ હશે, તેનું આચરણ પણ પવિત્ર હશે, એમ માનવું પડે છે. જીવનની આ પવિત્રતા જ મનુષ્યને શ્રેષ્ઠ બનાવે છે અને ઊંચે ઉઠાવે છે. અવિવેકી જીવન જીવવામાં કોઈ વિશેષતા હોતી નથી. સામાન્ય સ્તરનું જીવન તો પશુ પણ જીવે છે, પરંતુ એ જીવનનું શું મહત્ત્વ જે પોતાનું લક્ષ્ય પ્રાપ્ત ન કરી શકે ?

જેમને ઉત્કૃષ્ટ જીવન જીવવાની ઇચ્છા હોય છે તથા જેઓ અંતઃકરણથી અભિલાષા કરે છે કે તેમનું વ્યક્તિત્વ સામાન્ય લોકો કરતાં કંઈક ઉચ્ચ, શાનદાર અને પ્રતિભાયુક્ત હોય, તેમણે એ માટે જરૂરી પ્રયાસ પણ કરવા પડે છે. સંસારનાં અન્ય પ્રાણીઓ તો પ્રાકૃતિક પ્રેરણાથી બંધાઈને જીવનનિર્વાહ કરે છે, પરંતુ મનુષ્યની એ વિશેષતા છે કે તે કોઈપણ સમયે સ્વેચ્છાએ પોતાના જીવનમાં પરિવર્તન લાવી શકે છે. મનુષ્ય ભીની માટી છે અને તેના વિચારો બીબું છે. જેવા વિચારો હશે, તેવું જ મનુષ્યનું વ્યક્તિત્વ ઘડાતું જશે, તેથી જ્યારે પણ એવી કોઈ આકાંક્ષા ઊઠે ત્યારે પોતાના વિચારોને ગંભીરતાપૂર્વક જુઓ, ખરાબ વિચારોને દૂર કરો અને દિવ્ય વિચારો ધારણ કરવાની શરૂઆત કરી દો તો આપનું જીવન અવશ્ય ઉત્કૃષ્ટ બનવા લાગશે.

પરમાત્માએ દરેક વ્યક્તિને પ્રગતિ તરફ વધવા માટેની ખૂબ વિલક્ષણ શક્તિ આપી છે, પરંતુ જ્યાં સુધી શ્રેષ્ઠ આદર્શ સામે રાખીને તેવા જ ઉદાત્ત બનવાના પ્રયાસો થતા નથી ત્યાં સુધી તે અવિકસિત જ રહે છે. મનુષ્યે એવો ભાવ પોતાના મનમાંથી કાઢી નાખવો જોઈએ કે તેની પાસે પર્યાપ્ત બૌદ્ધિક ક્ષમતા કે શૈક્ષણિક યોગ્યતા નથી. ઘણીવાર આપણે ભાગ્ય અને પરિસ્થિતિઓને પણ બાધક માનીએ છીએ, પરંતુ આ માન્યતાઓ મોટેભાગે અસ્તિત્વ વિનાની જ હોય છે. નિર્બળતા, ન્યૂનતા અને અનુત્સાહની દુર્બળ માન્યતાઓ રાખીને મનુષ્ય તેના જીવનમાં કોઈ મહત્ત્વપૂર્ણ સફળતાઓ પ્રાપ્ત કરી શકતો નથી. અનુભવ કરો કે આપનામાં વિશ્વાસ અને મનોરથસિદ્ધિની ઘણી વિલક્ષણ શક્તિ છે. આપે ફક્ત તે શક્તિનો ઉપયોગ કરવાનો છે. આપ જોશો કે આપનાં સ્વપ્નો અવશ્ય સાકાર થાય છે. આપને જે વિચારો તુચ્છ અને વિનાશક લાગતા હોય તેમને એક ક્ષણ માટે પણ મનમાં ટકવા દેશો નહીં. જેમની મદદથી આપને લક્ષ્યપ્રાપ્તિમાં મદદ મળે છે, તેવી યોજનાઓના વિચારોમાં જ વ્યસ્ત રહો.

મનુષ્યને સફળતા ત્યારે જ મળે છે, જ્યારે મનુષ્ય પોતાના વિચારોને સાહસિકતાથી કર્મમાં બદલી નાખે છે. આપ વિદ્યાભ્યાસ કરવા ઇચ્છતા હો, સ્વસ્થ બનવા માગતા હો, તેજસ્વી અને બળવાન બનવા માગતા હો તો કોઈપણ સ્થિતિમાં આપના વિચારોને દૃઢતાપૂર્વક સાકાર કરવા જ પડશે.

નિરાશાજનક અને અંધકારમય વિચારોને એક રીતે માનસિક રોગ કહી શકાય છે. નિરાશ વ્યક્તિ તેના ભાગ્યનો વિનાશ પોતે જ કરે છે. દરેક કાર્યમાં તેમને શંકા જ થતી હોય છે. અધૂરા મનથી શંકાયુક્ત અવસ્થામાં કરવામાં આવેલાં કાર્યો ક્યારેય સફળ થતાં નથી. આ એક પ્રકારના કુવિચારો છે, જે આપણી અધોગતિનું મૂળ કારણ હોય છે. આશાવાદી વ્યક્તિ અલ્પ શક્તિ અને વિપરીત પરિસ્થિતિઓમાં પણ તેનો માર્ગ બનાવી લે છે. શ્રેષ્ઠતા, ઉત્કૃષ્ટતા અને પવિત્રતાના વિચારોથી જ આત્મવિશ્વાસ જાગૃત કરી શકાય છે. તે દ્વારા જ એવી શક્તિ પ્રાપ્ત થાય છે, જે મનુષ્યને ઘણો ઉચ્ચ બનાવી શકે છે.

મનુષ્યના અંતઃકરણમાં સારા અને ખરાબ બન્ને વિચારો હોય છે. પોતાની ઇચ્છા અને રૂચિના વિકાસથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શુભ ગુણોનો પરિષ્કાર થાય છે. વિકારો સાથે સંઘર્ષ કરીને તથા તેમને નિયંત્રણમાં રાખીને કે દબાવી રાખીને જ ધર્મસાધનોમાં સ્થિર રહી શકાય છે.

મનુષ્ય કોઈપણ સ્થિતિમાં કેમ ન હોય, સત્યની શોધ અને પ્રાપ્તિ કરી શકે છે. તેની રીત એ છે કે તે પોતાની વર્તમાન પરિસ્થિતિઓનો સદુપયોગ કરી તેમને બુદ્ધિ અને શક્તિ પ્રાપ્ત કરવામાં લગાડી દે. પોતાના મનમાં સતત પવિત્ર વિચારોને સ્થાન આપવાથી તે શુભ કાર્યોમાં લાગેલું રહે છે અને મનુષ્યની બુદ્ધિ દિવસે દિવસે વધતી જાય છે. કાર્યોમાં સદાચારનો સમાવેશ કરવાથી શક્તિનો વિકાસ થાય છે અને અપવ્યય રોકાઈ જવાથી શક્તિ ખર્ચાતી નથી. સ્થિર શક્તિ અને સાત્ત્વિક બુદ્ધિના સમન્વયથી જ દિવ્ય જીવનની અનુભૂતિ થાય છે. આધ્યાત્મિક જીવનનો આ જ રાજમાર્ગ છે.

આદર્શ પ્રત્યે બાધાઓનું મુખ્ય કેન્દ્ર મનુષ્યનું અંતઃકરણ જ હોય છે. સત્પ્રવૃત્તિઓના વિકાસથી આદર્શોનું રક્ષણ થાય છે અને દુષ્કર્મોના સંયોગથી નિષ્ફળતા, દીનતા અને હીનતાનાં અમંગળ પરિણામો સામે આવે છે. મનુષ્ય તેના આદર્શોની પ્રાપ્તિ કરી લે તે માટે અંતઃકરણની પવિત્રતાને ટકાવી રાખવી અતિ જરૂરી છે. જેઓ પોતાના આચરણ દ્વારા ભૂલ સુધારવાની ઇચ્છા રાખે છે તેઓ ભવિષ્યમાં સફળતા પ્રાપ્ત કરી લેશે એવું કહી શકાય છે. થોડા શબ્દોમાં કહી શકાય કે તેમનું વ્યક્તિત્વ વિવેકશીલ છે. આ શબ્દોથી જ મનુષ્યની પ્રગતિનો અંદાજ સરળતાથી લગાવી શકાય છે.

શ્રેયાર્થીએ જૂના અનિષ્ટકારી સંસ્કારોનો નાશ કરી સારા સંસ્કારને ગ્રહણ કરવા જોઈએ. આ પ્રયત્ન શુષ્ક અને નીરસ ન હોય, એમાં અરુચિનો ભાવ ન આવે, એ માટે ધીરજ, દઢતા અને વિકારના તફાવતને સમજવો તથા સાંસારિક કામનાઓ અને આત્માની સ્વાભાવિક આકાંક્ષા વચ્ચે જે પડદો પડ્યો હોય છે, તેનું સદૈવ ધ્યાન રાખવું જોઈએ. ક્રોધ અને તેજસ્વિતા, દીનતા અને નમ્રતા, દુર્બળતા અને ક્ષમા, સાહસ અને ભીરુતા, દંભ અને આત્મવિશ્વાસ વચ્ચે જે અંતર છે, તેનો પ્રત્યેક ક્ષણે વિચાર કરતા રહેવાથી જ સહજ વૃત્તિઓની સમુન્નતિ થાય છે. માનવી વિકાસનો એ જ ક્રમ છે કે મનુષ્ય સત્ અને અસત્ વચ્ચે સતત મૌલિક ભેદભાવ ટકાવી રાખે.

ભાવનાત્મક શુદ્ધિ માટે ફક્ત પોતાના વિચારજગતમાં જ નિરીક્ષણની પ્રવૃત્તિ રાખવી પર્યાપ્ત નથી, પરંતુ ખાન-પાન, વસ્ત્ર, આવાસ અને અડોસપડોસના જીવન પર પણ ગંભીરતાપૂર્વક વિચાર કરતા રહેવું પડશે. વ્યક્તિની ભલાઈનું ક્ષેત્ર તેના મન, વાણી અને શરીર સુધી જ મર્યાદિત નથી, તેનો સામાજિક પક્ષ પણ એટલો જ મહત્ત્વપૂર્ણ છે, તેથી તે બાબતમાં પણ વિવેકનું પાલન કરવું પડશે. આરોગ્ય, ઓછો ખર્ચ, નિરાસક્તિની સાથે જ સામાજિક સંબંધ, વિનયશીલતા, ભદ્રતા અને સહૃદયતા પણ અતિ જરૂરી છે.

માનસિક, ભાવનાત્મક તથા સાંસારિક જીવનની ન્યાયપૂર્ણ સમીક્ષા જ વિવેકની સ્થિતિ છે. જો આપણે આ દિશામાં નિષ્ક્રિય, આળસુ અને નિષ્પ્રાણ બની રહ્યા, તો આપણા જીવનનું પરમ લક્ષ્ય એક ગૂઢ વિષય જ બની રહેશે. લોકો ક્યારેય સાંસારિક કામનાઓ છોડીને આધ્યાત્મિક જીવન તરફ નજર કરવાનું પણ પસંદ નહિ કરે. માટે અન્ય ભૂમિકાઓ સાથે વિવેકની સાધના પણ સતત ચાલતી રહેવી જોઈએ, જેથી આપણા જીવનનો એક અતિ મહત્ત્વનો આધ્યાત્મિક પક્ષ ઉપેક્ષિત ન રહી જાય. આ ભાગ પ્રકાશિત જ રહે તે માટે દરેકના જીવનમાં વિવેકની અખંડ જ્યોતિ પ્રજ્જવલિત રહેવી જ જોઈએ. આપણો આશય એટલો શુદ્ધ અને પવિત્ર હોવો જોઈએ કે તે પ્રત્યેક ભાવનાનો અતિ સૂક્ષ્મ પ્રત્યુત્તર આપી શકે.

મનુષ્યજીવનના બે પક્ષો છે. સત્ એટલે કે નિર્માણનું ક્ષેત્ર અને અસત્ એટલે કે નિષેધાત્મક પક્ષ. કોઈ ચોક્કસ પંથે સરળતાપૂર્વક આગળ વધવાનો ઉપાય એ જ છે કે પોતાના માર્ગની બાધાઓ દૂર કરતા રહી આગળ વધીએ. આધ્યાત્મિક વિકાસના માર્ગમાં પણ આવી જ પ્રક્રિયા અપનાવવી પડે છે. પોતાના દોષદુર્ગુણોને શોધવા, તેનું નિવારણ કરવું, પોતાના જીવનમાં સત્પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું એનું નામ જ વિવેક છે. જેઓ આ સ્થિતિ પ્રાપ્ત કરી લે છે, તેમનું જ માનવજીવન સફળ કહી શકાય. તેઓ જ અંતે મહાનતાની મહાન વિભૂતિઓથી સન્માનિત થાય છે અને શ્રેયનું અનંત સુખ પ્રાપ્ત કરે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ધર્મનો અહંકાર સૌથી ખરાબ

આપણે ધર્મના અંધશ્રદ્ધાળુ નથી અને વિરોધી પણ નથી. નિઃસંદેહ ધર્મના નામે લોહી વહેવડાવવામાં આવ્યું છે, પરંતુ એ ફરક ન ભૂલવો જોઈએ કે ધર્મના નામે લોહી વહેવડાવવામાં આવ્યું છે, ધર્મ માટે નહીં. શયતાન પણ તેની શયતાની માટે ખુદાના નામનું ઓઠું લઈ લે છે, તો મનુષ્યે તેના નીચ સ્વાર્થ માટે જો ધર્મનું ઓઠું લીધું હોય તો એમાં ધર્મ શું કરે ? જે નિયમ સમાજના વિકાસ અને સુખશાંતિ માટે જરૂરી છે, તેનું મન, વચન અને શરીરથી પાલન કરવાનું નામ જ ધર્મ છે. આ ધર્મનો એ ખૂનખરાબા સાથે કોઈ સંબંધ નથી, જે ધર્મના નામે સ્વાર્થ કે અહંકારવશ કરવામાં આવે છે.

એમ કહી શકાય કે જ્યારે ધર્મનો આવો દુરુપયોગ થાય છે ત્યારે ધર્મને જ નષ્ટ કેમ ન કરવામાં આવે ? આપણે કહીએ છીએ કે ભોજનના દુરુપયોગથી જ્યારે બીમારીઓ પેદા થાય છે તો ભોજન જ બંધ કેમ ન કરી દેવામાં આવે ? આજીવન ઉપવાસ કરવાથી મોત ભલે આવી જાય, પરંતુ બીમારીથી છુટકારો જરૂર મળી જશે. શું આપ બીમારીના ભયથી આ રીતે મરવાનું પસંદ કરશો ? જો ના, તો દુરુપયોગના ભયથી ધર્મ છોડવાનું પસંદ ન કરી શકાય.

આપણે માનીએ છીએ કે ધર્મ ભોજન કરતાં પણ વધુ જરૂરી વસ્તુ છે. જે વસ્તુ જેટલી પાતળી હોય છે, તેટલી જ તેની વધુ જરૂર હોય છે. રોટલી બહુ જરૂરી છે, પરંતુ પાણી રોટલી કરતાં પણ વધારે જરૂરી છે, પાણી રોટલી કરતાં પાતળું છે. આપણે રોટલી વિના જેટલા દિવસ જીવિત રહી શકીએ છીએ તેટલા દિવસ પાણી વિના ન રહી શકાય. પાણી કરતાં પણ પાતળી હવા છે. પાણી પીધા વિના કલાકો સુધી જીવિત રહી શકાય છે, પરંતુ હવા વિના આપણે થોડી મિનિટો પણ જીવિત રહી શકતા નથી. પ્રેમ, સહયોગ વગેરે ધર્મનાં જ રૂપ છે, જે કીડા-મકોડા અને પશુપક્ષીઓમાં પણ જોવા મળે છે. તેથી ધર્મ વ્યાપક છે, નિત્ય છે અને આવશ્યક છે. એમાં વિકાર આવે છે ત્યારે જીવન પણ વિકૃત અને દુઃખી બની જાય છે, માટે આપણે વિકારોનો નાશ કરવો જોઈએ, ધર્મનો નહીં.

બીજી એક વાત છે, જ્યાં સુધી મનુષ્ય પાસે હૃદય છે, ત્યાં સુધી ધર્મ કોઈ ને કોઈ રૂપમાં જીવતો રહેશે જ. ધર્મનું અંદરનું રૂપ તો રહે જ છે, પરંતુ બાહ્ય રૂપ પણ નષ્ટ થતું નથી, તેમાં ફક્ત પરિવર્તન થઈ જાય છે. ઈસુની મૂર્તિ સામે ઝૂકવાને બદલે લેનિનની કબર પર ફૂલ ચઢાવવાં ગમે છે. પ્રતીક બદલાઈ જાય છે, વૃત્તિ બદલાતી નથી. તેથી ધર્મને મારવાની કોશિશ વ્યર્થ છે, તેનો દુરુપયોગ રોકાવો જ જોઈએ.

જેઓ ધર્મના નામે રૂઢિઓ અને સાંપ્રદાયિકતાના ગુલામ બની રહેવા માગે છે તેમને ધર્મની આ અમરતાથી ખુશ થવા જેવું નથી. એમણે સમજી લેવું જોઈએ કે ધર્મ રૂઢિઓનું સંગ્રહસ્થાન નથી, પરંતુ સત્ય, અહિંસા વગેરે નિયમોનો સમૂહ છે અને ધર્મ સંસ્થા એક સમયની સામાજિક ક્રાંતિ છે. તીર્થંકર, પયગંબર, અવતાર વગેરે તેમના સમયના ક્રાંતિકારી મહાપુરુષો છે. કોઈપણ ક્રાંતિ સ્થિર હોતી નથી કે પછીની કોઈ ક્રાંતિઓનો વિરોધ પણ કરતી નથી. ક્રાંતિને રૂઢિઓ સાથે મિત્રતા નથી. તેથી ધર્મની રૂઢિઓ સાથે મિત્રતા છે તેમ કહી ન શકાય.

આ રીતે ધર્મની વાત કહીને આપણે ધર્મના વિરોધીઓ અને ધર્મના નામે રૂઢિઓના પૂજારીઓ બન્નેના મનમાં કોઈ ને કોઈ ક્ષોભ પેદા કરીશું. તેને દૂર કરવા માટે અમે એટલું જ કહીશું કે આપ નવીનતાના નહીં, પ્રાચીનતાના પૂજારી બનો. આપ જનકલ્યાણના પૂજારી બનો. આ દૃષ્ટિએ નિષ્પક્ષ થઈને ધર્મોનો જે રીતે ઉપયોગ થઈ શકે તેવો ઉપયોગ કરો.

ધાર્મિક સંસ્થાઓનું મુખ્ય કામ માણસના મન પર નીતિ અને સદાચારના સંસ્કારો પાડવાનું છે. બધા ધર્મોએ આ જ કામ કર્યું છે. તેથી આપણે ધર્મોમાં સમાનતા જોઈએ છીએ અને ધાર્મિક સંસ્થાઓની સંખ્યાથી ગભરાતા નથી. ઘણી સ્કૂલો કે કોલેજો હોવાથી જેમ શિક્ષણમાં કોઈ બાધા ઊભી થતી નથી તેમ ઘણી ધાર્મિક સંસ્થાઓ હોવાથી સાચા ધર્મમાં બાધા આવતી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નથી, પરંતુ શરત એટલી જ છે કે ધર્મને ધર્મ સમજો, અહંકારનો આધાર નહીં. મારો ધર્મ મહાન, તમારો ધર્મ નાનો. આવા કથનમાં ધર્મપ્રેમ નથી, અહંકાર છે. જો કોઈ તરસ્યો એ વાત પર વાદવિવાદ કરે કે તમારા ગામનું તળાવ મારા ગામના તળાવ કરતાં એક કિલોમીટર નાનું છે, તેથી તમારા તળાવથી કામ ચાલશે નહીં. તો આપણે કહીશું, પાગલ, એ તો બતાવ કે તારા હાથનો ઘડો કેટલા કિલોમીટરનો છે? એક કિલોમીટરના તળાવમાંથી તમને એક ઘડો પાણી મળી શકશે કે નહીં?

મનુષ્ય જેટલો કંગાળ છે, તેના કરતાં દંભી વધારે છે, તેથી અહંકારની પૂજા કરવા માટે તે ધર્મનો સહારો લે છે. દરેક મનુષ્ય ધનનો અહંકાર કરી ન શકે, કારણ કે દુનિયામાં એક એકથી ચઢિયાતા ધનિક છે અને ધનનો શું ભરોસો, આજે છે તો કાલે નથી, તો તેના સહારે અહંકાર કેવી રીતે ટકાવી શકાય? બળ અને રૂપની પણ આવી જ દશા છે. બે દિવસ તાવ આવે તો બધું બળ જતું રહે, ગાલ બેસી જાય, વૃદ્ધત્વ પણ બળ અને રૂપને હણી નાખે છે અને બળ તથા રૂપ એક એકથી ચઢિયાતાં છે. અધિકાર વગેરેની પણ આવી જ હાલત છે. મનુષ્ય અહંકારનું પૂતળું છે, તેને કંઈ ને કંઈ અવશ્ય જોઈએ, જેના સહારે તે અહંકાર કરી શકે. એ માટે તેને સૌથી સારો ધર્મ લાગ્યો. આ આત્મઘાતી મનુષ્યે વિચાર્યું, ધર્મનો અહંકાર સૌથી સારો છે, એના દ્વારા મોટાઈની લાલસા પણ પૂરી થઈ જાય અને ઈશ્વર કે અલ્લા પણ ખુશ થઈ જાય, પરલોક સુધરી ગયો અને સ્વર્ગ કે જન્નત માટે સીટ પણ રિઝર્વ થઈ ગઈ.

બિચારાએ એ ન વિચાર્યું કે અહંકાર ધનનો હોય કે પછી ધર્મનો હોય, મનુષ્યનું પતન જ કરશે. દુનિયાનો કોઈપણ અહંકાર જેમ બાળી શકે છે તેવી જ રીતે આ અહંકાર પણ આપણા જીવનને બાળી નાખશે. ચંદન ઠંડું હોવા છતાં તેની આગ ઠંડી હોતી નથી. અહંકાર આપણને બાળે છે, એમાં ધર્મનો અહંકાર સૌથી ખરાબ છે. આ તો પાણીમાં લાગેલી આગ છે. કલકત્તામાં આગ લાગે તો ખરાબી થશે, પરંતુ જો ગંગામાં આગ લાગે તો તેના કરતાં પણ વધુ ખરાબી થશે, કેમ કે કલકત્તાની આગ ગંગા વડે બુઝાવી શકાય છે, પરંતુ ગંગાની આગ કેવી રીતે બુઝાવી શકાશે?

દુનિયાનાં પાપોને આપણે ધર્મની મદદથી સાફ કરીએ છીએ, પરંતુ ધર્મમાં જ જો પાપ ઘૂસી જાય, તો આપણે શેના વડે સાફ કરીશું? તેથી અમે કહીએ છીએ કે ધર્મનો અહંકાર સૌથી ખરાબ છે. આ અહંકાર નીકળી જાય તો દુનિયામાં કેટલીય ધર્મ સંસ્થાઓ કેમ ન રહે, તેમનાથી આપણને કોઈ નુકસાન નથી પણ ફાયદો જ છે.

સમગ્ર દુનિયામાં જો એક જ ધર્મ થઈ જાય તો પણ તેનાથી લાભ નહિ થાય, અહંકાર કે સ્વાર્થ નાનકડી ભૂલ કાઢીને લોહીની નદીઓ વહેતી કરશે. યુરોપમાં એક જ ઈસાઈ ધર્મને માનનારાઓ શું ચર્ચોના ભેદને કારણે લોહીની નદીઓ નથી વહાવતા? મુસ્લિમ ધર્મના લોકો શિયા-સુન્ની સમુદાયના નામે લડતા રહ્યા. હિંદુઓ જાતિવાદ અને અસ્પૃશ્યતાના નામે લડતા રહ્યા. એક ધર્મ બનાવવાની કોશિશ વ્યર્થ છે. જરૂર સદ્‌ભાવની છે. આપણને એકરૂપતાની નહીં, એકતાની જરૂર છે.

રામકૃષ્ણ પરમહંસના શિષ્ય મથુરાબાબુએ એક મંદિર બનાવ્યું અને એમાં વિષ્ણુ ભગવાનની મૂર્તિની સ્થાપના કરી. મૂર્તિ ખૂબ જ લોભામણી હતી. તેને વસ્ત્ર-આભૂષણો વડે સજાવવામાં આવી હતી. થોડાક દિવસો વીત્યા હશે કે ચોર મૂર્તિનાં કીમતી આભૂષણો ચોરી ગયો. પ્રતિમા હવે એટલી આકર્ષક લાગતી ન હતી. મથુરાબાબુ ઉદાસ થઈને બોલ્યા, હે ભગવન્! આપના હાથમાં ગદા અને ચક્ર બબ્બે હથિયારો હોવા છતાં ચોર ચોરી કરીને જતા રહ્યા. એના કરતાં તો અમે મનુષ્યો સારા. થોડોક તો વિરોધ કરીએ છીએ. પાસે જ ઊભેલા રામકૃષ્ણ આ વાર્તાલાપ સાંભળી રહ્યા હતા. તેમણે કહ્યું, "મથુરાબાબુ! ભગવાનને તમારી જેમ આભૂષણો અને દાગીનાઓ પ્રત્યે લોભ અને મોહ નથી, એમને કઈ વસ્તુની ખોટ છે કે જેથી તેઓ આખી રાત જાગતા રહે અને તુચ્છ આભૂષણોની રખેવાળી કરે."



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સંસારનો નવો ધર્મ : અધ્યાત્મ

આ શીર્ષક વાંચીને ઘણા પાઠકોને કદાચ થોડું કુતૂહલ થશે કે અમે 'અધ્યાત્મ'ને સંસારનો નવો ધર્મ કેમ કહ્યો? કારણ એ કે અધ્યાત્મ જ દુનિયાની પ્રગતિનો આધાર છે. આ આધારે જ મનુષ્ય પશુ શ્રેણીમાંથી નીકળીને માનવ શ્રેણીમાં આવ્યો છે અને દેવ શ્રેણીમાં પહોંચવાનો પ્રયાસ કરતો રહ્યો છે.

નિ:સંદેહ અધ્યાત્મ જ સાચો અને અનાદિ ધર્મ છે. ભૌતિક ધર્મ સદૈવ અસ્થાયી, પરિવર્તનશીલ અને દઢ આધાર બની શકવા માટે અયોગ્ય હોય છે, જ્યારે અધ્યાત્મ મનુષ્યને સ્થાયી સફળતા અને શાશ્વત સુખ આપવાનું સામર્થ્ય ધરાવે છે, પરંતુ એક તરફ ઘણા સમયથી મનુષ્ય અધ્યાત્મને ભૂલી ભૌતિકતાની પાછળ દોડવામાં પ્રવૃત્ત થઈ રહ્યો છે, જેથી આજકાલ લગભગ બધા જ સુશિક્ષિત અને બુદ્ધિમાન કહેવાતા લોકો અધ્યાત્મને એક અસંભવ કે કાલ્પનિક આદર્શ સમજવા લાગ્યા છે અને ભૌતિકવાદને લાભનો એકમાત્ર રસ્તો સમજી તે તરફ નિરંતર વધી રહ્યા છે. ફરી નવેસરથી તેનું શિક્ષણ આપવાનો અને તેની આવશ્યકતાને સમજાવવાનો પ્રયત્ન કરવો પડે છે. આ સમયે લોકોને એ બતાવવાની જરૂર છે કે આ પ્રત્યક્ષ ફળની દુનિયા જ એકમાત્ર દુનિયા નથી. તે સિવાય એક અધ્યાત્મની દુનિયા પણ છે, જેમાં ફળનું બીજ કે કારણ રહે છે. આ અધ્યાત્મ-જગતની વિશેષતાઓનું વિવેચન કરતાં એક વિદ્વાને કહ્યું છે,

''જે મોટાં-મોટાં પરિવર્તનો વ્યક્તિઓ અને દેશોના જીવન પર પ્રભાવ પાડે છે, તે આ અદશ્ય આધ્યાત્મિક જગતમાં જ જન્મ લે છે. તે દૈવી બુદ્ધિથી ઉત્પન્ન થાય છે અને પછી આ પૃથ્વી સુધી પહોંચી જાય છે. આ સમયે સમગ્ર કારણ જગત ઝડપથી ગતિશીલ બની રહ્યું છે અને તેની જ પ્રતિક્રિયા પૃથ્વીના પદાર્થો પર પણ દેખાઈ રહી છે. તેનો પ્રભાવ લોકોના હૃદય, મગજ, વિચાર અને કાર્યો પર પણ પડી રહ્યો છે.''

જ્યારે આપણે સામાન્ય વાતચીતમાં કહીએ છીએ કે અમુક વ્યક્તિ ભૂલ કરી રહી છે, તો એનો વાસ્તવિક આશય એવો ન સમજવો જોઈએ કે મનુષ્ય દૈવી નિયમ વિરુદ્ધ ચાલવાનું સામર્થ્ય ધરાવે છે. તેનામાં એવી શક્તિ નથી. એનો અર્થ એ જ સમજવો જોઈએ કે મનુષ્યમાં અહંભાવ ઉત્પન્ન કરવામાં આવ્યો છે અને તેને કાર્ય કરવાની થોડી સ્વતંત્રતા આપવામાં આવી છે. તેથી અમુક હદ સુધી તે ઇચ્છા મુજબ કાર્ય કરી શકે છે અને પછી પોતાની ભૂલ સુધારી લે ત્યારે પાછો વળી જાય છે. વાસ્તવમાં ભૂલ કરવી અને તેને સુધારવી આ બન્ને બાબતો દૈવી નિયમનાં અંગો છે.

વર્તમાન સમયમાં જ્યારે લડવામાં આવતાં યુદ્ધો અને આગામી વિશ્વયુદ્ધ પર વિચાર કરીએ છીએ, ત્યારે આપણે એ જ નિર્ણય કરવો પડે છે કે આ કાર્ય ખોટું હોવા છતાં યોગ્ય છે. સામાન્ય દૃષ્ટિએ યુદ્ધ એક ખરાબ કાર્ય છે, કેમ કે તેના પરિણામે ધન અને જનનો ઘોર નાશ થાય છે તથા જનતાને અસહ્ય કષ્ટો ભોગવવાં પડે છે, પરંતુ બીજી દૃષ્ટિએ એ બરાબર પણ છે, કેમ કે એના દ્વારા જ જૂનો યુગ ખતમ થઈને નવો યુગ ઝડપથી નજીક આવે છે. યુદ્ધ મનુષ્યના અહંકારને દબાવી તેને ઈશ્વર સામે આત્મસમર્પણની પ્રેરણા આપે છે અને વિકાસના આગામી ધ્યેય માટે નવો અનુભવ પણ પ્રદાન કરે છે.

આપણા દેશમાં એવા લોકોની કોઈ ખોટ નથી, જેઓ અધ્યાત્મનો અર્થ ઘર-પરિવારનો ત્યાગ કરી લંગોટ પહેરીને જંગલ કે ગુફાઓમાં રહેવું અને કંદમૂળ વગેરે ખાઈને જીવનનિર્વાહ કરવો એવો કરે છે. એવા પણ અજ્ઞાની લોકો મોજૂદ છે, જેઓ દાઢી અને જટા વધારી લેવી, શરીર પર ભસ્મ ચોળી લેવી કે ગરમીના દિવસોમાં ધૂણી તપાવવી, શિયાળાના દિવસોમાં નદીના પાણીમાં બે-ચાર કલાક ઊભા રહીને જપ કરવા વગેરે શરીરનાં કષ્ટોને અધ્યાત્મ સમજી બેઠા છે. અમે બતાવવા માગીએ છીએ કે આ બધાં ભ્રમયુક્ત વિચારો છે. આ સંબંધે એક વિચારકે કહ્યું છે,

''અમારો વિશ્વાસ છે કે નિકટના ભવિષ્યમાં જે નવા યુગનો આવિર્ભાવ થઈ રહ્યો છે, એમાં સૌથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મુખ્ય પરિવર્તન મનુષ્યોની ચિત્તપ્રવૃત્તિઓમાં થશે અને તેઓ સાચા અર્થમાં ધાર્મિક બનવાનો પ્રયત્ન કરશે. એ માટે જરૂરી નથી કે જંગલમાં જઈને જ તપસ્યા કરવામાં કે ઝભ્ભો, ધોતી, કોટ, પાયજામો છોડીને કૌપીન ધારણ કરવામાં આવે અને છાલ તથા પાંદડાંનાં વસ્ત્રો ધારણ કરવામાં આવે. આ બધી ઉપરછલ્લી વાતો છે, જે દેશકાળ અનુસાર આપોઆપ બદલાતી રહે છે. એક જમાનો હતો, જ્યારે દેશના ઘણા વિસ્તારમાં જંગલો હતાં અને કાંતવા-વણવાની કલાનો પ્રચાર ઘણો ઓછો થયો હતો, તે વખતે લોકો મરી ગયેલાં કે મારેલાં હરણ, સિંહ વગેરેના ચામડાંથી ઓઢવા, પાથરવા અને પહેરવાનું કામ ચલાવી લેતા હતા, પરંતુ તેનાથી તેઓ બધા આધ્યાત્મિક બની જતા હતા એવું કોઈ માની ન શકે. આજે પણ તિબેટ વગેરેમાં એવા લોકો જોવા મળે છે, જેઓ ઠંડીને કારણે ગુફાઓમાં રહે છે અને જોનારાઓને સાધુ કે ઋષિ જેવા લાગે છે, જેઓ હકીકતમાં ડાકુનો ધંધો કરે છે અથવા મનુષ્યોને મારીને ખાઈ જતા નર-રાક્ષસો છે. આવા જ હાલ આફ્રિકાના ઘણા હબસીઓના છે, જેઓ પાંદડાંઓની લંગોટ પહેરીને પૂર્ણપણે પ્રાકૃતિક જીવન વિતાવે છે, પરંતુ જેમને મનુષ્યનું માંસ મળી જાય, તો તેને સૌથી સારું ભોજન માની ખૂબ આગ્રહ સાથે ખાય છે.''

અધ્યાત્મનો અર્થ છે - સંસારમાં એક જ આત્મતત્ત્વ વ્યાપ્ત હોવાની અનુભૂતિ અને તે અનુસાર પ્રત્યેક મનુષ્યને તથા પ્રાણીને સમાન સમજવાં, તેમનાં સુખદુઃખનો પણ પોતાનાં સુખદુઃખ જેવો જ ખ્યાલ રાખવો. ભાવિ મનુષ્યો આ ધર્મને જ માનનારા હશે. ભલે તેઓ કલાકો સુધી મંદિરમાં બેસીને મૂર્તિઓની પૂજા-આરતી ન કરે અને ધર્મના નામે બીજા સંપ્રદાયોની નિંદા કરવા, મરવા કે મારવા તૈયાર ન થતા હોય, પરંતુ તેઓ બધાને પોતાના જેવા એક જ વિરાટ આત્માના અંશ માનીને બધાની સાથે પ્રેમ, સહાનુભૂતિ અને ઉદારતાનો વ્યવહાર કરશે. આજકાલ જુદા-જુદા ધર્મના લોકો ઈશ્વર અને ધર્મના નામે ઝઘડતા રહે છે અને અન્ય ધર્મના લોકોની હત્યાને પણ પુણ્યકાર્ય સમજે છે, આવી મૂઢતા ભવિષ્યમાં દેખાશે નહીં, પરંતુ તે સમયે ઈશ્વર ઉપાસનાનું સૌથી શ્રેષ્ઠ રૂપ એ જ હશે કે અન્ય બધા લોકોની સેવા અને સહાયતા કરી શકાય તથા ઘૃણા અને કલહનું કોઈ નિશાન પણ નહિ રહે.

તે સમયે રાજનીતિનું સ્વરૂપ પણ બદલાઈ જશે અને લોકો રાષ્ટ્રીયતા તથા જાતીયતાના નામે એકબીજાનો નાશ કરવાને બદલે સમસ્ત સંસારમાં એક સહિયારું શાસન સ્થાપીને મનુષ્યમાત્રને સુખી બનાવવાના પ્રયાસો કરશે. આજે જે અબજો રૂપિયા યુદ્ધની તૈયારીઓ અને અસ્ત્રશસ્ત્રો બનાવવામાં ખર્ચાય છે, તેનો ઉપયોગ અભાવગ્રસ્તો માટે કરવામાં આવશે. એનાથી સૌને લાભ થશે અને દુષ્ટતા, દુર્જનતાના ભાવોને સ્થાને સજ્જનતાનો વ્યવહાર થવા લાગશે.

સંયુક્ત રાષ્ટ્ર સંઘ (United Nations) જોકે આજે પણ છે અને તે યુદ્ધોને રોકવા માટે પ્રયાસ પણ કરી રહ્યો છે, પરંતુ લોકોના મનમાં કપટ હોવાથી તેને ખૂબ જ ઓછી સફળતા મળી શકે છે. રાષ્ટ્રસંઘમાં પણ જૂથબંધી મોજૂદ છે અને ત્યાં પોતપોતાના હિતના પક્ષનું સમર્થન તથા બીજાઓનો વિરોધ કરવામાં આવે છે, એ વાતનો ખ્યાલ કોઈ રાખતું નથી કે સચ્ચાઈ કોના પક્ષે છે. આજે સંસારનાં બધાં રાષ્ટ્રો યુદ્ધની તૈયારીમાં લાગેલાં છે અને તેમની શક્તિ વધારવા માટે સારા કે ખરાબ બધા ઉપાયોનો સહયોગ લઈ રહ્યા છે. આજે ધ્યાનથી જોશો તો ભૌતિકતા અને સ્વાર્થીપણું તેની ચરમસીમાએ પહોંચી રહ્યાં છે. લોકો આને ઘોર કળિયુગ કહે છે, પરંતુ અમે માનીએ છીએ કે આ અધ્યાત્મયુગ અથવા ધર્મયુગ સુધી પહોંચવાની એક સીડી છે. મનુષ્ય ઘણાં વિઘ્નો અને બાધાઓને પાર કરી ચૂક્યો છે, હવે ફક્ત રાષ્ટ્રીયતા કે જાતીયતાની કૃત્રિમ બાધા બાકી રહી ગઈ છે, જે પાર થતાં જ માનવતાનો સૂર્યોદય થશે અને બધા લોકો પહેલી વાર સાચું સુખ અને શાંતિનો અનુભવ કરવા લાગશે.

જે લોકો કહે છે કે શાંતિ સ્થાપવા માટે સંસારમાંથી યુદ્ધો મિટાવી દેવામાં આવે, નિઃશસ્ત્રીકરણ કરવામાં આવે, તેઓ આ સમસ્યાનું પૂર્ણ સમાધાન નહીં કરી શકે. ફક્ત યુદ્ધનો વિરોધ કરવાથી કે તેને રોકવા માટેના પ્રયત્નો કરવાથી કશું નહીં થાય, આપણે એ મૂળ કારણોને દૂર કરવાં પડશે, જેના કારણે પરસ્પર કલહ અને દ્વેષની ઉત્પત્તિ થાય છે. આજની સ્થિતિ એ છે કે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જ્યારે અસ્ત્રશસ્ત્રો દ્વારા યુદ્ધ અને માનવહત્યા થતી નથી, તો પણ શીતયુદ્ધ ચાલતું રહે છે, એટલે કે વિભિન્ન રાષ્ટ્રો પોતાના પ્રતિદ્વંદ્વીઓને ડરાવવા-ધમકાવવા માટે તેમની શક્તિનું અપ્રત્યક્ષપણે પ્રદર્શન કરતાં રહે છે. જેથી અશાંતિનું વાતાવરણ પેદા થાય છે અને તે વધતાં-વધતાં અંતે યુદ્ધના રૂપમાં ફાટી નીકળે છે. એટલું જ નહીં, પાકિસ્તાન અને ચીન જેવા ઉદ્દંડ દેશો તો શાંતિના સમયે પણ છૂપી રીતે સશસ્ત્ર ઘૂસણખોરી કરતા રહે છે, જેમાં ૧૦-૨૦ લોકોનાં મરણ સામાન્ય બાબત હોય છે, પરંતુ તેને યુદ્ધકાર્ય માનવામાં આવતું નથી અને વિરોધપત્ર મોકલીને કિસ્સો ખતમ કરી દેવામાં આવે છે તેથી જો સંસારને વાસ્તવમાં યુદ્ધની વિપત્તિમાંથી મુક્ત કરાવવો હોય તો ઉપાય એ જ છે કે જીવનનાં વિભિન્ન ક્ષેત્રોમાં જે દ્વેષ અને કલહની ભાવનાઓ ફેલાયેલી છે, તેમને મિટાવી દેવામાં આવે.

આ પ્રકારની ભાવનાઓ મોટેભાગે અહંકાર અને સ્વાર્થીપણું વધવાને કારણે વૃદ્ધિ પામે છે. જ્યાં સુધી મનુષ્ય ભૌતિકતાની દૃષ્ટિએ કાર્ય કરે છે અને પોતાના સ્વાર્થને બીજાના સ્વાર્થથી ભિન્ન કે વિરોધી સમજે છે, ત્યાં સુધી તેનામાં શત્રુતાના ભાવ વધતા જાય છે અને બીજાઓને નુકસાન પહોંચાડીને પોતાનો સ્વાર્થ પૂરો કરવો તેને એક પ્રશંસનીય કાર્ય માને છે. જે સમાજ, દેશ કે રાષ્ટ્રમાં આવી ભાવના ધરાવતા લોકોની સંખ્યા વધારે હોય ત્યાં હત્યા અને અશાંતિનો દોર ચાલતો રહે છે, પરંતુ મનુષ્ય જ્યારે અંદર રહેલી ચૈતન્ય સત્તાને સમજી જાય છે અને એ પણ અનુભવવા લાગે છે કે બધા માનવીમાં એક જ સત્તા કામ કરી રહી છે, ત્યારે તેની ભેદભાવની દૃષ્ટિ ખતમ થવા લાગે છે અને તે અધ્યાત્મ પથનો પથિક બની સહકાર અને સુમેળભર્યું જીવન વ્યતીત કરવા લાગે છે. આ દૃષ્ટિએ આધ્યાત્મિકતાનો પ્રચાર સંસારમાંથી યુદ્ધ મિટાવીને શાંતિ સ્થાપવા માટેનું મુખ્ય સાધન છે.

જે લોકો દુનિયામાં ફેલાયેલી અશાંતિનું કારણ ખાદ્ય સમસ્યા બતાવે છે, તેઓ પણ અમુક હદે ભ્રમમાં જ છે. મનુષ્યનું લક્ષ્ય ફક્ત 'ભોજન' છે એમ કહેવું એ તેને 'પશુશ્રેણી'માં મૂકવા જેવું છે. પશુના જીવનનો ઉદ્દેશ ફક્ત આહાર પ્રાપ્ત કરવાનો હોય છે. તે એના કરતાં ઊંચી વાતને સમજતાં જ નથી, પરંતુ મનુષ્યની વિશેષતા તેનું જ્ઞાન અને વિવેક છે. તે દ્વારા જ એ અનેક માર્ગોમાંતી સર્વશ્રેષ્ઠ માર્ગની પસંદગી કરી શકે છે. જીવન ટકાવી રાખવા માટે પણ આહાર અનિવાર્ય તો છે, પરંતુ જીવનમાં અનેક બાબતો તેના કરતાં વધુ મહત્ત્વની છે. ઉદાહરણ તરીકે ઉચ્ચ મનોવૃત્તિની વ્યક્તિ સ્વાભિમાન તથા ધર્મરક્ષા માટે મોકો આવે તો 'આહાર'ના પ્રશ્નની ઉપેક્ષા કરી દે છે અને ઘણીવાર તેમને આ કાર્યમાં પોતાના પ્રાણ પણ ગુમાવવા પડે છે.

અમે માનીએ છીએ કે ઉપર્યુક્ત ઉદાહરણ કોઈ વિશેષ પરિસ્થિતિ અને વિશેષ વ્યક્તિઓ માટે જ છે. સામાન્ય માણસ ભૂખ્યો રહીને કે કોઈ નુકસાન કરીને આધ્યાત્મિકતાનો અનુયાયી બની શક્તો નથી, તો પણ અન્ય લોકો સાથે સત્ય, ન્યાય અને સહાનુભૂતિનો વ્યવહાર કરવો, કોઈની સાથે એવો વ્યવહાર ન કરવો જેવો પોતાના માટે આપણે ઇચ્છતા નથી. આ અધ્યાત્મના એવા નિયમો છે, જેમને સાચા માનવામાં કોઈને આપત્તિ ન હોઈ શકે. વ્યક્તિ સમાજ તથા સંસારનું હિત એન. પર જ આધારિત છે. એ જરૂરી નથી કે બધા લોકો પોતાનો ધર્મ, જાતીયતા, ભાષા અને પહેરવેશ છોડીને એક જેવા બની જાય, પરંતુ પોતાની સંસ્કૃતિ અને ધર્મનું રક્ષણ કરતા રહી આપણે બીજાની સંસ્કૃતિ અને ધર્મનો પણ આદર કરવો જોઈએ. મનુષ્ય જ્યારે દુરાગ્રહ રકે પક્ષપાતને કારણે યોગ્યને છોડી અયોગ્યનું સમર્થન કરે છે, ત્યારે જ કલહ કે સંઘર્ષમાં વધારો થાય છે. તેથી જો આપણે સંસારવ્યાપી શાંતિ, સુખ તથા પ્રગતિના હિમાયતી હોઈએ અને ઇચ્છતા હોઈએ કે આપણે પોતે તથા અન્ય લોકો સુખી જીવન વ્યતીત કરે, તો તે માટે આધ્યાત્મિક માર્ગે ચાલવું એ જ આપણું કર્તવ્ય છે. એ માટે આપણું પ્રથમ કર્તવ્ય એ જ છે કે પોતાનાં સુખદુઃખ જેવાં જ બીજાનાં સુખદુઃખને પણ સમજીએ. ધર્મની દૃષ્ટિએ પ્રાણીમાત્રને અને વિશેષતઃ બધા મનુષ્યોને આત્મીયતાની દૃષ્ટિથી જોવાં એ પણ બુરાઈને મિટાવીને ભલાઈ અપનાવવાનો મુખ્ય ઉપાય છે.

✦ ✦ ✦



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# "કૃપા ન માગીએ સાધનાનો પુરુષાર્થ કરીએ"

પરમાત્માના આશીર્વાદ-કૃપા વરસે, પોતાને કશું જ કરવું ન પડે અને અનાયાસે જ અધ્યાત્મની ઊંચી કક્ષાએ પહોંચી જઈએ એ ખરેખર પ્રિય લાગે છે. અંગત જીવનમાં જ્યારે આ પ્રકારની કૃપા વરસે છે, તો તેને ઈશ્વરની સહાયતા, ચમત્કાર, વિનાકારણની કૃપા અને ભગવદ્દર્શન જેવી ઉપલબ્ધિઓના નામે ઓળખીએ છીએ. સામૂહિકરૂપે કૃપા અથવા ઘણા મોટા સમુદાય, દેશ અથવા વિશ્વમાં તેમની કૃપા વરસે છે, તો તેમને અવતાર કહીએ છીએ. પરમાત્મચેતના પોતે પોતાને લૌકિક રૂપમાં ઢાળે છે અને પોતાના સામર્થ્ય વડે ચમત્કાર કરીને પાછી ચાલી જાય છે. અવતાર સમગ્ર સમૂહ, સમાજ અથવા દેશની આકાંક્ષા અને આવશ્યકતા અનુસાર આવે છે.

એક અન્ય પક્ષ છે, જે અંગત જીવન અને સામાજિક, રાષ્ટ્રીય જીવનમાં પણ જોવા મળે છે, તે પરિદૃશ્ય પણ ઈશ્વરના સામર્થ્ય વડે જ પ્રગટ થાય છે, પરંતુ તેમાં માનવીય પરાક્રમ પણ તેટલું જ ભાગીદાર બને છે. ગોવર્ધન પર્વત નિશ્ચિતપણે શ્રીકૃષ્ણએ ટચલી આંગળીના ઈશારે જ ઊંચક્યો હતો, પરંતુ બાળ-ગોપાલોએ પણ પોતાની લાકડીઓનો ટેકો આપીને પુરુષાર્થ પ્રગટ કર્યો હતો. લંકા વિજય અને રાવણના પરાજયમાં શ્રીરામનો જ દિવ્ય ચમત્કાર નજરે પડે છે, પરંતુ રીંછ-વાનર એકઠા ન થાત, આસુરી આતંકથી પીડિત લોકોએ રક્ષણ માટેની બૂમો પાડી ન હોત, તો એકલા રામ કદાચ રાવણનો સંહાર કરવા ન જાત.

અન્ય પ્રકારના પ્રયત્નોમાં મનુષ્ય જાતિ જ પોતાની અંદર ઈશ્વરીય સામર્થ્ય પ્રગટ કરે છે અને આસુરી આતંક સામે લડી પડે છે. તે સંગઠિત અત્યાચારી શક્તિઓ સામે ટકરાય છે. તેમને પરાજિત કરી માનવીય મૂલ્યોની પ્રતિષ્ઠા કરે છે. અંગત જીવનમાં આત્મિક ક્રાંતિ માટે આ પ્રકારના પ્રયત્નોને સાધના કહે છે. જે ઉપાયો વડે પરમાત્માની કૃપા વરસે છે, ખરેખર તો તે ઉપાય ઓછો અને મૌન પોકાર વધારે છે. તેને પ્રાર્થના કહે છે. પ્રાર્થના સાંભળીને ભગવાન દોડતા આવે છે. તેમની કૃપા વરસવા લાગે છે. સાધનામાં પ્રયત્નોની તીવ્રતા અનુસાર પોતાની અંદર પરમાત્મચેતનાની સ્વયંને વ્યક્ત કરે છે. તે સાધકને તેને સ્થિતિ પ્રમાણે લાભ પહોંચાડે છે અને તેના લૌકિક જીવનને ઓછામાં ઓછું સ્પર્શે છે.

પ્રાર્થનાનો માર્ગ ભક્તિનો માર્ગ છે. ભક્તોના જીવનમાં પરમાત્માની કૃપા વરસે છે, ત્યારે જોવા મળે છે કે તેમનું સાંસારિક જીવન અસ્ત-વ્યસ્ત થવા લાગે છે. તેમને પોતાની આંતરિક સ્થિતિ પ્રમાણે ગમે ત્યારે હસવું આવે છે, તેઓ રડવા લાગે છે, નાચવા-ગાવા લાગે છે અને ભાવનાઓના વેગમાં આસપાસના જગતને પણ અવ્યવસ્થિત કરવા લાગે છે. ખાસ કરીને ભાવુક ભક્ત ઘણુંખરું દુનિયાદારીને લાયક નથી હોતા.

સાધનાની બાબતમાં કહેવામાં આવ્યું છે કે પહેલાં તે પાત્રતા વિકસિત કરે છે, પછી પરમાત્માને પ્રગટ કરે છે. યોગની ભાષામાં આને ઊર્જાનું આરોહણ કહે છે. ભક્તિ અથવા પ્રાર્થનામાં ભગવાનની કૃપા વરસે છે, તો તેને 'અવતરણ' કહેવામાં આવે છે. તત્ત્વરૂપે આરોહણ અથવા અવતરણમાં કોઈ અંતર નથી. બંને સ્થિતિઓમાં ભગવાનની ચેતના જ પ્રગટ થાય છે, પરંતુ આરોહણને અવતરણની તુલનામાં વધારે સહજ, સ્વાભાવિક અને સુંદર ગણવામાં આવ્યું છે. પ્રત્યેક વ્યક્તિની આંતરિક સ્થિતિ એકસરખી હોતી નથી. કોઈને આરોહણ અનુકૂળ પડે છે અને કોઈને અવતરણ, પરંતુ પસંદ કરવાનું હોય તો ઊર્જાને પોતાની અંદરથી જાગૃત કરવાનો માર્ગ અપનાવવો જોઈએ.

આરોહણ અને અવતરણના અંતરને ઘણી બધી રીતે સમજી શકાય છે. વર્ષા ચોવીસ કલાક સુધી થતી નથી. થોડાક કલાકો સુધી થતી રહે, તો પણ જીવન અસ્ત-વ્યસ્ત થઈ જાય છે, પરંતુ ઝરણાં, સરોવર, કૂવા અને સ્રોતોમાં જમીનની અંદરથી પાણી નિરંતર વહ્યા કરે છે. તે સ્થાનને અનુરૂપ એકત્રિત થઈને પછી રોકાઈ જાય છે. આના લીધે કોઈપણ પ્રકારની ગરબડ થતી નથી. મૂશળધાર અને સતત પડતા વરસાદને વાદળામાંથી થતું પાણીનું અવતરણ કહી શકીએ અને જમીનના આંતરિક સ્રોતોમાંથી નીકળવાની પ્રક્રિયાને આરોહણના રૂપમાં જોઈ શકાય છે.

પરમાત્મ ચેતના દ્વારા કશું કર્યા વગર પણ સાક્ષાત્કાર થઈ જાય છે. ઘણા બધા લોકોને એકસાથે પણ થઈ શકે છે. આવા કેટલાય સાધકોની તૈયારી પાછલા કેટલાય જન્મોથી ચાલી રહી હોય છે. તેઓ તે સાક્ષાત્કારમાંથી લાભ મેળવી લે છે. જેમને પ્રયત્ન વગર જ પરમતત્ત્વ મળી જાય છે, તેઓ કાં તો ચૂકી જાય છે અથવા તે પ્રતીતિને સહન ન કરી શકવાના કારણે અસહજ-અસામાન્ય થઈ જાય છે. શ્રી અરવિંદ લખે છે કે પાછલા જન્મની તૈયારી હોય તો પણ અવતરણ અકસ્માત્ ન થવું જોઈએ. થોડી-ઘણી તૈયારી આ જન્મમાં પણ જરૂરી છે. પાર્થિવ શરીર તો આ જન્મમાં મળ્યું છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર પણ નવા ઘટકોનાં પંચ-તન્માત્રાઓનો આશ્રય લઈને સ્થિર છે. તેમને પણ તૈયાર કરવાં જોઈએ.

અન્યના પ્રયત્નો પણ વ્યક્તિનો ઉદ્ધાર કરે છે. તેને સૌભાગ્ય કહેવામાં આવે છે. મહર્ષિ પતંજલિના યોગસૂત્રની વ્યાખ્યા કરતાં વ્યાસમુનિએ લખ્યું છે કે તે સૌભાગ્યમાંથી બચીએ તો જ સારું. કૃપા તો ઈશ્વરની પણ લેવી ન જોઈએ. તેઓ સ્વયં પ્રગટ થાય તો પાછા મોકલી દેવા જોઈએ. આપણે પોતે જ સાધનાનો પુરુષાર્થ કરતા રહીને ત્યાં સુધી પહોંચીએ ત્યારે તેની સાથે વધુ ઘનિષ્ઠ બની શકીશું. પ્રહ્લાદ અને ધ્રુવની સાધના ભક્તિનો આદર્શ છે. તેમણે અનાયાસે આવેલ અવતારી રૂપ અથવા દશ્યને ઓળખવાની ના પાડી દીધી. કહ્યું કે તે હૃદયમાં પ્રગટ નહીં થાય ત્યાં સુધી તેઓ અતિથિ-ઈશ્વરનો સ્વીકાર નહીં કરે. કોને ખબર, કોઈ આસુરી માયા હોય !

શ્રી અરવિંદે અતિમાનસના અવતરણનો જે સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો, તે અનુગ્રહ અથવા કૃપા સ્તરનો નથી. તેઓની દૃષ્ટિ એ હતી કે સો લોકો પણ આ સાધના માટે તૈયાર થઈ શકે તે પોતે પોતાને ભાગવત્ ચેતનાના અતિમાનસી રૂપનું વાહન બનાવી શકે તો પૃથ્વી ઉપર ચમત્કારો થશે. ત્યારે હજારો-લાખો લોકો પૂર્ણતાને પ્રાપ્ત કરી શકશે. ગણ્યા-ગાંઠ્યા સાધકોમાં થનારું અવતરણ, તેમને જેવા બનાવી દેશે, જ્યાંથી લોકો સુધી વિદ્યુતધારા પહોંચતી રહે. ગણ્યા-ગાંઠ્યા સાધકોમાં ભાગવત ચેતનાનું અવતરણ તેમને પ્રકાશ સ્તંભની જેમ ઊભા કરી દેવા જેવું છે. મુક્ત આત્માઓના તે આલોકને જોઈને હજારો લોકોને પ્રેરણા મળી શકે છે અને તેઓ પણ પૂર્ણતાને પ્રાપ્ત કરી શકે છે.

થિયોસોફી આંદોલને વાસના-તૃષ્ણાનાં બંધનોમાં બંધાયેલ લોકો માટે અનુગ્રહ સહાયતાવાળા અવતરણનો માર્ગ અપનાવ્યો. થિયોસોફી દર્શનની માન્યતા છે કે હજારો મુક્ત આત્માઓ બંધનમાં જકડાયેલ લોકોનો ઉદ્ધાર કરવા માટે સંસારમાં વિચરણ કરે છે. લોકો ઇચ્છા માત્ર કરે, તેઓ તેમને સહાય કરવા પહોંચી જાય છે. આ માન્યતાએ જેટલા લોકોને સહાય કરી, તેના કરતાં વધારેનું અહિત કર્યું છે. અદૃશ્ય સહાયકોની પ્રતીક્ષા કરતા સાધકો પુરુષાર્થ કરવાનું ચૂકી ગયા. તેઓ આત્મિક વિકાસ ન કરી શક્યા, અને તેના સ્થાને બેહોશ કરી નાંખનારા દંભમાં ચૂર થઈને રહી ગયા.

સાધનામાં પ્રચંડ વેગથી પ્રવૃત્ત કરનારી પરંપરાઓમાં સામૂહિક તપનો નિષેધ કરવામાં આવ્યો છે. જપ, ભજન, સત્સંગ, પાઠ જેવી મૃદુ અને પોકારસૂચક સાધનાઓમાં સામૂહિકતાને થોડું મહત્ત્વ આપવામાં આવ્યું છે, કેમ કે તેનાથી વધારાનું બળ મળે છે, પરંતુ કુંડલિની જાગરણ, ચક્રવેધન, ભાગવતી દીક્ષા અને તંત્રની સકામ-નિષ્કામ દરેક પ્રકારની સાધનાઓ એકલા જ કરવાની વ્યવસ્થા છે. આ સાધનાઓ સમૂહમાં કરવામાં આવે તો વિલક્ષણ પરિણામ આવે.

અધ્યાત્મવિદો અનુસાર પરિણામ લાભને બદલે નુકસાન પહોંચાડનાર વધારે હોય છે. ઊર્જાનું તીવ્ર જાગરણ અને સમૂહમાં તેનો સંચાર કમજોર લોકોને બરબાદ કરી શકે છે. વીજળીનો પ્રચંડ પ્રવાહ અચાનક વધી જાય તો નબળા તાર બળી જાય છે. મશીનો બળી જાય છે અને વધુ વોલ્ટેજ સહી ન શકનારા બલ્બના ફ્યૂઝ ઊડી જાય છે.

કુંડલિની જાગરણ માટે આમ પણ અંગત પુરુષાર્થને મહત્ત્વ આપવામાં આવ્યું છે. દક્ષિણમાર્ગી સૌમ્ય સાધનાઓમાં ગુરુની ભૂમિકા માર્ગદર્શક અને સહાયકની રહેતી હોય છે. તેઓ જરૂરી અને ઉચિત સમજે તો શિષ્ય ઉપર શક્તિપાત્ કરી શકે છે, પરંતુ સામાન્ય રીતે આની મનાઈ છે. સાધકને સ્વપ્રયત્નો વડે જ આગળ વધવાનો નિર્દેશ છે.

ઊર્જાનો પ્રચંડ પ્રવાહ જગાવનારી સાધનાઓમાં સામૂહિકતાનો નિષેધ એક-બીજાથી પ્રભાવિત ન થવા દેવાની સાવધાનીના કારણે પણ છે. જ્યાં સામૂહિક સાધના કરવામાં આવે છે, ત્યાં કેટલીક વધારાની ઊર્જા પણ વહેવા લાગે છે, આ બધું સાધકોના સામૂહિક પ્રયત્નોના કારણે છે. દરેકને ભેળવી-એકઠી કરીને અંદાજિત માત્રા કરતાં વધારે જ થઈ જાય છે. ઉદાહરણ તરીકે કોઈ ખાલી પાત્રમાં સો લોકો અડધો-અડધો લિટર દૂધ નાખે, તો તે ભેગું થયેલું દૂધ પચાસ લીટર કરતાં વધારે જ હશે. કારણ કે બધા જ લોકો માપીને અડધો લિટર તો નથી નાખતા, બે ચાર ચમચા વધારે પણ હોઈ શકે છે. પચાસ લોકોનું તે વધારાનું યોગદાન વાસ્તવિક સરવાળાથી વધારે જ હોય છે. અપવાદરૂપે તે ક્યારેક ઓછું પણ હોઈ શકે છે. કુંડલિની વિદ્યાના પ્રસિદ્ધ વિદ્વાન પંડિત ગોપીકૃષ્ણના જણાવ્યા પ્રમાણે, આ વધારાની ઊર્જા ખાલી રહેલા સાધકો તરફ દોડે છે. પ્રવાહ થોડો આગળ વધે છે, ત્યારે અન્ય સાધકોની ઊર્જા પણ વહેવા લાગે છે. જોખમ એ છે કે તૈયાર ન થયેલો સાધક તે વેગને સહન કરી નહીં શકે અને તેનું અહિત થઈ જશે.

શૂન્ય સ્થાન તરફ દોડનારા પ્રવાહોથી આંધી ઊઠે છે. ગરમીના દિવસોમાં રણ પ્રદેશ અથવા સૂકી જગ્યાઓ ઉપર ઉદ્ભવતા ચક્રવાતોથી સૌ પરિચિત છે. એ પણ જાણતા હશો કે ગરમીના કારણે જે જગ્યાએ હવાનું દબાણ અત્યંત ઓછું થઈ જાય છે, ત્યાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દરેક દિશાઓમાંથી વાયુનું ખેંચાણ થવા લાગે છે. ખેંચાણના કારણે આવનારી હવાઓનું દબાણ ઝપટમાં આવનારી વસ્તુઓને જકડી લે છે. જીવિત પ્રાણી તે ઝપટમાં આવી જાય, તો તેનો શ્વાસ રૂંધાવા લાગે છે.

સાતમા દાયકામાં અમેરિકાના દરેક શહેરોમાં આઠ-દસ કલાક માટે વીજળી ગુલ થઈ જવાની ઘટના બની. તે ઘટનાનું કારણ વીજળીનું તંત્ર હતું, જેમાં એક જગ્યાની ફાજલ વીજળી બીજી જગ્યાએ મોકલી દેવામાં આવતી હતી. કોઈ વિશેષ ઉપાય કર્યા વગર આ સ્વચાલિત વ્યવસ્થાના કારણે કોઈપણ ક્ષેત્રમાં ક્ષણભર માટે પણ વીજળી ગુલ ન થવાની વ્યવસ્થા થઈ શકી હતી. થયું એવું કે એટલામાં રાજ્યના એક ગામની વીજળી કોઈ દુર્ઘટનાને કારણે જતી રહી. પોતાની મેળે વીજળીનું હસ્તાંતરણ કરનારી વ્યવસ્થાના કારણે અન્ય ગામોની વધારાની વીજળીનો પ્રવાહ વેક્યુમ ક્ષેત્ર તરફ વહેવા લાગ્યો. કેટલીય જગ્યાએથી આ પ્રવાહ દોડ્યો. પરિણામ એ આવ્યું કે ગામનું તંત્ર તે પ્રવાહને ખમી ન શક્યું. વ્યવસ્થા પડી ભાંગી. બધા જ ફ્યૂઝ ઊડી ગયા, ટ્રાન્સફોર્મર નાશ પામ્યાં. આ મોટા શૂન્યાવકાશને ભરવા માટે જે અંધાધૂંધી ફેલાઈ, તેણે તમામ શહેરોની વ્યવસ્થા અસ્તવ્યસ્ત કરી નાંખી અને દરેક જગ્યાએ કલાકો માટે બ્લેક આઉટ થઈ ગયું. પ્રચંડ વેગથી ઊર્જા જગાવનારી તીવ્ર સાધનાઓમાં પણ આ જ પ્રકારની અરાજકતાનું જોખમ રહેલું છે. એટલા માટે તે પુરુષાર્થ સ્વયં અને એકલા કરવાનું શ્રેયસ્કર બતાવવામાં આવ્યું છે.

આરોહણ અને અવતરણમાં સાત્ત્વિક દૃષ્ટિએ કોઈ અંતર નથી. પરમાત્મા સર્વત્ર વ્યાપ્ત છે. તે જ્યાં પ્રગટ થાય છે, વિશેષ અંતર પડતું નથી. આરોહણ અને અવતરણના તથ્યને વ્યાપક વ્યવહાર બુદ્ધિથી જોઈએ તો પણ જણાશે કે એક દિશાએથી જે આરોહણ છે, બીજી દિશાએથી તે અવતરણ પણ છે. પૃથ્વી ગોળ છે. મંગળના ગ્રહ ઉપર બેસીને જોવાનું શક્ય હોય તો અહીંના લોકો એક દિશામાંથી પગના જોરે ઊભેલા જોવા મળશે, બીજા છેડે ચાલી રહેલા પગેથી લટકતા જોવા મળશે. ધરતીમાં એક બાજુએથી કાણું પાડીને આરપાર નીકળી જવાનાં ઉદાહરણથી પણ આ તથ્ય સમજી શકાય છે. ભારતમાં ઊભેલી વ્યક્તિ તે કાણાંમાંથી બીજા છેડે ઊભેલી ઈમારતને જુવે, તો તે જમીન ઉપર ઊભેલી દેખાવાને બદલે લટકતી દેખાશે. અહીંના ફુવારા આકાશમાં ફુવારા છોડતા પ્રતીત થાય છે, તે અન્ય છેડે ફુવારા પાણી વરસાવતા લાગશે. આરોહણ અને અવતરણના ક્રમને સીધા ઊભા રહી અને શીર્ષાસન કરીને જોવા રૂપે પણ સમજી શકાય છે.

પરંતુ આ અભેદ સ્થિતિ તાત્ત્વિક દૃષ્ટિથી છે. સાધકની દૃષ્ટિ આરોહણ અને અવતરણને એક જ કહી શકીએ. આધ્યાત્મવિદો એ આના આધારે વિભિન્ન ધર્મોના સ્વભાવ અને પ્રભાવનું પણ વિશ્લેષણ કર્યું છે. તેમના અનુસાર પ્રાર્થના ઉપર ભાર આપનારા ધર્મોની દૃષ્ટિ ધારણા કરતાં સંકુચિત હોય છે. તેઓ પરમાત્મા સાથે પૂર્ણ તાદાત્મ્ય સ્થાપિત કરી શકતા નથી. જે કૃપા કરે છે, તે હંમેશાં મોટો હોય છે. અન્ય પ્રાર્થના ઉપર ભાર આપનાર ધર્મોમાં અસહિષ્ણુતા અથવા કટ્ટરતા પણ વધારે જોવા મળે છે. તેમને પોતાની માન્યતાઓ અને અનુભવ જ પ્રામાણિક લાગે છે. અન્યના અનુભવ ખંડિત, આંશિક અથવા મિથ્યા પ્રતીત થાય છે. તેની ઉપર ચર્ચા ચાલે છે અથવા મતભેદ સામે આવે છે, ત્યારે તેમને ક્રોધ આવે છે. તેઓ જોર-જુલમી પણ અપનાવી શકે છે અને બીજાને પોતાનો મત મનાવવામાં પુણ્ય સમજે છે.

વિશ્વ સમાજમાં જેમ-જેમ સમજણ અને વિચારશીલતાનો વિકાસ થયો છે, તેમ-તેમ પોતાના મત પ્રત્યેનો પૂર્વગ્રહ ઓછો થયો છે. એવું પણ સ્વીકારવામાં આવી રહ્યું છે કે આપણો જ અનુભવ સત્ય માનવો નહીં, બીજાની અનુભૂતિ પણ સાચી હોઈ શકે છે. સત્ય વિરાટ છે અને જોવાવાળી આંખ અથવા અનુભવ કરવાવાળી ચેતનાને પોતાની મર્યાદાઓ છે. તે મર્યાદાઓમાં સત્યનો પૂર્ણ સમાવેશ થઈ શકતો નથી. ધ્યાન અથવા સાધના ઉપર ભાર મૂકનારા ધર્મોમાં ઉદારતા, સહિષ્ણુતા અને યુક્તિસંગતતાને પર્યાપ્ત સ્થાન મળ્યું છે. કેમ કે તે ધર્મ પરંપરાઓમાં પોતાની સાધના અને સ્થિતિ અનુસાર જ અર્જન કરેલું હોય છે. પોતાનાં પુરુષાર્થથી પ્રાપ્ત ઉપલબ્ધિ ઉપર ગર્વ અને સંતોષ હોય છે. તેને સંભાળવાની ચિંતા કરવામાં આવે છે.

આ દિવસોમાં વિશ્વ-સમાજમાં ધ્યાન અને સાધના પ્રત્યે ઊંડી રુચિ જાગી રહી છે. પાછલાં વીસ વર્ષોમાં વિભિન્ન સંગઠનોએ કુંડલિની, ધ્યાન, ચક્રવેધન અને યોગ જેવી આરોહણપરક સાધના-વિધિઓ માટે પ્રયાસ કર્યા. પ્રયાસો આંદોલન સ્તરના પણ હતા. તેમને પર્યાપ્ત સફળતા મળી છે. લાખો લોકો ધ્યાન અને સાધનામાં પ્રવૃત્ત થયા છે. ભજન, પૂજન, પ્રાર્થના અને ભક્તિનો પ્રચાર કરનારાં આંદોલન પણ છેડ્યાં, પરંતુ તેમને વિશેષ સફળતા ન મળી. ભારતીય ધર્મ-પરંપરામાં આ બંને માર્ગોનો સમાવેશ છે. 'પ્રાર્થના' અને 'સાધના' બંને વિધિઓ ઉપર પર્યાપ્ત અનુભવ અને વિજ્ઞાન અહીંની પરંપરા પાસે છે. એટલા માટે વિશ્વ-સમાજ તેની તરફ આશાભરી નજરે જોઈ પણ રહ્યો છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## દિશાબોધ

# લોકસેવી બ્રાહ્મણોચિત નિર્વાહ કરે, કાલનેમિથી બચીને રહે

કેટલાય લોકો એમ વિચારે છે કે અમે સંસ્થા પાસેથી નિર્વાહ લઈને કામ શા માટે કરીએ ? પોતાનું ખાવાના નામે નિર્વાહ લેનારાઓ કરતાં શ્રેષ્ઠ કેમ ન બનીએ ? આ કારણે કેટલાક લોકો કામ કરતા જ નથી. આ ગેરસમજ પાછળ કોઈ સિદ્ધાંત કામ કરતો નથી, માત્ર અહંકાર છલકાય છે. મહિને હજાર રૂપિયાનું કામ કરીને જો કોઈ સો રૂપિયા લે છે, તો તેનું નવસો રૂપિયાનું અનુદાન જ થયું. લોકસેવી જો જનતા પાસેથી બ્રાહ્મણોચિત નિર્વાહ લે તો તે વેતનભોગી કર્મચારી બની જતો નથી, પરંતુ શ્રદ્ધાયુક્ત નિર્વાહ દક્ષિણાના રૂપમાં પ્રાપ્ત કરી પોતાનું ગૌરવ વધારે છે. સાચા સેવક માટે આવી નમ્રતા આવશ્યક છે.

***લોકસેવી માયાવી કાલનેમિથી સાવધ રહે***

અહીં બીજું એક પ્રકરણ ધ્યાન આપવાલાયક છે. એ છે એવી વ્યક્તિઓથી બચવું, જેઓ કાલનેમિની જેમ સતત ષડ્યંત્રો રચે છે અને લોકસેવીની પ્રગતિના માર્ગમાં બાધા ઊભી કરે છે. આ પ્રકારના અનેક લોકો છે. કોઈ સત્પરામર્શ આપી મનોબળ વધારતા હોય છે અને સાધનાના ક્ષેત્રે સહયોગી બને છે, પરંતુ આજે એવી વ્યક્તિઓ ઘણી છે કે જેઓ કાલનેમિની ભૂમિકા નિભાવી સારા ભલા માણસને પથભ્રષ્ટ કરી નાખે છે. દરેક સમાજસેવી સંસ્થાને આવા કાલનેમિઓથી બચવું પડે છે. રાવણના ભાઈ કાલનેમિનું તેનાં કાળાં કરતૂતોને કારણે પુરાણોમાં ઘણી જગ્યાએ વર્ણન થયું છે. તે ત્રેતાયુગમાં આવ્યો હતો, પરંતુ કાળ સાથે બંધાયેલો ન હતો. દરેક યુગમાં તે દુર્બુદ્ધિ આપવાનું કામ કરતો આવ્યો છે. તેણે જ શૂર્પણખાને નાક-કાન કપાવા માટે રામ પાસે મોકલી તેમજ રાવણને સીતાનું હરણ કરવાની સલાહ આપી. મારીચ, મંથરા, કુંભકર્ણ, કૈકયીની બુદ્ધિ પલટાવવાના મૂળમાં તેની જ ભૂમિકા હતી. એ કાલનેમિની કુટિલતા આજે પણ તેનું કુચક્ર રચવામાં વ્યસ્ત છે. તેનો વિક્ષુબ્ધ જીવાત્મા તપસ્વી, યોગી, મહાત્મા કે અન્ય વેશ ધારણ કરીને સતત ભટકે છે તથા કમજોર મનઃસ્થિતિ ધરાવતી વ્યક્તિઓને શોધતો ફરે છે. યુગશિલ્પીઓએ તથા પ્રજ્ઞા પરિજનોએ લોભ, મોહ, અને અહંતા સિવાય કાલનેમિ પરંપરાની વ્યક્તિઓથી પણ સાવધ રહેવું જોઈએ.

***લોકસેવી દૃષ્ટિકોણ અને જીવનનીતિ***

સાધુ-બ્રાહ્મણ પરંપરામાં અપરિગ્રહ, સાદાઈ, કરકસર અને નમ્રતાને શ્રેષ્ઠતાના પ્રતીક માનવામાં આવેલાં છે. વિલાસી, અહંકારી, ઉદ્દંડ અને કટુભાષીઓને આ ક્ષેત્રમાં ત્યાજ્ય માનવામાં આવે છે. અહંકારીપણું એક જાતની જળો છે, તેનાથી પીછો છોડવવા માટે એવાં નાનાં કામો કરવાં પડે છે, જેમને મોટેભાગે નાના લોકો દ્વારા કરવાયોગ્ય માનવામાં આવે છે.

જેટલી પણ મહાન વ્યક્તિઓ થઈ ગઈ છે, તેમણે જરૂરિયાતોની બાબતમાં અનિવાર્યતાનો દૃષ્ટિકોણ અપનાવ્યો છે. સોક્રેટિસ વિશે કહેવાય છે કે જ્યારે તેઓ કોઈ વસ્તુ ખરીદતા હતા કે કોઈ નવી સગવડ પ્રાપ્ત કરતા ત્યારે પહેલાં પોતાને એવો સવાલ પૂછતા કે શું આ વસ્તુ વિના મારું કામ ચાલી ન શકે ? ઉત્તર 'હા'માં મળતો ત્યારે જ તેઓ ખરીદતા, નહિ તો એ વિચાર છોડી દેતા હતા. ઓછાં સાધનોથી નિર્વાહ કરવો તે ગૌરવ અને ગરિમાની બાબત છે, આવો દૃષ્ટિકોણ વિકસિત કરી શકાય તો નથી રહેતી અભાવની સમસ્યા કે નથી રહેતી કોઈ વાતની ઊણપની ફરિયાદ.

વ્યવસાય અને બાળકોને છોડીને આવનારાઓની પણ અહંતા છૂટતી નથી. જે રીતે કોઈ લાલચુ મનોભૂમિ ધરાવતો માણસ ભિક્ષાનો વ્યવસાય કરીને પેટ ભરાવા છતાં સતત કમાતો રહે છે, ભેગું કરતો રહે છે અને મરતી વખતે ચીંથરાં અને માટીનાં ઠીકરાંઓમાં લાખોની દોલત છોડી જાય છે, તેવી જ રીતે લોકસેવી કે અધ્યાત્મવાદીનું આવરણ ઓઢી લીધા પછી પણ જો અહંતા ન છૂટે તો પોતાની ચરણપૂજા થાય તે માટે ઘણા પાખંડ રચતા તથા લોકોને ઠગતા દિશાહીન બનાવતા જોવા મળશે. સાર્વજનિક સંગઠનમાં આવા લોકો પ્રવેશી જાય તો તેઓ સંગઠન માટે એક અભિશાપ જ સિદ્ધ થાય છે. તેઓ જેટલું જનહિત કરે છે, તેની તુલનામાં હજારગણો અનર્થ કરી મૂકે છે. તેથી ઉત્કૃષ્ટતાના ક્ષેત્રમાં પ્રવેશ કરનારાઓ માટે મનીષીઓએ વિત્તેષણા (લોભ), પુત્રેષણા (મોહ) અને લોકેષણા (અહંકાર, મોટાઈ)ની ત્રિવિધ એષણાઓના પરિત્યાગ પછી જ શ્રેયના માર્ગે આગળ વધવાની સલાહ આપી છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે...

## (ગીતાના ચતુર્થ અધ્યાય જ્ઞાનકર્મસંન્યાસયોગની યુગાનુકૂળ વ્યાખ્યા)

**(ગત અંકમાં ચતુર્થ અધ્યાયના પ્રારંભિક છ શ્લોકોની વ્યાખ્યા દ્વારા આ વિષયમાં પ્રવેશ કરવામાં આવ્યો હતો. સમન્વિત યોગ સાચા અર્થમાં શું હોય છે, એને શ્રીમદ્ભગવતગીતા વાંચ્યા વગર જાણી ન શકાય. આ અધ્યાયમાં વિશેષ રૂપે ચાર પ્રકરણોની ચર્ચા છે, જે વિષે ગત અંકોમાં લખવામાં આવ્યું હતું. પહેલામાં અવતારના પ્રગટીકરણનું, બીજામાં કર્મ-અકર્મ અને વિકર્મની વ્યાખ્યાનું, ત્રીજામાં યજ્ઞનું જ્ઞાન-વિજ્ઞાન અને ચોથામાં જ્ઞાનની પ્રાપ્તિ દ્વારા કર્મમાં તત્પર કઈ રીતે થવાય. આ અધ્યાયના પ્રારંભિક ત્રણ શ્લોકોમાં ભગવાન દ્વારા સ્વીકારોક્તિ છે કે આ યોગ તેમણે-વાસુદેવ શ્રીકૃષ્ણએ જ પરમાત્માના શક્તિ સમુચ્ચય રૂપે સર્વપ્રથમ સૂર્યને કહ્યો હતો. આ યોગરૂપી જ્ઞાન અતિ રહસ્યમય છે. તેમજ જોકે આ કાલાંતરે લુપ્ત થતું ગયું, એટલા માટે તેઓ દ્વાપરમાં તે અર્જુનને તેમજ તેના માધ્યમ દ્વારા તે તથા તે યુગ પછી આવનારા બધા જ યુગોમાં અભીપ્સા રાખનારા જિજ્ઞાસુઓ માટે કહી રહ્યા છે. અર્જુનના પ્રશ્નના ઉત્તરમાં તેઓ એક ઘણી રહસ્યભરી વાત કરે છે. ''તારા અને મારા ઘણા જ જન્મ થઈ ચૂક્યા છે, એ તું નથી જાણતો, પરંતુ હું જાણું છું.'' અવતારવાદની વ્યાખ્યા પુનર્જન્મની પુષ્ટિ આપતાં આ કથનથી શરૂ થાય છે. 'તાનિ અહં વેદ સર્વાણિ' દ્વારા તેઓ કહે છે, મને નિયંતા હોવાને લીધે એ ખબર છે કે કયો આત્મા શું છે, કોણ સુપાત્ર છે અને કોણ પાછલા જન્મોના કેટલા સંસ્કાર લઈને આવ્યો છે. અમે જણાવ્યું હતું કે પરમપૂજ્ય ગુરુદેવે પણ આવી જ રીતે જાગૃત આત્માઓના એક સંગઠનના રૂપમાં ગાયત્રી પરિવાર બનાવ્યો છે, વારંવાર અમને પણ તેઓ આવી જ રીતે સ્મરણ કરાવતા રહ્યા, પરંતુ પરમાત્મસત્તા-અવતારી ચેતનાનાં પ્રતિનિધિ પોતાના લીલાઓ એક સામાન્ય પુરુષ રૂપે જ બતાવે છે. આ જ વાતને છઠ્ઠા શ્લોકમાં ભગવાને કહી છે, ''હું નિયામક ઈશ્વર હોવા છતાં પણ મારી પ્રકૃતિનો આશ્રય લઈને યોગમાયા દ્વારા પ્રગટ થાઉં છું.'' ભગવાન પોતાની આ માયાના સ્વામી છે. આપણે તે માયાને આધીન જીવીએ છીએ નર અને નારાયણમાં આ જ અંતર છે. હવે આના પછીની વ્યાખ્યા આ લેખમાં વાંચો.)**

***અવતાર પ્રગટ કઈ રીતે થાય છે*** – જ્યારે આપણે બધા જ પ્રાણીઓનો ઈશ્વર અજન્મા અને અપરિવર્તનશીલ છે, તો પછી જ્યારે તે અવતાર લે છે, તો સ્વયંને પ્રગટ કઈ રીતે કરે છે, આ પ્રશ્ન સામે આવીને ઊભો રહે છે. આ જ પ્રશ્નનો જવાબ ભગવાન છઠ્ઠા શ્લોકમાં ***''સંભવામિ આત્મમાયયા''*** કથન દ્વારા આપે છે કે હું મારી અંતર્નિહિત માયા દ્વારા પોતે પોતાને પ્રગટ કરું છું. આપણો પોતાનો જન્મ પોતાની વાસનાઓના કારણે થાય છે. પ્રકૃતિમાં અધિષ્ઠિત થઈને પોતાની માયા દ્વારા જન્મ લેનારું કોણ થયું, પરબ્રહ્મ-પરમાત્મા-પરમેશ્વર, પોતાની વાસનાને વશીભૂત જન્મ લેનારો એક સામાન્ય નર. આ જ વ્યાખ્યાને આદ્યશ્રી શંકરાચાર્ય સાચી માને છે. વિશિષ્ટાદ્વૈતવાદી રામાનુજાચાર્ય, દ્વૈતવાદી મધ્વાચાર્ય તથા ભક્તિમાર્ગી શ્રી વલ્લભાચાર્યના મત અહીં અલગ-અલગ છે. ત્રણેનો કહેવાનો અર્થ એક જ છે, જેને અંતે નિષ્કર્ષ નીકળે છે કે પોતાના સંકલ્પ દ્વારા અવતાર જન્મ લે છે. પરંતુ માયાના સ્વામી ***'સમષ્ટિ કારણ શરીરિ'***ના સ્વામીને પણ અવતાર લેવો પડે છે, ધરતી ઉપર આવવું પડે છે, એ સુનિશ્ચિત છે.

ખરેખર ભગવાનના પાર્ષદ્, વિભૂતિઓ, સિદ્ધપુરુષ, સ્વયં ભગવાન અવતાર લે છે. ચેતનાના અતિ ઉચ્ચ શિખર ઉપરથી નીચે આવીને માનવ રૂપમાં આવે છે. દરેક અવતારની પાછળ મહાકરુણાનો ભાવ હોય છે. મહાકરુણા ન હોય તો આટલા ઊંચા શિખર ઉપર બેઠેલો માનવી નીચે શા માટે ઊતરે અને આપણા સૌના જીવનમાં એવું જ જીવન શા માટે જીવે, જે એક સામાન્ય મનુષ્ય બધા જ ભોગ ભોગવતો રહી જીવે છે. લોકશિક્ષણ માટે કરુણાના અવતાર રૂપે ધરતી ઉપર સ્વયં ભગવાન આવે છે અને તેમને પોતાનાં સંતાનોની વચ્ચે આવવાનું, તેમના દુઃખમાં ભાગ લેવાનું ઘણું જ સારું લાગે છે. શ્રી રામકૃષ્ણ પરમહંસ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કહેતા રહેતા, ''હું તો માનો પટાવાળો છું. માની જમીનદારી જોવા માટે આવ્યો છું.'' ઈશ્વરનો અવતાર માના પટાવાળાના રૂપમાં માની જમીનદારી એટલે કે બધાં જ બાળકોની દેખભાળ કરવા માટે આવ્યાની વાત શ્રી રામકૃષ્ણએ કરી છે. આપણને ક્યારેક ક્યારેક આ વાતો સમજાતી નથી. આપણે તેમને સામાન્ય પુરુષ માની બેસીએ છીએ. પરમપૂજ્ય ગુરુદેવ પણ વારંવાર કહેતા કે આપણે સૌ પાછલા જન્મોના સાથી છીએ. તમે અમારાં ગીધ-ખિસકોલી છો, તમે અમારાં રીંછ-વાનર છો. આ બધી જ વાતો પ્રજ્ઞાપુરુષ-યુગદ્રષ્ટાના અંગ-અવયવના રૂપમાં આપણને સૌને આપણી ગરિમાનો બોધ કરાવે છે અને એવા વિશિષ્ટ લોકમાં લઈ જાય છે, જ્યાં આપણે પોતાને સૌભાગ્યશાળી જ ન માનીએ, પરંતુ આપણા સ્વરૂપને જાણીએ અને તદનુસાર આપણા ક્રિયાકલાપોને ઢાળીએ.

શ્રી અરવિંદે સ્વામી વિવેકાનંદ વિશે કહ્યું છે કે, ''તેઓ શિવના ત્રીજા નેત્રના કૃપા-કટાક્ષ હતા.'' ત્રીજું નેત્ર એક વાર કૃપાની દૃષ્ટિથી થોડું ઝૂંકી જાય, તેને કહે છે કૃપા-કટાક્ષ. વિવેકાનંદ વિષે એવું કહેવાય છે કે સપ્તઋષિઓમાંથી એક સત્તા તેમના રૂપમાં અવતરિત થઈ હતી. ભલેને પછી કોઈપણ શક્તિ આવે, તેમની પાછળ હોય છે ઈશ્વરની મહાકરુણા. ઈશ્વરની પોતાનાં સંતાનોની વચ્ચે જવાની અદમ્ય ઇચ્છા. પરમપૂજ્ય ગુરુદેવ અનેક જગ્યાએ લખે છે, ''હું આવવા નહતો ઇચ્છતો, પરંતુ મને ધકેલવામાં આવ્યો છે. સૃષ્ટિની સંચાલક સત્તાઓએ મને આ ધરતી ઉપર વિશેષ કાર્ય કરવા માટે મોકલ્યો છે.'' આનાથી વધારે સ્પષ્ટ બીજું કોણ કહી શકે છે પોતાના વિષે!

જુલાઈ, ૧૯૬૯ (પાના ૬૫) ના અખંડજ્યોતિના સંપાદકીયમાં પૂજ્યવર લખે છે, ''યુગનું પરિવર્તન જરૂર થવાનું છે. અમારું નાનું સરખું જીવન આની જ ઘોષણા કરવા, પૂર્વ સૂચના આપવા માટે છે. અમે અમારું સમગ્ર જીવન મહાકાલના આ મહાન પ્રયોજનમાં સંમિલિત થવા માટે, પ્રબુદ્ધ આત્માઓને નિમંત્રણ આપવા માટે ખર્ચી નાખ્યું. જે કાર્ય માટે આવ્યા હતા તે પૂરું થવામાં છે. હવે પછીનું કાર્ય સ્વયં મહાકાળ કરશે.'' અવતારનું પ્રયોજન શું છે, રહસ્ય શું છે, આને પૂજ્યવરે જૂન, ૧૯૬૭ (પાના ૧૭) ના અખંડજ્યોતિમાં આ રીતે જણાવ્યું છે, ''ભગવાનની અનેક શક્તિઓ છે. તેમનાં પ્રયોજન, વિધાન, સ્વરૂપ તેમજ પ્રકરણ પણ અનેક છે. જડ-ચેતન જગતના વિવિધ ક્રિયાકલાપો ચલાવવા તેમજ બનાવવા-બગાડવાના સંદર્ભમાં અનેક તથ્યો જ્યારે સામે આવ્યાં છે, ત્યારે તેમને કઈ રીતે સુવ્યવસ્થિત રાખી શકાય, તે સમસ્યાને હલ કરવા માટે ભગવાન પોતાની શક્તિને અનેક ભાગોમાં વિભક્ત કરીને અંશાવતારના રૂપમાં અનેક આત્માઓને જન્મ આપે છે. આ જ અવતારોનું રહસ્ય છે. સમયે-સમયે ભગવાનની અનેકાનેક શક્તિઓ અનેક પ્રકારની આવશ્યકતાઓ તેમજ અવ્યવસ્થાઓને હલ કરવા માટે અવતરિત થતી રહે છે.''

***અવતાર એક જહાજ-એક જાદુગર*** - શ્રીરામકૃષ્ણ પરમહંસ કહેતા હતા, ''સામાન્યજન જેણે વૈરાગીના વાઘા તો પહેરી લીધા છે, સાધુ-મહાત્મા પણ કહેવડાવે છે, સડેલા લાકડા જેવો છે, જે કોઈ પણ નાળામાં ફસાઈ જાય છે, સડેલું લાકડું પાણીમાં વહેતાં-વહેતાં ફૂલી જાય છે અને અટકી જાય છે, પસાર થઈ શકતું જ નથી. અવતાર એક મોટા જહાજ જેવો છે, જે બધી જ નદીઓ-સમુદ્રોનું ચક્કર લગાવીને કેટલાયને પાર ઉતારીને આવે છે.'' જરા સરખી સિદ્ધિ આવતા વેંત પોતાના મદમાં ફુલાઈ જનારાની તુલના ઠાકુર શ્રીરામકૃષ્ણએ સડેલા લાકડા સાથે કરી છે. અવતાર કેટલી મોટી શક્તિ છે, આ ઉદાહરણ દ્વારા એટલા માટે સમજવું જરૂરી છે કે આજના આ કળિયુગમાં ઢગલાબંધ અવતાર ભગવાન નજરે ચઢે છે. એક બીજું

> **ધરતીએ કહ્યું, વૃક્ષો! હું તમને ખાતર આપું છું, પાણી આપું છું, રસ આપું છું, તેના દ્વારા તમને પોતાને તૃપ્ત કરો, પુષ્ટ કરો અને કોઈને કશું આપશો નહીં. વૃક્ષે કહ્યું, નહીં માતા! મને આપવા દો. એણે ફૂલ આપ્યાં, ફળ આપ્યાં, પાન આપ્યાં, વૃક્ષ સુકાઈ રહ્યું હતું, ત્યારે પણ તેની એ જ કામના હતી કે કોઈ આવે અને મારાં સૂકાં લાકડાં લઈ જઈ પોતાના ઉપયોગમાં લે.**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉદાહરણ શ્રીરામકૃષ્ણ આપતા રહેતા, ''અવતારની પ્રક્રિયા એક જાદુગરના ખેલ જેવી છે. તે ગામમાં જાદુ બતાવવા માટે આવે છે, સાથે લાવે છે કેટલીય ગાંઠોવાળું દોરડું. બધાને ખોલવા માટે કહે છે. લોકો ખોલી નથી શકતા, અને લપટાઈ જાય છે. ત્યારે જાદુગર હવામાં દોરડું ફેંકે છે અને બધી જ ગાંઠો ખૂલી જાય છે.'' તેઓ કહેતા હતા કે અવતાર પણ આવી જ રીતે આપણી જન્મ-જન્માંતરોની ગાંઠો સાથેનાં દોરડાંને લઈને આવે છે અને એક ક્ષણમાં ખોલી નાંખે છે. એટલા માટે સદ્‌ગુરુને, અવતારને પ્રારબ્ધને બદલવાની; ભૂતકાળને બદલવાની ક્ષમતાથી સંપન્ન ગણવામાં આવે છે. ગુરુ અને અવતાર એકસાથે હોય તો કાર્ય વધુ સરળ થઈ જાય છે. જે કાર્ય આપણે આપણા પુરુષાર્થથી નથી કરી શકતા, તે કાર્ય અવતાર-સદ્‌ગુરુ ક્ષણભરમાં કરી બતાવે છે. આપણું પ્રારબ્ધ બદલી નાંખે છે.

ભગવાન અવતાર શા માટે લે છે, સાતમા-આઠમાં શ્લોકમાં સ્પષ્ટ કરે છે -

યદાયદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।
અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥૪।૭
પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ ।
ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ॥૪।૮

''હે અર્જુન ! જ્યારે જ્યારે સંસારમાં ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે હું સાકાર રૂપે મને પોતાને પ્રગટ કરું છું. સાધુ પુરુષોની રક્ષા અને દુષ્કર્મીઓ (પાપ કર્મ કરનારાઓ)ના વિનાશ તથા ધર્મની સારી રીતે સંસ્થાપના કરવા માટે હું પોતે પોતાને યુગ-યુગમાં પ્રગટ કરતો રહું છું.''

**સંભવામિ યુગે યુગે** - સાકરનો ધર્મ જે કારણને લીધે તે સાકર છે જેના વગર તે સાકર નથી રહેતી, તેની મીઠાશ જ છે. ઉષ્ણતા અગ્નિનો ધર્મ છે અને પ્રકાશ સૂર્યનો ધર્મ છે. આવી જ રીતે મનુષ્યનો ધર્મ છે તેની અંદર રહેલી દિવ્યતા, આત્માની ઉત્કૃષ્ટતા. આ જ બહાર વિભિન્ન ગુણો રૂપે અભિવ્યક્ત થાય છે. પ્રેમ, ઈમાનદારી, ક્ષમા, પ્રસન્નતા, સજ્જનતાના રૂપમાં અભિવ્યક્ત મૂળભૂત દિવ્યતાનો જ્યારે ક્ષય થવા લાગે તથા અત્યાચાર, જૂઠ, ભ્રષ્ટાચાર, અનૈતિકતા, છળ-કપટ, ઘૃણા જેવી પાશવિક પ્રવૃત્તિઓ વધવા લાગે, ત્યારે પુનઃ ધર્મની પરિચાયક સત્પ્રવૃત્તિઓની સ્થાપના કરવાના હેતુસર ભગવાન સ્વયંને પ્રગટ કરે છે, અહીં તે જણાવ્યું છે. (તદાત્માનં સૃજામ્યહમ્)

આ જ વાતને તુલસીદાસજીએ ''જબ જબ હો હિ ધરમ કી હાની, બાઢહિ અસુર અધમ અભિમાની'' ના રૂપમાં નિરૂપિત કરી છે. સર્વશક્તિમાન ભગવાનનો જીવ-જગતના કલ્યાણ માટે મનુષ્ય દેહ ધારણ કરી આવવું, પ્રગટ થવું તે સંસારના આધ્યાત્મિક ઈતિહાસમાં એક ઘણી મોટી ઘટના છે. પ્રત્યેક અવતારમાં ધર્મ સંસ્થાપનની

ગંગા હિમાલયમાંથી નીકળી તો હિમાલય તેને ઘણી રોકી. ગંગાએ કહ્યું, મારે લોકકલ્યાણ માટે જવું જ પડશે. તે નીકળી પડી. તરસી ધરતી, સૂકી ખેતી અને વ્યાકુળ જીવજંતુઓને શીતળ જળ લુંટાવતી ગંગા આગળ વધી તો હિમાલયનું હૃદય દ્રવિત થઈ ઊઠ્યુ. એણે જળ છોડવાનું શરૂ કર્યું અને ગંગા જેટલી ગંગોત્રીમાં હતી, તેના કરતાં સો ગણી થઈને ગંગાસાગરમા સમુદ્રને જઈ મળી.

પ્રકૃતિનો નિયમ છે કે જે સતત દાન કરે છે, તે જ નિર્બાધ પણ પ્રાપ્ત કરે છે. આજનું આપેલું કાલે હજારગણું થઈને પાછું મળે છે. તિથિ ગણશો નહીં. સમયની પ્રતીક્ષા કરશો નહીં. વિશ્વાસ રાખો કે જે આજે આપશો તેનું કાલે તમને અનેકગણું ફળ મળશે. આજે આપણે લોકમંગલ માટે પોતાની ક્ષમતાઓ અને સંપદાઓનું દાન કરી દઈએ તો કાલે આપણી ક્ષમતાઓ, યોગ્યતાઓ, વૈભવ અને વિભૂતિઓ હજારગણાં વધશે. સમય ભલે લાગે, પરંતુ ત્યાગ અને દાન તથા પરોપકાર અર્થે કરેલો ઉત્સર્ગ જ જીવનને પરિપૂર્ણ બનાવે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પદ્ધતિ જુદા-જુદા પ્રકારની હોય છે. દેશ, કાળ અને પ્રયોજન અનુસાર કાર્યની પ્રણાલી બદલાઈ જાય છે. અવતારનો અર્થ જ હોય છે નીચે ઊતરવું. અવતારમાં દિવ્ય ચૈતન્યની અભિવ્યક્તિનાં નિરંતર દર્શન આપણને થતાં રહે છે. અવતારમાં તો દિવ્યસત્તા જાણે આપણી સમક્ષ સ્વયં પ્રત્યક્ષ રૂપે પ્રગટ થઈ જાય છે. ઋષિ, સંત અને પયગંબરોમાં પણ આપણને દિવ્યસત્તાનું ભાન થાય છે. પરંતુ તેમનો પ્રસંગ અવતારની સાથે આગળ ઉપર લઈશું. અવતારની ચર્ચા તો અહીં જે સંદર્ભમાં ચાલી રહી છે, તેને સમજી લેવી જરૂરી છે.

***આખરે અવતાર શા માટે ?*** – જ્યારે ઈશ્વરીય સત્તાના કૃપા-કટાક્ષ દ્વારા જ બધી વ્યવસ્થા શક્ય બનતી જોવા મળે છે, તેમની ઇચ્છા માત્રથી જ સૃષ્ટિનું કાર્ય ચાલી રહ્યું છે, તો પછી તેની આવશ્યકતા શા માટે ? આ વાત ભગવાને આઠમા શ્લોકમાં સ્પષ્ટ કરી છે, સમય પ્રમાણે દુષ્કર્મીઓને દંડ આપવા અને સદ્પુરુષોને સહાય કરવાની લક્ષ્યપૂર્તિ માટે જ અવતારનો આવિર્ભાવ થાય છે. એટલા જ માટે તેઓ કહે છે કે હું ***"પરિત્રાણાય સાધૂનાં"*** તથા ***"વિનાશાય ચ દુષ્કૃતામ"*** સ્વયંને યુગ-યુગમાં પ્રગટ કરું છું. **"સંભવામિ યુગે યુગે"** શા માટે ? કેમ કે આ જ એ પ્રક્રિયા છે, જેના લીધે કોઈ સમાજના સાંસ્કૃતિક વિકાસક્રમને આગળ વધારી શકાય છે. ધર્મની સંસ્થાપના અવતારના સંભવ થવા માત્રથી જ ક્રિયા રૂપ લે છે.

અવતારવાદનો પ્રસ્તુત પ્રસંગ ઘણો જ રહસ્યમય છે. માત્ર આ બે શ્લોકોમાં અનાયાસે જ એક ઘણો મોટો સિદ્ધાંત ભગવાનના શ્રીમુખમાંથી નીકળી ગયો છે, નીકળ્યો નથી, જાણી જોઈને અર્જુનના માધ્યમ દ્વારા આપણને સૌને જણાવે છે, જેથી આપણે અવતારની સંભાવના તથા તેના ઉદ્દેશ્યને વધુ સારી રીતે સમજી શકીએ. એક પાશ્ચાત્ય વિચારક થઈ ગયા. અર્નાલ્ડ ટાયનબી. તેમનું કહેવું છે, "સંસારનો ઈતિહાસ, સભ્યતા તથા સંસ્કૃતિનો જન્મ 'આહ્‌વાન અને પ્રત્યુત્તર (ચેલેન્જ એન્ડ રિસપોન્સ)નો ઈતિહાસ છે. માનવને સૃષ્ટિની શરૂઆતથી જ પડકારો મળતા રહ્યા છે, અને તે તેનો પ્રત્યુત્તર આપતો રહ્યો છે ત્યારે જ તો તે આજ દિન સુધી જીવિત છે. પડકાર ભૌતિક પણ હોઈ શકે છે, સામાજિક પણ અને આધ્યાત્મિક પણ. જ્યારે આ પડકાર ઉગ્ર રૂપ લઈ લે છે, ત્યારે એક સંકટનો જન્મ થાય છે, ત્યારે ક્યાંક કોઈ દૈવી શક્તિ, નિઃસહાયોનો પોકાર સાંભળી તેની અંદરથી આત્મબળના પ્રવાહ રૂપે ફૂટી નીકળે છે. આપણે લલકારનો ઉત્તર આપીએ છીએ. કોઈ કરુણામય સત્તા આવીને આપણને સંકટમાંથી બચાવી લે છે. આ જ વિશ્વનો નિયમ છે તથા આને જ ગીતાએ અવતારવાદ તથા બાકીના ધર્મ-સંપ્રદાયોએ પયગમ્બર કહી દીધા છે."

***અવતરણ અને આરોહણ*** – પ્રસ્તુત મત અમે આપણા પશ્ચિમના એક વિચારકનો રાખ્યો. હવે જરા જોઈએ આપણા પૂર્વના મહાન યોગી મહર્ષિ શ્રી અરવિંદ શું કહે છે ? 'ગીતા પ્રબંધ' (એસેજ ઓન ગીતા)માં તેઓ લખે છે, "અવતારનું આવવું જે માનવજાતિની અંદર ભગવાનનું પરમ લક્ષ્ય છે, કેવળ ધર્મનું સંસ્થાપન કરવા માટે નથી હોતું. કેમ કે ધર્મની સ્થાપના કોઈ એટલો મોટો અને પર્યાપ્ત હેતુ નથી. કોઈ એવું મહાન લક્ષ નથી, જેને માટે

## દુર્ગુણોથી આત્માનું હનન

**જુદાસ જીસસનો શિષ્ય ભલે હતો, પરંતુ યહૂદીઓની જેમ તેના મનમાં પણ જીસસ પ્રત્યે કોઈ ભરોસો કે શ્રદ્ધા-વિશ્વાસ ન હતો. કહેવાય છે કે એણે ત્રીસ રૂપિયાના લોભમાં આવીને ભેદ ખોલી નાખ્યો અને જીસસ પકડાઈ ગયા. જે દિવસે જીસસને શૂળીએ ચઢાવવાના હતા તે દિવસે જુદાસ પણ લાખોની ભીડમાં મોજૂદ હતો. અંતિમ સમયે જે શબ્દો જીસસના મુખમાંથી નીકળ્યા કે "પરમાત્મા આ બીચારા અજ્ઞાનીઓને ક્ષમા કરો. એમને ખબર નથી કે તેઓ આ શું કરી રહ્યા છે." આ શબ્દો સાંભળી જુદાસનો આત્મા કંપી ઊઠયો. તેને એવું લાગ્યું જાણે કોડીના મોલે હીરો ગુમાવી દીધો. બીજા દિવસે જુદાસે આત્મહત્યા કરી લીધી, ત્યારે ઘટનાની વાસ્તવિકતાનું જ્ઞાન થયું. તેને ક્યાં ખબર હતી કે ત્રીસ રૂપિયામાં તે જગતનો અમૂલ્ય નિધિ વેચી રહ્યો છે. આ રીતે જ્યારે મનુષ્ય બેઈમાની, ચોરી જેવાં કુકૃત્યો કરે છે, ત્યારે એ ભૂલી જાય છે કે તે પોતાની અંદર બેઠેલા પવિત્ર આત્માને વેચી રહ્યો છે.**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઈશુ અથવા કૃષ્ણ અથવા બુદ્ધને ઊતરીને આવવું પડે. આ કાર્ય તો ભાગવત્ સંકલ્પ સિદ્ધિની એક સામાન્ય અવસ્થા માત્ર છે. આ દિવ્ય અવતરણનાં બે પાસાં છે, એક છે **અવતરણ**, માનવજાતિમાં ભગવાનનો જન્મ થવો, માનવ આકૃતિ અને પ્રકૃતિમાં ભગવાનનું પ્રગટ થવું. બીજું છે **આરોહણ**, ભગવાનના ભાવમાં મનુષ્યનો જન્મ, ગ્રહણ, ભાગવત ચેતનામાં તેનું ઉત્થાન. આ જીવન નવજન્મ છે, બીજો જન્મ છે. ભગવાનનું અવતાર લેવો અને ધર્મની સ્થાપના કરવી આ જ નવજન્મને માટે હોય છે. આ જે બીજું પાસું છે, તે જ સૌથી મહત્ત્વપૂર્ણ છે, જે આ બે શ્લોકોની ઉપરછલ્લી વ્યાખ્યા કરનારાઓથી પ્રાયઃ છટકી જાય છે. ગીતાનો બોધ એક ગંભીર દાર્શનિક અને ધાર્મિક સત્ય છે અને એ જણાવે છે કે ઐતિહાસિક અથવા પૌરાણિક અતિમાનવોની કલ્પનાના જોરે અથવા રહસ્યમય રીતથી કોઈને પણ ભગવાન ઘોષિત કરી દેવામાં આવે. જ્યાં સુધી આ ઉચ્ચસ્તરીય ઉદ્દેશ્ય ન હોય, ત્યાં સુધી નથી ભગવાનનો દિવ્ય જન્મ થતો, નથી અવતરણ થતું.

અવતારનું આગમન માનવ પ્રકૃતિમાં ભાગવત્ પ્રકૃતિને પ્રગટાવવા માટે થાય છે. ઈશુ, કૃષ્ણ અને બુદ્ધની ભગવત્તાને પ્રગટાવવા માટે હોય છે, જેથી માનવ પ્રકૃતિ પોતાના સિદ્ધાંત, વિચાર, અનુભવ, કર્મ અને સત્તાને ઈશુ, કૃષ્ણ અને બુદ્ધના બીબામાં ઢાળીને સ્વયં ભાગવત્ પ્રકૃતિમાં રૂપાંતરિત થઈ જાય. અવતારો દ્વારા ધર્મની સંસ્થાપના એક પ્રકારે તોરણ દ્વાર બનાવવા જેવું છે, જેના માધ્યમ દ્વારા તે સ્વયં પ્રવેશ કરે છે અને મનુષ્યોને તેમનું અનુપાલન કરવા માટે કહે છે. પ્રત્યેક અવતાર મનુષ્યોની સામે પોતાનું જ દૃષ્ટાંત રાખે છે, પોતે જ પોતાને એકમાત્ર માર્ગ બતાવે છે.

ગીતાના અન્ય અધ્યાયોના અન્ય શ્લોકો સાથે અવતારનો સંબંધ સમજી લેવામાં ન આવે ત્યાં સુધી 'અવતાર'ની વ્યાખ્યા પૂર્ણ રીતે સમજાઈ શક્તી નથી. પહેલાં તો ત્રીજાથી ચોથા અધ્યાયમાં, જે એકદમ વિષય પરિવર્તન થયું છે, તેના પર આવીએ. ત્રીજા અધ્યાયના અંતિમ શ્લોકમાં ભગવાને કહ્યું છે, ''હે અર્જુન! તું કામરૂપી દુર્જેય શત્રુને મારી નાખ.'' કામ, ક્રોધ, લોભરૂપી નરકનાં ત્રણ દ્વારોની જે ચર્ચા આપણે કરી ચૂક્યા (પાછલા અંકોમાં) તેનાથી બચાવીને ઊંચે ઉઠાવવાનું કાર્ય અવતાર જ કરે છે. એટલા માટે ચોથા અધ્યાયમાં માનવની સૌથી મોટી કરુણાન્તિકા તથા સમાજની સૌથી મોટી દુર્ઘટના અનાચારના વધારાને, સજ્જનોના ઘટાડાને દર્શાવવામાં આવી છે અને આ સૌનો ઉપચાર છે, અવતારનું પ્રગટીકરણ. એકદમ વિષય બદલ્યો છે, પરંતુ સમાજમાં આવી જાય તો સારું છે કે શા માટે બદલ્યો છે. આ રીતે નવમા અધ્યાયના અગિયારમાં શ્લોકમાં ભગવાન કહે છે, ''મૂઢ લોકો મનુષ્યદેહમાં નિવાસ કરી રહેલા મને, સમગ્ર ભૂતોના મહાન ઈશ્વરને તુચ્છ સમજીને તિરસ્કૃત કરે છે, કેમ કે તે મારા સર્વલોક મહેશ્વર પરમભાવને નથી જાણતા. (અવજાનન્તિ માં મૂઢા માનુષીં તનુમાશ્રિતમ્...)'' આ વિચારોને સામે રાખીને જો આપણે ભગવાનના દિવ્ય જન્મ અને દિવ્ય કર્મના મર્મને સમજી શકીએ, તો ઠીક રહેશે.

એક જગ્યાએ ગીતા કહે છે, ''ઈશ્વર બધાં જ પ્રાણીઓનાં હૃદયક્ષેત્રમાં નિવાસ કરે છે અને સૌને માયા વડે યંત્રારૂઢવત્ ચલાવતા રહે છે.'' (૧૮/૬૧). જો આવી વાત છે, તો આપણે એમ કેમ માની લઈએ કે ઈશ્વરીય ચેતના કોઈ અન્ય રૂપમાં, પ્રત્યક્ષ રૂપમાં પોતાની વિરુદ્ધ કાર્ય કરવા આવી છે. આનો ઉત્તર આપતાં શ્રી અરવિંદ કહે છે, ''ભગવાનનું અવતરણ એટલા માટે થાય છે કે મનુષ્ય અને તેમની વચ્ચેના પડદાને ફાડીને બતાવી શકાય, જે પડદાને પોતાની પ્રકૃતિમાં સીમિત મનુષ્ય જીવનભર ઉઠાવી સુદ્ધાં નથી શક્તો.''

***ભાગવત્ નેતા હોય છે અવતાર*** – અવતાર શબ્દનો અર્થ છે–ઊતરવું. આ ભગવાનનું એ રેખાથી નીચે ઊતરી આવવાનું છે, જે ભગવાનને માનવ જગત અથવા માનવ અવસ્થાથી અલગ કરે છે. ''સંભવામિ યુગે યુગે''ના માધ્યમ દ્વારા ભગવાને માનવજાતિના એક શ્રેષ્ઠતમ નમૂનો, વિભૂતિ એવા અર્જુનને બતાવ્યું છે કે તારી અંદર હું એવો દિવ્ય ભાવ પ્રગટ કરી રહ્યો છું, જેમાં પ્રવેશ કરી તું ઉપર ઊઠી શકે છે. આ ત્યારે જ સંભવ છે, જ્યારે પોતાની સામાન્ય માનવતાના અજ્ઞાન અને સીમાબંધનને પાર કરીને તું મને સારી રીતે સમજી લે.

શ્રી અરવિંદ એક અન્ય સ્થાને લખે છે, ''અવતાર


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઈન્દ્રજાળના જાદુગર બનીને નથી આવતા, પરંતુ માનવજાતિના ભાગવત નેતા અને ભાગવત્ મનુષ્યના એક દૃષ્ટાંત બનીને આવે છે.'' કેટલી સ્પષ્ટ વ્યાખ્યા છે, અવતારની ! કેટલીક જટિલ શબ્દાવલીમાં અમે અત્યાર સુધી અવતારવાદની, આ શબ્દની વ્યાખ્યા કરી છે. હવે ઘણા જ સરળ શબ્દોમાં 'અવતાર'ની અવધારણા ઉપર પૂજ્યવર ગુરુદેવનું ચિંતન જોઈએ. અખંડજ્યોતિનો ઓગસ્ટ, ૧૯૭૧નો અંક પ્રજ્ઞાવતાર વિશેષાંક રૂપે પ્રકાશિત થયો હતો, તેમાં પૂજ્યવર લખે છે - ''ક્યારેક એવી પરિસ્થિતિઓ દરેક યુગમાં આવે છે, જ્યારે સંત, સુધારક અને શહીદ પોતાના પરાક્રમને મોટું જુવે છે અને દુઃખથી લડતાં લડતાં પણ સત્ય પરિણામની સંભાવનાને ધૂંધળી જુવે છે. આવા અવસરોએ અવતારનું પરાક્રમ ઊભરે છે અને પાસા પલટવા જેવી અસંભવને સંભવ બનાવનારી પરિસ્થિતિઓ ઉત્પન્ન કરે છે. હંમેશાં વિષમ વેળાઓમાં આવું જ ચાલતું રહ્યું છે. ભવિષ્યમાં પણ આ જ ક્રમ ચાલશે.''

***અવતારનું પ્રયોજન-પ્રગટીકરણ*** - આગળ પરમપૂજ્ય ગુરુદેવ લખે છે, ''મનુષ્યનું પુરુષત્વ જ્યાં લડખડાય છે, ત્યાં પડતાં પહેલાં જ સર્જનહારના લાંબા હાથ અસંતુલનને સંતુલનમાં બદલવા માટે પોતાનો ચમત્કાર પ્રસ્તુત કરતા નજરે પડે છે. આ જ છે સ્રષ્ટાનું લીલા અવતરણ, પ્રગટીકરણ.'' (પૃષ્ઠ-૫) આ જ રીતે પૃષ્ઠ-૭ ઉપર તે લખે છે, ''વ્યાપક શક્તિઓ સૂક્ષ્મ અને નિરાકાર હોય છે. તેમનું કાર્યક્ષેત્ર અદૃશ્ય જગત છે. પરબ્રહ્મની અવતાર સત્તા યુગ સંતુલનને સંભાળવા-સુધારવા માટે આવે છે. આ કાર્ય તે તેમની પાસે કરાવે છે, જેમાં દૈવીતત્ત્વોની ચિરસંચિત અધિકતા જોવા મળે છે.

પરમપૂજ્ય ગુરુદેવે વિકસિત ચેતનાવાળા મનુષ્યને ત્રણ શ્રેણીઓમાં વહેંચ્યા છે. સંત, સુધારક અને શહીદ. તેમણે લખ્યું છે કે જ્યારે સમાજમાં આ ત્રણેનો અનુપાત-વર્ચસ્વ વધવા લાગે, ત્યારે સમજવું જોઈએ કે સૂત્ર-સંચાલક અવતારી સત્તા પ્રગટ થઈ રહી છે. 'સંતો'ને તેમણે સજ્જનતા-બ્રાહ્મણત્વના પર્યાય તથા ચરિત્ર તેમજ આચરણ દ્વારા ઉપદેશ આપનારા બતાવ્યા છે. 'સુધારક' આનાથી ઊંચી સ્થિતિ છે, જેમાં માત્ર આત્મનિર્માણની તપશ્ચર્યા જ પર્યાપ્ત નથી હોતી, પરંતુ તેઓ દુષ્ટાચરણ-કુરીતિઓ સામે લડે પણ છે. તેઓ બ્રાહ્મ-ક્ષાત્ર ધર્મ અપનાવે છે. 'શહીદ' એ જે 'સ્વ' ને 'પર' માટે સમગ્ર સમર્પણ કરી દે. સમર્પણ-શરણાગતિ-અહંનું વિસર્જન કરી તેઓ આત્મદાની બની જાય છે. આ ત્રણે વર્ગોના અનુપાતમાં વૃદ્ધિને પૂજ્યવરે અવતારી ચેતનાના પ્રગટીકરણનું પ્રમાણ માન્યું છે.

આ પ્રસંગને હવે પછીના અંકમાં ***''જન્મ કર્મ ચ મે દિવ્યમ્''*** ની વ્યાખ્યાની સાથે આગળ વધારીશું. ઘણું જ રોચક તત્ત્વદર્શન છે. સમજમાં આવી જાય તો વ્યક્તિત્વમાં ધરતીકંપ લાવીને બતાવી દેશે.

(ક્રમશઃ)

❉ ❉ ❉ ❉ ❉

**મેં કહ્યું, ગુરુદેવ ! પહાડો જેવી શાંતિ ક્યાં ? એકાંતમાં બેસીને આત્મચિંતન કરીશ અને પોતાનો પરલોક સુધારીશ.**

**ગુરુએ કહ્યું, વત્સ ! પહાડોનો પરમાર્થ અનિશ્ચિત છે, તું ગામડાંઓમાં જા, જ્યાં લોકો અજ્ઞાનતાના કાદવમાં ફસાઈને દીન-હીન અને ખરાબ હાલતમાં કષ્ટો સહી રહ્યા છે. શહેરોમાં જા, ત્યાંનું અજ્ઞાન માનવી-માનવી વચ્ચે ભેદભાવ, છળકપટ અને વિષમતાનાં બીજ વાવી રહ્યું છે.**

**મેં કહ્યું, દેવ ! ત્યાંનો સંઘર્ષ અને ત્યાંની યાતનાઓ મારાથી સહન નહિ થાય. ત્યાંનો કોલાહલ અને રુદન હું જોઈ નહીં શકું, મને પહાડ પર જવા દો.**

**ગુરુદેવની આંખો આંસુથી છલકાઈ ગઈ અને કહ્યું, તાત ! જે દેશના નાગરિક તથા નાનાં-નાનાં સંતાનો અજ્ઞાનમાં ભટકી રહ્યાં હોય ત્યાંના બુદ્ધિશાળી લોકો પોતાના સ્વાર્થ અને કલ્યાણની વાતો વિચારે તે અન્યાય જ નહીં, પાપ પણ છે. ઈશ્વરને પ્રાપ્ત કરવો છે તો પ્રકાશની સાધના કરો. જેઓ અંધકારમાં ભટકી ગયા છે, તેમને જ્ઞાનનો પ્રકાશ આપો.**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# गायत्री परिजन की क्या पहचान ? समयदान, अंशदान

સમય પરમાત્મા તરફથી મળેલો છે. તે એને ગમે ત્યારે પાછો લઈ શકે છે. તેથી તેનો એક અંશ નિયમિત પરમાત્માના કામ માટે ખર્ચવો જ જોઈએ. પરમાત્માનું એક જ કાર્ય છે - તેની દુનિયાને સુરમ્ય, સુગંધિત અને સ્વર્ગ જેવી સુંદર બનાવવી. સ્વર્ગ અને નરકનો આધાર વિચારો તથા ભાવનાઓ પર રહેલો છે. સદ્‌ચિંતન અને સદ્‌ભાવોનો જનમાનસ તથા અંતઃકરણમાં સમાવેશ થાય તો જ સ્વર્ગીય પરિસ્થિતિઓ શક્ય છે. આથી સદ્‌વિચારોના પુણ્યપ્રસારમાં સમયનું નિયોજન જ યુગધર્મ છે.

પૂજ્ય ગુરુદેવે લખ્યું છે, "આજનો યુગધર્મ છે-જનજાગરણ માટે પ્રચંડ પુરુષાર્થમાં પ્રવૃત્ત થઈ જવું. યુગ સાહિત્ય દ્વારા લોકોને માહિતગાર કરાવવાની જરૂર ઊભી થશે. કાર્લ માર્ક્સ, રુસો, હેરિએટ સ્ટો જેવાઓની ક્રાંતિકારી લેખનીના ચમત્કાર અને પરિણામો પાછલા દિવસોમાં ઘણાએ પ્રત્યક્ષ જોયા જ છે."

યુગ સાહિત્યને જ્ઞાનયજ્ઞની ક્રાંતિકારી યોજનાઓના માધ્યમથી દરેક શિક્ષિત સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. શ્રીરામ ઝોલા પુસ્તકાલય, માતા ભગવતી સ્વયંસંચાલિત પુસ્તકાલય, ગાયત્રી જ્ઞાનયજ્ઞ યોજના તથા યુગચેતના સાહિત્ય વિતરણ યોજના જેવી ઝડપી યોજનાઓના માધ્યમથી યુગ ચિંતનને દરેક વ્યક્તિ સુધી પહોંચાડવાનો સંકલ્પ છે. અશિક્ષિતો માટે શ્રવ્ય પ્રયોજનોમાં ઓછા ખર્ચે પૂરી થઈ શકતી દીપયજ્ઞોની એટલી વિશાળ યોજના શરૂ થઈ ગઈ છે કે દરેક ગામમાં આ માધ્યમથી યુગચેતનાના આલોક વિતરણનો સિલસિલો તીવ્ર ગતિએ ચાલતો રહેશે. સાહિત્યનો સ્વાધ્યાય તથા દીપયજ્ઞોનો સત્સંગ, બન્ને ભેગાં મળીને 'વિરાટ જ્ઞાનયજ્ઞ અભિયાન' દીપયજ્ઞોના માધ્યમથી પૂર્ણ કરવાનો કાર્યક્રમ ચલાવવાનું આહ્વાન આપવામાં આવી રહ્યું છે. પ્રચાર પ્રક્રિયાની સાથે લોકસેવાના ઘેરા રંગનો લાભ થવો જરૂરી છે. ખ્રિસ્તી મિશને આ રીતને જ અપનાવીને એક સહસ્ત્રાબ્દીમાં અડધી દુનિયાને પોતાના ધર્મ તરફ ખેંચી લીધી છે. સમાજનું પતન કરવામાં જેટલી શક્તિ ખર્ચાઈ છે, તેની તુલનામાં ઘણું વધારે કૌશલ્ય, સમય અને સાધનોની જરૂર છે. આ સાધનો આકાશમાંથી આવવાના નથી. યુગ ચેતનાથી અનુપ્રાણિત તથા ભાવનાશીલ વ્યક્તિઓએ આપમેળે જ આ સમયદાનનો શુભારંભ કરવો પડશે. મહાકાળે સમયદાનની એકમાત્ર યાચના કરી છે અને દરેક પ્રતિભાવાન પાસે આશા રાખી છે કે તે આ કઠિન સમયમાં કંજૂસાઈથી નહિ વર્તે, પરંતુ એવી ઉદારતા દાખવે, જેને અનુકરણીય અને અભિનંદન કહી શકાય.

અમારી પાસે જે કાંઈ સાધનો છે, તેમના ઉપાર્જનમાં હજારો-લાખો વ્યક્તિઓનો સહકાર રહ્યો છે. સમાજના યોગદાનથી જ આપણે સમૃદ્ધ બની શકીએ છીએ. સમાજનું આ ઋણ ચુકવવા માટે પોતાના પરિશ્રમ અને ઈમાનદારીની કમાણીનો એક અંશ સમાજ માટે કાઢવો જ જોઈએ. સંતોએ આવકના દસ ટકા કાઢવાની વાત કહી છે, પરંતુ અહીં ગૌ-ગ્રાસ તથા ધર્માદાના રૂપમાં માત્ર ૫૦ પૈસા અથવા એક રૂપિયો દરરોજ કાઢવાનો અનુરોધ કરવામાં આવી રહ્યો છે આનો ઉદ્દેશ ફક્ત ધનસંગ્રહ કરીને સમાજના કાર્યમાં જ લગાડવાનો નથી, બીજો ઉદ્દેશ એ પણ છે કે નિયમિત રૂપથી આપવાની પ્રવૃત્તિ વિકસિત થાય. એ માટે પોતાના પુત્ર અથવા પુત્રીના હાથે જ્ઞાનઘટમાં જમા કરાવવાની પરંપરા પરિવારમાં ચાલવી જોઈએ, જેથી પરંપરા મુજબ આ કાર્ય આવતી પેઢીમાં પણ ચાલતું રહે. છોકરીઓમાં આ પ્રવૃત્તિ આવી જાય, તો એક અન્ય પરિવારમાં આ પરંપરા જઈ શકે છે. માસિક ૧૫ રૂપિયા કે ૩૦ રૂપિયા નહીં, ૫૦ પૈસા રોજ નંખાવતા રહો. ગૌ-ગ્રાસથી ગાયનું પેટ ભરાતું નથી, પોતાના ભાગમાંથી એક અંશ કાઢવાની પ્રવૃત્તિ જાગૃત થાય છે. આ અંશદાનનો સારામાં સારો ઉપયોગ કયો હોઈ શકે ? તેના પર પણ વિચાર કરવો જોઈએ. શાશ્વત નિયમ છે-જે આપવામાં આવે છે, તે મળે છે અને દુનિયામાં 'આપવા અને લેવા'નો સિદ્ધાંત છે. અન્ન આપવાથી અન્ન, વસ્ત્ર આપવાથી વસ્ત્ર, ધન આપવાથી ધન અને જ્ઞાન આપવાથી જ્ઞાન મળે છે. જો જ્ઞાન મળી જાય તો અન્ન, વસ્ત્ર, ધન અને મકાન મળવું સહજ શક્ય છે. તેથી જ્ઞાનનું દાન કરનાર વ્યક્તિને મનુષ્ય યોનિ મળવી નિશ્ચિત જ છે અને જ્ઞાનદાન કરવાથી જ્ઞાનવાન વિદ્વાન પરિવારમાં જન્મ મળવો તે પણ સુનિશ્ચિત છે. આથી અમારા પરિજનોને અમારો અનુરોધ છે કે તેમના પરિચિત મહાનુભાવોને આ વાત સમજાવે અને આવકનો એક અંશ જ્ઞાનદાન માટે ખર્ચવાની પ્રેરણા આપે. અંશદાનને આમતેમ ખર્ચી તેનો દુરુપયોગ ન કરે. ધન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એક શક્તિ છે, તેનું નિયોજન કરતાં પહેલાં તેના લાભ-હાનિ પર હજાર વાર વિચાર કરવો જોઈએ. ખોટા હાથોમાં જવાથી એ ધારણ કરનારના જીવનને પણ ખાડામાં નાખી દે છે અને પરિવાર તથા સમાજ માટે અત્યંત ઘાતક સિદ્ધ થાય છે.

એક વ્યક્તિએ ભિખારીને પૈસા આપ્યા, તો એણે તે પૈસાનો દારુ પી લીધો. એક સંત પુરુષે ભિખારીને પૈસા આપ્યા તો એણે રોટલી ખાઈને ભૂખ મિટાવી. જે પૈસા બેઈમાની, લાંચ અને દગાબાજીથી, કોઈનું દિલ દુભાવીને, કોઈની લાચારીનો લાભ ઉઠાવીને કમાયા હશે, તેનું દાન કરવાથી તેનો દુરુપયોગ થાય છે અને તે દુષ્પ્રવૃત્તિઓની વૃદ્ધિ કરવા લાગે છે. દાન કરવાનું પુણ્ય તો જ્યારે ઈમાનદારી અને મહેનતથી પૈસા કમાયા હોય, ત્યારે જ મળે છે. જ્ઞાન એવી સંપત્તિ છે, જેમાં કોઈ દોષ નથી. જ્ઞાનદાનમાં કોઈ જાતનું પાપ થવાનો ડર નથી. તેથી પોતાની કમાણીનો એક અંશ જ્ઞાનદાનમાં જ વાપરવો જોઈએ. પ્રાચીનકાળથી જ પંચાંગ, રામાયણ, ગીતા વગેરે ધાર્મિક ગ્રંથો સમાજમાં વહેંચવાની પરંપરા રહી છે. હાલના સમયમાં યુગની સમસ્યાઓના સમાધાન માટે યુગઋષિના જીવનસૂત્રો અત્યંત ઉપયોગી છે. જેમને ઋષિઓ પ્રત્યે અગાધ શ્રદ્ધા છે અને શ્રદ્ધાવશ ઋષિઓના ચરણોમાં પોતાની ભેટ ચઢાવવા ઇચ્છે છે, તેમણે બરાબર સમજી લેવું જોઈએ કે યુગઋષિનું સાહિત્ય જ એમનું સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીર છે. યુગઋષિની એ આકાંક્ષા છે કે તેમનું સાહિત્ય ઘેર-ઘેર વંચાવવામાં આવે કે જેથી જન-જનના ચિંતનને ઉત્કૃષ્ટ બનાવી ભાવસંવેદનાઓનો પરિષ્કાર કરી શકાય. તો જ ધરતી પર સતયુગી પરિસ્થિતિઓ ઉત્પન્ન કરી શકાશે. આ ઉદ્દેશની પૂર્તિ માટે યુગચેતના સાહિત્ય અત્યંત ઉપયોગી છે. તેના સ્વાધ્યાય તથા વિતરણ દ્વારા આત્મકલ્યાણ, જનકલ્યાણ, લોકકલ્યાણ તથા આત્મતુષ્ટિ જેવી ઉપલબ્ધિઓ મળવાનું સુનિશ્ચિત સમજી લેવું જોઈએ.

યુગ નિર્માણ યોજના, મથુરાથી જે પોકેટ બુકો નીકળી રહી છે તેને જન-જનમાં વિતરિત કરવા માટે પરિજનોને અનુરોધ કરવામાં આવી રહ્યો છે. કેટલાક પરિજનોનું કહેવું છે કે પૂજ્ય ગુરુદેવ મફત સાહિત્ય વહેંચવાના વિરોધી હતા. અમે પૂજ્ય ગુરુદેવના વિચારોની વિરુદ્ધ જવાનું સાહસ કરી શકતા નથી. આપ જાણતા જ હશો કે ઝોલા પુસ્તકાલય અંતર્ગત સાહિત્ય મફત વાંચવા આપવાનું અને પાછું લેવાનું કાર્ય ચાલતું જ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવે ઝોલા પુસ્તકાલયને જ પ્રચાર માટેની સૌથી શ્રેષ્ઠ યોજના કહી છે. બધા જ પોકેટ બુકો પર એ લખ્યું છે કે આપ પોતે આ પુસ્તક વાંચો, પરિવારમાં સૌને વંચાવો તથા કોઈ પાત્ર વ્યક્તિને વાંચવા માટે આપી દો. એક વ્યક્તિથી બીજી વ્યક્તિ સુધી સાહિત્ય પહોંચાડવાનું કાર્ય પહેલાં કાર્યકર્તા કરતા હતા, તે હવે વાચક પોતે કરે છે. હવે વાચકો જ અમારા કાર્યકર્તા છે. તેથી એમાં મફત સાહિત્ય આપવામાં આવી રહ્યું નથી, વંચાવવામાં આવી રહ્યું છે, જે ગુરુદેવ પણ કરાવતા રહ્યા છે.

✣ ✣ ✣

## મહાકાલની ચેતવણી

**માયાનું આકર્ષણ અને સંમોહન સૌથી વધુ હોય છે. બધું સદ્જ્ઞાન અને વિવેક એક બાજુએ રહી જાય છે. જ્ઞાનીઓ માટે આ જ્ઞાન દંભ બનીને પ્રગટ થાય છે. ''મને તો બધી જ ખબર છે'' આ ભાવ પણ અંતઃકરણની પવિત્રતા, વિનમ્રતા તથા પાત્રતાને નષ્ટ કરી દે છે. અજ્ઞાનીઓમાં તેનું પ્રગટીકરણ અહંની પ્રતિષ્ઠાના રૂપમાં થાય છે. હું શા માટે નમું, હું સર્વશ્રેષ્ઠ, સૌથી વરિષ્ઠ, આ ભાવ આપણા અને આપણા આરાધ્ય વચ્ચે વિભક્તતાની દીવાલ ઊભી કરે છે. આપણે તેની શક્તિઓથી વંચિત રહી જઈએ છીએ. પ્રભુના સામીપ્યનું અભિમાન આપણને ઘણું દૂર લઈ જાય છે. માયાના જાદુથી આપણું અભિમાન ક્યારેક કાંઈક સાધન અને સન્માન પ્રાપ્ત કરી ટોચ પર જઈ પહોંચે છે તો ક્યારેક ઘાયલ થઈને ક્રોધિત નાગની જેમ ફુત્કારી ઊઠે છે. ક્રોધમાં ઉકળતા આપણે કહેવા લાગીએ છીએ, ''અમારી દીર્ઘકાળની સેવાના બદલામાં છેવટે શું મળ્યું ? અમે અમારા ભારે ત્યાગ અને બલિદાનના રૂપમાં શું મેળવ્યું ?'' આમ કહી આપણે ભૂલી જઈએ છીએ કે સાચો ત્યાગી અને બલિદાની પુરસ્કારની ઇચ્છાથી ઘણો ઊંચે ઊઠી જાય છે, પરંતુ અમુકને ખૂબ સન્માન અને અસંખ્ય સુવિધાઓ મળી, તો શું મારી યોગ્યતા કોઈનાથી ઓછી છે ? શું મારું સમર્પણ તેના કરતાં જરાપણ ઓછું છે ? આવા સવાલો ઉઠાવી શું આપણે આપણાં જ સમર્પણની મશ્કરી નથી કરી રહ્યાં ?**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## દુષ્પ્રવૃત્તિ નાબૂદી — પોતાના દોષદુર્ગુણો દૂર કરવાનું શક્ય છે

મોટેભાગે લોકોને એ ફરિયાદ રહેતી હોય છે કે શું કરીએ, ટેવ તો ખરાબ છે પણ આદત પડી ગઈ છે, છૂટતી જ નથી. ગંદી અને નકામી ટેવો માટે ઘણીવાર લોકો આવી સફાઈ આપતા હોય છે. પાન ખાવું, બીડી પીવી, સિનેમા જોવાં, અશ્લીલ ગીતો ગાવાં, ખરાબ લોકોની સંગત, ખરાબ કુટેવો, કુવિચાર વગેરેને પોતાના સ્વભાવની બુરાઈ માનતા હોવા છતાં લોકો એમને છોડતાં ગભરાય છે. એમને લાગે છે કે આ ટેવો છૂટી જશે તો કોઈ નુકસાન થઈ જશે, મિત્રો સાથ છોડી દેશે અથવા જીવનનો આનંદ જતો રહેશે. આવા વિચાર કરવા તે ખૂબ હલકા સ્તરનું કાર્ય છે. ભૂલને સુધારવી એ મનુષ્યનો સૌથી મોટો વિવેક છે. ખરાબ સ્વભાવને સારા સ્વભાવમાં પલટાવી લેવો તે મનુષ્યની સૌથી મોટી ચતુરાઈ છે. સ્વ-સંશોધન એટલી મોટી સમસ્યા નથી કે જેને પૂરી ન કરી શકાય. મનુષ્ય પોતાને બદલી પણ શકે છે.

લોકો જાતજાતની યોજનાઓ બનાવે છે. જેમ કે કાલથી સવારે વહેલી ઊઠીશું અને ફરવા જઈશું, સિગારેટ પીવાનું ઓછું કરી દઈશું અને ધીરે-ધીરે છોડી દઈશું. અઠવાડિયામાં એક જ વખત સિનેમા જોવા જઈશું. ચાને બદલે દૂધ લઈશું. ખરાબ ટેવો છોડવા માટે યોજનાઓ તો ઘણી બને છે, પરંતુ ઇચ્છા હોવા છતાં તેમ કરી શકતાં નથી. માન્યતા ભલે અનુકૂળ હોય, પરંતુ જો વ્યવહારમાં કોઈ પરિવર્તન આવતું નથી, તો યોજનાઓ પણ કોઈ કામની હોતી નથી. ત્યારે એક જ પ્રશ્ન ઊભો થાય છે કે શું ટેવોથી મુક્તિ મેળવવાનો કોઈ ઉપાય જ નથી ? શું એમાં કોઈ ફેરફારની શક્યતા નથી ? આ પ્રકારના ગૂંચવણભર્યા પ્રશ્નો લોકો હંમેશાં ઉઠાવે છે, પોતાના મિત્રો, અધ્યાપકો કે વાલીઓ પાસે પણ સમસ્યાના ઉકેલમાં સહકાર માગે છે.

આદત સુધારવાનો અર્થ સામાન્ય રીતે ખરાબ આદતો સુધારવી એવો કરવામાં આવે છે. અહીં પણ આ જ પ્રશ્ન પર વિચાર કરવાનો છે. મનુષ્યમાં સારી અને ખરાબ બન્ને પ્રકારની ટેવો હોય છે. તે સ્વભાવશૂન્ય રહી જ શક્તો નથી. આથી વિચારવા જેવું એ છે કે બુરાઈઓને કેવી રીતે સુધારવી કે દૂર કરવી ? સ્વભાવમાં ઊંડે સુધી પ્રવેશી ગયેલી ટેવો સુધારવી પણ મુશ્કેલ છે. એ વૈજ્ઞાનિક સત્ય છે કે મનના અભ્યાસમાં જે ટેવો આવી જાય છે, તે ખરાબ હોય તો પણ તે તેમને છોડવા માગતું નથી, પરંતુ જોકે તેનાથી શારીરિક, આર્થિક કે નૈતિક હાનિ થાય છે, કષ્ટ મળે છે અથવા લજ્જાનો અનુભવ થાય છે. તેથી લોકો તેમનાથી બચતા રહેવા પણ માગે છે. એ માટે કેટલાક લોકો સંકલ્પ પણ લે છે, શપથ પણ લે છે, છતાં તે નભતા નથી અને ઇન્દ્રિયોની અભ્યાસગત ઉત્તેજના સામે તેમને પરાસ્ત થઈ જવું પડે છે.

સામાન્ય કામકાજની આદતોમાં જે બુરાઈઓ હોય છે, તેમને તો લોકો સરળતાથી સુધારી શકે છે. ઘરનો કચરો વાળવો, કપડાં ધોવાં, દાતણ કરવું, સવારે વહેલાં ઊઠવું, માલિશ કરવી, ફરવા જવું વગેરે. એમાં થોડાક સમય માટે તાત્કાલિક પ્રસન્નતાનો અનુભવ થાય છે. તેથી આવી સ્વાભાવિક કમજોરીઓને ઠીક કરવામાં વધુ શ્રમ કરવો પડતો નથી. ઘરનો સામાન વ્યવસ્થિત રીતે મૂકવો, સડક પર કચરો ન ફેંકવો, સમયસર ભોજન કરવું, સમયસર સૂઈ જવું, ઓછી વાતો કરવી આ એવી આદતો છે, જેમને થોડીક સાવધાનીથી ઠીક કરી શકાય છે. શરીરસંબંધી કેટલીક નાની-નાની ટેવો બાળકોની સાથે, ધર્મપત્ની સાથેના વ્યવહાર આદિમાં જો થોડી સાવધાની રાખવામાં આવે, તો તેનાથી ઘણી મુશ્કેલીઓ દૂર થઈ જાય છે.

આપણે એ ન ભૂલવું જોઈએ કે આદતોનું નિર્માણ માણસ પોતે જ કરે છે. તેથી આદતો સુધારવા માટે વિવશતા પ્રગટ કરવી યોગ્ય નથી. અંગ્રેજ કવિ ડ્રાઈડનનું કથન છે, "મનુષ્ય પહેલાં આદતો બનાવે છે, પછી આદતો મનુષ્યને બનાવે છે." આ કથન દ્વારા એ શીખ મળે છે કે આદતોના નિર્માણમાં માણસ પૂર્ણ સ્વતંત્ર છે, આથી કેટલીક ટેવોનો સુધાર માણસ સ્થાપિત સિદ્ધાંત દ્વારા કરી શકે છે. ગ્લાસમાંથી હવા બહાર કાઢવા માટેની સૌથી સારી રીત એ છે કે તેમાં પાણી ભરી દેવામાં આવે. સાયકલની ટ્યૂબ ફાટવા લાગે છે ત્યારે સાયકલચાલક


Disclaimer / Warning: All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેની હવા કાઢી નાખે છે. વીજળીઘરોમાં શક્તિ પ્રમાણ કરતાં વધી જઈ મશીન પર વિપરીત પ્રભાવ ન થાય, તે માટે એક તાર જમીનમાં દાટી દેવામાં આવે છે. બિનજરૂરી ટેવો છોડવા માટે કેટલીક ઉપયોગી અને મૂલ્યવાન ટેવો પાડી શકાય, તો અમુક ગંદી ટેવો સુવિધાપૂર્વક છૂટી શકે છે. સિનેમામાં પૈસા ખર્ચવાને બદલે ઉપયોગી પુસ્તકો, ચરિત્ર નિર્માણની વાર્તાઓ, મહાપુરુષોનાં જીવનચરિત્ર, કથા, કાવ્ય વગેરે દ્વારા પણ સિનેમા જેવો જ આનંદ મળી શકે છે. એટલું જ નહીં, આ લાભ વધુ ટકાઉ અને રચનાત્મક હશે, એનાથી મન અને બુદ્ધિનો વિકાસ પણ થશે. જો કોઈ મનુષ્ય તેના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા ઇચ્છે છે, તો એણે પોતાની ખરાબ ટેવોથી છુટકારો મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ. તે માટે પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવા માટેની સારી આદતોનો અભ્યાસ કરવાનો ઉપાય ખૂબ જ સારો છે. સ્વાધ્યાય, સત્સંગ, ભ્રમણ, સ્વાસ્થ્ય સંવર્ધન, પ્રેમાલાપ, મૈત્રી વગેરે સદ્‌ગુણોનો વિકાસ કરવાથી ઘણી બુરાઈઓ આપોઆપ છૂટી જશે. ઘણી બુરાઈઓ પાસે આવશે જ નહીં.

ખરાબ ટેવો છોડવાનું મુશ્કેલ ભલે હોય, પરંતુ અસંભવ જરાય નથી. કોઈ ખરાબ ટેવથી મુક્તિ મેળવવાની દિશામા સૌથી પહેલાં મનુષ્યના મનમાં સુધારા માટેની તીવ્ર આકાંક્ષા હોવી જરૂરી છે. આ ઇચ્છા જેટલી બળવાન હશે, તેટલો જ સંકલ્પ દઢ થશે અને મનોબળ વધી જશે. સામાન્ય રીતે આપણે જોઈએ છીએ કે આવેશમાં આવીને લોકો સિગારેટ વગેરે પીવાનું છોડી તો દે છે, પરંતુ તેમનું મનોબળ એટલું નબળું હોય છે કે ઈન્દ્રિયોની લાલસા ઉત્પન્ન થતાં જ તેઓ તેમની જૂની ટેવ પર આવી જવા માટે લાચાર થઈ જાય છે. આપણે એ જાણી લેવું જોઈએ કે કોઈપણ મહત્ત્વપૂર્ણ કાર્યનું સંપાદન સાચી આકાંક્ષાથી જ થાય છે. તે વિના કશું જ શક્ય નથી. આદતો બદલવા માટે પણ દઢ મનોબળની જરૂર છે. સંકલ્પની અજેય શક્તિ વડે જ દુષ્ટ ટેવોનું નિવારણ થઈ શકે છે, આ વાત મનમાં દઢ કરી લેવી જોઈએ.

પ્રસિદ્ધ મનોવિજ્ઞાની પ્રોફેસર વિલિયમ જેમ્સ પાસે કોઈ વ્યક્તિએ આવી જ ફરિયાદ કરી અને એ ખરાબ ટેવથી છૂટવા માટેનો ઉપાય પૂછયો, તો એમણે કહ્યું, "કોઈ આદત છોડવા માટે મનુષ્યે પૂર્ણ મનથી નિર્ણય કરવો જોઈએ અને એ નિર્ણયને અમલમાં મૂકતી વખતે એક પણ અપવાદ ન હોવો જોઈએ."

જે લોકો બુરાઈને ધીરે-ધીરે ખતમ કરવાની વાત કહે છે, તેઓ વાસ્તવમાં પૂર્ણ નિશ્ચયથી પર હોય છે. ઉપર્યુક્ત સિદ્ધાંત મુજબ તેમના સંકલ્પમાં અપવાદ વિદ્યમાન હોય છે. ધીરે-ધીરે છોડીશુંનો અર્થ છે - હજી ચિત્ત દુવિધાની સ્થિતિમાં છે. તે છોડી પણ શકે છે અને નહીં પણ. આવી સ્થિતિ હોય ત્યારે કોઈ મહત્ત્વપૂર્ણ સફળતા મળી શકતી નથી. મનને મનાવવા માટે કે બાળબુદ્ધિ ધરાવતા લોકોને સમજાવવા માટે ભલે કોઈ એવું કહી દે, પરંતુ સાચી વાત તો એ જ છે કે આદતોનો સુધાર પૂરી ઇચ્છાથી થવો જોઈએ.

આ બાબતે એક સૂચન એ હોઈ શકે કે જે બુરાઈ છોડવા ઇચ્છીએ છીએ, તેના સંબંધમાં સદૈવ એ હાનિઓ પર વિચાર કરવો જોઈએ, જે તેના કારણે પેદા થઈ શકે છે અથવા નહીં. ઉદાહરણ સિગારેટ-બીડી પીનારાઓ કે તમાકુ ખાનારાઓ એમ વિચારી શકે છે કે ફેફસાં ખરાબ થશે, લોહી બગડશે, પાચનક્રિયા પર દૂષિત પ્રભાવ પડશે, એનાથી મોઢાનું કે ફેફસાંનું કેન્સર થઈ શકે છે, મોઢામાંથી દુર્ગંધ આવી શકે છે, વગેરે. આ રીતે વિચાર કરવા લાગીએ તો કેટલીય અવ્યક્ત હાનિઓ પણ સમજમાં આવવા લાગશે અને એ બુરાઈથી બચવાનું આસાન થઈ જશે.

જે નશાઓની આપને આદત પડી ગઈ હોય, તેમના વિશે એવી કલ્પના કરો કે તે આપના પેટ પર ખરાબ અસર કરે છે, સ્નાયુતંત્રને શિથિલ બનાવે છે, આંખોનું તેજ ઓછું કરે છે અને વીર્યને નિર્બળ બનાવે છે, તો આપના અંતઃકરણમાં તેના પ્રત્યે ધૃણા ઉત્પન્ન થશે. બુરાઈના ખરાબ પક્ષને જ્યાં સુધી જોતા નથી, ત્યાં સુધી ધૃણા ઉત્પન્ન થતી નથી. વાસનાથી ઉત્પન્ન થતી દુર્બળતાની પહેલેથી જ જાણ થઈ હોય, તો કામ પ્રવૃત્તિ પર અંકુશ રાખવાનું શક્ય બની જાય છે.

જે રીતે ખરાબ ટેવથી ઉત્પન્ન થતાં ખરાબ પરિણામોનું ચિંતન કરવાથી તેના પ્રત્યે ધૃણા થાય છે, તેવી રીતે તેનાથી થતા લાભોના ચિંતનને આનંદનો વિષય પણ બનાવી શકાય છે. સિગારેટ પીવાનું છૂટી જશે તો એક દિવસના પાંચ રૂપિયા બચશે, એક મહિનામાં એકસો પચાસ રૂપિયા અને એક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વર્ષમાં એક હજાર આઠસો રૂપિયા બચશે. આ રીતે એ બચતને જો દસ વર્ષ સુધી પણ પોસ્ટ ઓફિસમાં જમા કરીએ તો અઢાર હજાર રૂપિયાની રકમ જમા થઈ શકે છે. એનું જે વ્યાજ થશે તે અલગ. એવી જ રીતે શરીર તંદુરસ્ત રહેશે. ખાંસી નહિ આવે. બીમારીનો પણ ભય નહિ રહે. ફેફસાં શુદ્ધ રહેશે. આ બધા લાભો પર આપ ખુશી વ્યક્ત કરતા રહો, તો બુરાઈ છોડવાથી ઉત્પન્ન થતી માનસિક અસ્થિરતા આપને હેરાન નહિ કરે, પરંતુ આપને આપના ઉદ્દેશમાં સફળ થવાની ખુશીનો જ અનુભવ થશે.

આદત બદલવાની આ ક્રિયાઓ સંપૂર્ણપણે મનોવૈજ્ઞાનિક છે. એમનો ઉપયોગ જો સ્વ-સંશોધનમાં કરી શકાય, તો મનુષ્ય બુરાઈઓને દૂર કરવામાં આશાજનક સફળતા પ્રાપ્ત કરી શકે છે. કહેતા રહેવાથી કોઈ સમસ્યાનો ઉકેલ મળતો નથી. તે માટે રચનાત્મક પગલાં પણ ઉઠાવવાં પડે છે, ત્યારે જ કોઈ લાભ દેખાવાની શક્યતા છે. પોતાની આદતોને સુધારીને જેઓ આત્મનિર્માણના કાર્યમાં પ્રવૃત્ત થાય છે, તેમનું જીવન સુખી અને સમૃદ્ધ પણ બની જાય છે. આપણે પણ આપણા જીવનના પુનર્નિર્માણ પર સદૈવ ગંભીર દૃષ્ટિ રાખવી જોઈએ. આત્માવલોકન દ્વારા પોતાની બુરાઈઓ શોધવી જોઈએ અને તેમને દૂર કરવાનો સંકલ્પપૂર્વક પ્રયાસ કરવો જોઈએ.

પથ્થરની એક મોટી શિલા જોઈને બાળકે બુદ્ધને પૂછ્યું, ભગવન્ ! શું આ શિલા પર કોઈનું શાસન શક્ય છે ? ભગવાન બુદ્ધે જવાબ આપ્યો, લોખંડમાં પથ્થર કરતાં અનેકગણી શક્તિ હોય છે. લોખંડ પથ્થરના ટુકડે-ટુકડા કરી દે છે. શિષ્યે પ્રશ્ન કર્યો, તો પછી લોખંડ કરતાં પણ કોઈ શ્રેષ્ઠ વસ્તુ હોઈ શકે છે ? બુદ્ધ બોલ્યા, કેમ નહીં ? અગ્નિ છે, જે લોખંડનો અહંકાર ગાળીને દ્રવરૂપ બનાવી દે છે. શિષ્યે કહ્યું, અગ્નિની વિકરાળ જ્વાળાઓ સામે શું કોઈનું કશું ચાલી શકે છે ? બુદ્ધે કહ્યું, કેવળ જળ છે, જે તેની ગરમીને શીતળ બનાવી દે છે. શિષ્યે કહ્યું, જળનો મુકાબલો કરવાની તાકાત કોનામાં હશે ? બુદ્ધે કહ્યું, આમ કેમ કહો છો વત્સ ! સંસારમાં એક એકથી શક્તિશાળી મોજૂદ છે. વાયુનો પ્રભાવ જળધારાની દિશા બદલી નાખે છે. સંસારનો પ્રત્યેક પ્રાણી વાયુને કારણે જીવિત છે. શિષ્યે કહ્યું, જ્યારે વાયુ જ જીવન છે, તો તેના કરતાં મહત્ત્વની વસ્તુ હોવાનો સવાલ જ ઊભો થતો નથી ? બુદ્ધને હસવું આવી ગયું, કહ્યું, મનુષ્યની સંકલ્પશક્તિ દ્વારા વાયુ પણ વશમાં થઈ જાય છે. તેની સંકલ્પશક્તિ સૌથી મહાન છે.

સુજાતાએ ખીર આપી. બુદ્ધે તે ગ્રહણ કરી પરમ સંતોષ અનુભવ્યો. તે દિવસે એમને જે સમાધિ લાગી તે સાતમા દિવસે જ તૂટી. જ્યારે તેઓ ઊઠ્યા ત્યારે તેમને આત્મસાક્ષાત્કાર થઈ ચૂક્યો હતો.

નિરંજરા નદીના તટે પ્રસન્ન મુદ્રામાં ભગવાન બુદ્ધને જોઈ સુજાતા વિસ્મિત થઈ ગઈ કે તેઓ સાત દિવસ સુધી એક જ આસનમાં કેવી રીતે બેસી રહ્યા ? તે જ વખતે કેટલાક લોકો સામેથી શવને લઈ જતા દેખાયા. ભગવાન બુદ્ધ હસવા લાગ્યા.

સુજાતાએ પ્રશ્ન કર્યો, યોગીરાજ ! કાલ સુધી તો આપ શવ જોઈને દુઃખી થઈ જતા હતા, આજે કેમ હસવા લાગ્યા.

ભગવાન બુદ્ધે કહ્યું, બાલિકે ! સુખદુઃખ મનુષ્યની માત્ર કલ્પના છે. કાલ સુધી આસક્તિને કારણે એ ભય હતો કે ક્યાંક એ છૂટી ન જાય, એ ભય જ દુઃખનું કારણ હતું. આજે મેં જાણી લીધું કે જડનો ગુણ જ પરિવર્તન છે, પરંતુ આપણે જે માટે દુખ કરીએ છીએ, તે નથી પરિવર્તનશીલ કે નથી નાશવંત. જે સનાતન વસ્તુને પ્રાપ્ત કરી લે, તેને નાશવાન વસ્તુઓનું શું દુઃખ ?



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

| | | |
|---|---|---|
| પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી | ત્યાગ-બલિદાનની સંસ્કૃતિ દેવસંસ્કૃતિ-૪ | (ગતાંકથી આગળ) |

મિત્રો ! દીકરો કેવો હોવો જોઈએ ? રાહુલ જેવો હોવો જોઈએ. દીકરો એવો ન હોવો જોઈએ કે બાપ મરશે તો મિલકત મને મળશે અને જે ખેતર છે, તે મને મળવું જોઈએ. બાપનો પૈસો મને મળવો જોઈએ. બાપા જીવતા છે, તો અમને ભાગ મળવો જોઈએ. ના, દીકરો આવો હોવો ન જોઈએ. ના, મહારાજ ! દીકરા તો આવા જ હોય છે. બાપાની પાસે એકવીસ વીઘા જમીન છે. બાપાને મરવાની હજુ વાર છે. દીકરો કહે છે કે અમને અમારો ભાગ હમણાં જ આપી દો. અમે મરીશું ત્યારે આપીશું. ના, મરવા સુધી અમે રાહ જોવા માટે તૈયાર નથી, અત્યારે જ આપી દો. આ કોણ છે ? શું દીકરા આવા હોઈ શકે ? ના, દીકરા આવા નથી હોતા. દીકરા તો શ્રવણકુમાર જેવા હોય છે, અને દીકરા રાહુલ જેવા હોય છે અને દીકરીઓ કેવી હોય છે ? દીકરીઓ સંઘમિત્રા જેવી હોય છે. સંઘમિત્રા સમ્રાટ અશોકની દીકરી હતી. તેણે કહ્યું, પિતાજી આપે સંન્યાસ લઈ લીધો ? તો પછી અમારે માટે હુકમ કરો કે અમારે શું કરવું જોઈએ.

મિત્રો ! સંઘમિત્રા એવી હતી, તેણે પૂછ્યું, પિતાજી શું કરવું પડશે ? દીકરી અમારા રસ્તે ચાલવાનું રહેશે. સમ્રાટ અશોકની દીકરી સંઘમિત્રા નીકળી પડી અને બુદ્ધ દ્વારા જેટલા વિહાર બનાવાયા હતા તેના કરતાં વધારે વિહાર બનાવીને બતાવી દીધું. મહિલાઓનાં કામકાજ, મહિલાઓનાં સંગઠન, મહિલાઓના વિહાર સંઘમિત્રાએ ઢગલાબંધ બનાવી દીધા. અમારા પુસ્તકમાં આ બધાનું વર્ણન કરવામાં આવ્યું છે, તેનો ઉલ્લેખ હું કરી રહ્યો હતો. કેટલા વધુ બુદ્ધના વિહાર હતા અને કેટલા મહિલાઓ માટે ? આ કેવી રીતે બન્યું ? આ પ્રકારની પરંપરાઓથી થઈ ગયું. ક્યાંથી ક્યાં સુધી થયું ? જ્યાં પણ ક્યાંક અનીતિ વિરુદ્ધ સંઘર્ષ કરવાની જરૂરિયાત ઉદ્‌ભવી હશે અથવા તો ધર્મની સ્થાપના કરવાની જરૂરિયાત ઉદ્‌ભવી હશે, અને જ્યારે નક્કર પગલાં ભરવાની જરૂરિયાત ઉદ્‌ભવી હશે, જેવી આજે છે. ત્યારે હળવાશથી પગલાં ભરતાં રહી પહેલાં તો મીટિંગ ભરશે, વાર્ષિકોત્સવ ઉજવશે, રામાયણની કથા કરશે. ઠીક છે આ બેફિકરાઈભર્યું પગલું હોઈ શકે, પરંતુ આ નક્કર કદમ ન હોઈ શકે. નક્કર તો એ છે કે આપણે જનસામાન્યની સામે ત્યાગ અને બલિદાનની પરંપરાઓ પ્રસ્તુત કરવી જોઈએ, જેથી લોકોનું મોં એવું કહેવા માટે બંધ થઈ જાય કે આ કહેવા-સાંભળવાની વાતો છે. આ તો અન્યને ઉપદેશ આપવાની વાતો છે. આ વાતો ઉપયોગમાં આવતી નથી અને કોઈ મનુષ્ય આને જીવનમાં ઉતારીને બતાવી શકતો નથી. અન્યને કહી શકે છે કે તમારે ત્યાગી થવું જોઈએ, બ્રહ્મચારી રહેવું જોઈએ, પરોપકારી થવું જોઈએ. તમે અને અમે કહી શકીએ છીએ, પરંતુ જ્યારે જાતે કરવાનો સમય આવે ત્યારે આપણે કરી શકતા નથી. આ જ કારણે વક્તાઓનો, ઉપદેશકોનો ક્યાંય કોઈ પ્રભાવ પડતો દેખાતો નથી.

મિત્રો ! ચિંતાની કોઈ વાત નથી. તમે તમારાથી શરૂઆત કરો, ઉદાહરણ બનો, કરીને બતાવો. અમારી પરંપરા પોતાનાથી જ શરૂઆત કરવાની રહી છે. જ્યાં પણ ક્યાંક અમે જોઈએ છીએ, શરૂઆત હંમેશાં અમારાથી જ કરીએ છીએ. વિશ્વામિત્ર અને હરિશ્ચંદ્ર બંને એકબીજાની નજીક હતા. એટલા બધા નજીક હતા કે ગુરુ-શિષ્યનો પ્રેમ જે રાજા-વિશ્વામિત્રમાં હતો જે અન્ય કોઈમાં જોવા મળ્યો નથી. વિશ્વામિત્ર એક મોટું કાર્ય કરવાના હતા, નવી દુનિયા બનાવવાના હતા. જ્યારે અમે વાંચીએ છીએ, ત્યારે તેમાં નવી સૃષ્ટિ લખેલું છે. તેઓ નવી સૃષ્ટિ બનાવી રહ્યા હતા. હું સમજું છું નવી સૃષ્ટિ તો બનાવવી અશક્ય છે, પરંતુ નવો જમાનો લાવી રહ્યા હશે. વિશ્વામિત્રએ રાજા હરિશ્ચંદ્રને કહ્યું, તમે અમારા મિત્ર છો, દોસ્ત છો. તેમણે કહ્યું, હા. તો પછી અમારી સાથે સાથે ચાલો, અમારા કાર્યમાં મદદ કરો. રાજા હરિશ્ચંદ્રએ કહ્યું, અમે તમારી સાથે જ ચાલીશું અને તમારા કાર્યમાં મદદ કરીશું.

મિત્રો ! વિશ્વામિત્રને પૈસાની જરૂર પડી હશે, એટલે તેમણે હરિશ્ચંદ્રનું રાજ્ય માંગ્યું હશે, અન્ય વસ્તુઓ માંગી હશે અને છેલ્લે જ્યારે બધું જ ખલાસ થઈ ગયું હશે, ત્યારે ભૌતિક સાધનો માટે રાજા હરિશ્ચંદ્રએ પોતે પોતાને નીલામ કરી નાંખ્યા હશે. પોતાની પત્ની-પોતાનાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બાળકોને નીલામ કરી નાંખ્યાં હશે. આ શું છે ? ત્યાગ અને બલિદાન છે. આને આપણે ભૂલી નથી શકતા. શા માટે વિશ્વામિત્રએ હરિશ્ચંદ્રને જ દોસ્ત બનાવ્યો. આનાથી ઓછામાં કામ ચાલી શકતું ન હતું ? હજુ પણ હજારો ગાંધીજી પેદા કરવાની તાકાત હરિશ્ચંદ્રમાં છે. ગાંધીજીએ બાળપણમાં હરિશ્ચંદ્રનું નાટક જોયું અને નાટક જોઈને તેમણે કહ્યું, હું હરિશ્ચંદ્ર બનીને જીવીશ. તેઓ વાસ્તવમાં હરિશ્ચંદ્ર બનીને જીવ્યા. હરિશ્ચંદ્રએ એક હરિશ્ચંદ્ર તો હમણાં-હમણાં પેદા કર્યો છે અમારી સામે જ અને અસંખ્ય હરિશ્ચંદ્ર કોણ જાણે કેટલાય પેદા કરી ગયા ? કઈ રીતે થયા ? પોતાની જાતને ત્યાગની બલિવેદી ઉપર સમર્પિત કરવા સિવાય બીજો કોઈ ઉપાય નથી. જો આપણાં વ્યક્તિગત જીવનમાં લોકહિત માટે, પરમાર્થ માટે ક્યાંય ત્યાગની પરંપરા ન હોય, તો પછી તે માત્ર કહેવા પૂરતી વાતો છે, ફોસલાવવાની વાત છે અને પોતાને છળવાની તેમજ જનતાને ગેરમાર્ગે દોરવાની વાતો છે. નવો યુગ લાવવા માટે તો આપણે ફરીથી ત્યાંથી જ શરૂઆત કરવી પડશે, જ્યાંથી આપણને આ વાત લાગુ પડે છે કે ત્યાગ અને બલિદાનનો પ્રશ્ન આવે, તો આપણે ક્યાં હોઈએ છીએ. આજુબાજુ જોતા રહીએ છીએ કે આગળ વધી જઈએ છીએ.

મિત્રો ! આપણી સંસ્કૃતિમાં ત્યાગ-બલિદાનની પરંપરાઓ આદિકાળથી રહી છે, ભલે પછી તે બુદ્ધ હોય કે હરિશ્ચંદ્ર, કોઈ પણ રહ્યું હોય. ત્યાગ-બલિદાનની પરંપરાઓ ગાંધીજીના આશ્રમમાં પણ હતી. ગાંધીજીના આશ્રમમાં જ્યારે 'મીઠાનો સત્યાગ્રહ' શરૂ થયો ત્યારે લોકોએ કહ્યું કે આપ શાંતિથી બેઠા રહો અને લોકોને કામ બતાવો. બધા જ લોકો જેલમાં જઈ શકે છે, મીઠું પકવી શકે છે, આપ શાંતિથી બેસી રહો, બાકીનાં લોકો આ બધું જ કાર્ય કરશે. ગાંધીજીએ કહ્યું, એવું ન થઈ શકે. જે લોકો સાબરમતી આશ્રમમાં રહે છે, તે આશ્રમવાસીઓનો નંબર સૌથી પહેલો છે, બાકીનાં લોકોનો નંબર પાછળ છે. તેમણે સૌ પ્રથમ પોતાનું નામ લખાવ્યું. ગાંધીજીના આશ્રમમાં જે ઓગણીસ વ્યક્તિઓ હતી, તેમને લઈને અને આશ્રમને તાળું મારીને ગાંધીજી પોતાના સાથીઓને લઈને મીઠું બનાવવા માટે રવાના થઈ ગયા અને ત્યાંથી જેલમાં ગયા. તેમના જેલમાં ગયા પછી જે આગ ફેલાઈ, ત્યારે ગાંધીજીનાં બાળકો, જનસેવકો સૌએ કહ્યું કે આપણે પણ જેલમાં જવું જોઈએ. આ પ્રભાવ વ્યાખ્યાનનો હતો ? ના, ત્યાગ માટે ગાંધીજીએ પોતાની જાતને રજૂ કરી તેનો હતો. કોઈ વ્યાખ્યાન આપ્યા વગર, કોઈ કથા કહ્યા વગર, કોઈ પ્રવચન આપ્યા વગર, કોઈ સંમેલન ભર્યા વગર કેટલા બધા લોકો જેલમાં જતા રહ્યા. ગાંધીજીના એ સાહસ, ત્યાગને જોઈને લોકો સમજી ગયા કે આ માણસના કહેવા અને કરવામાં બે મત છે નહીં. આમનું કહેવું અને કરવું એક જ છે.

***શીખ ધર્મ પણ આનો સાક્ષી***

મિત્રો ! આ જ પરંપરા ચાલુ છે અને ચાલુ રહેશે. સંપૂર્ણ ઈતિહાસ, પુરાણોનો ઈતિહાસ, ધર્મ-શાસ્ત્રોનો ઈતિહાસ, વ્યક્તિગત ઈતિહાસ જ્યારે આપણે જોઈએ છીએ, ત્યારે અન્ય કોઈ ઉપાય જણાતો નથી. યવનોની વિરુદ્ધ જ્યારે શીખ ધર્મ રચવામાં આવ્યો અને એ વાતની જરૂરિયાત ઉદ્ભવી કે લોકોએ હિન્દુ ધર્મની રક્ષા કરવા માટે સિપાઈઓની જેમ છાતી કાઢીને ઊભા થઈ જવું જોઈએ અને પોતાની જાતને જોખમમાં નાંખવી જોઈએ. આ બહાદુરી જ્યારે ગુરુ ગોવિંદસિંહ બતાવવાના હતા, ત્યારે લોકોએ તેમને પૂછ્યું કે આનો ઉપાય શો હોઈ શકે ? લોકોમાં બહાદુરી કેવી રીતે લાવવામાં આવે ? જો આ ઉપદેશથી આવી જાય જેના લીધે બધા જ લોકો ફાંસીએ ચઢી જાય, બધા જ મરી જાય અને આપણે સુરક્ષિત બેસી રહીશું, એવું શક્ય ન હતું. ગોવિંદસિંહે કહ્યું, ''પહેલો નંબર મારો છે.'' તેમણે જાણીજોઈને એવી પરિસ્થિતિઓનું નિર્માણ કર્યું, જેના લીધે લોકોમાં જુસ્સો અને જીવન (ઉત્સાહ) ઉત્પન્ન થઈ શકે.

મિત્રો ! ગુરુ ગોવિંદસિંહનાં બે બાળકોને દીવાલમાં ચણી લેવામાં આવ્યાં. બે બાળકો યુદ્ધમાં હતાં. એક બાળક જ્યારે યુદ્ધના મેદાનમાં મૃત્યુ પામ્યું ત્યારે બીજું બાળક જે એની સાથે લડી રહ્યું હતું તે ભાગીને આવ્યું અને પોતાના પિતાજીને સમાચાર સંભળાવ્યા કે મારા મોટાભાઈ તો લડાઈમાં માર્યા ગયા. ગુરુ ગોવિંદસિંહ બોલ્યા કે, માર્યો ગયો, તો પછી બેટા તું કેવી રીતે આવ્યો ? તે સમયે બાળક જવાબ આપી ન શક્યો. તે બીચારો સમજી ન શક્યો કે પિતાજીનો ઈશારો શો છે ? પિતાજીનો ઈશારો એ હતો કે એક ભાઈ યુદ્ધના મેદાનમાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માર્યો ગયો, તારે પણ મરવું જોઈતું હતું. તે ઈશારો સમજી ગયો, પરંતુ તેમની સામે જવાબ શો આપી શકે ! તેણે કહ્યું, પિતાજી ! મને તરસ લાગી હતી. પાણી પીવા અને તમને ખબર આપવા તેમજ સુસ્તી ઉડાડવા આવ્યો હતો. ઠીક છે દીકરા ! જેટલો સમય આળસ કરવાની હતી કરી લીધી. હા જો તને તરસ લાગી છે, તો દીકરા દુશ્મનનાં લોહીથી તારી તરસ છીપાવજે. ચાલ હવે અહીંથી જા અને તેને ત્યાંથી ભગાડચો.

મિત્રો ! તે તુર્તજ ત્યાંથી જતો રહ્યો. આ હું શું કહી રહ્યો હતો. આ અધ્યાત્મની વાત કરી રહ્યો છું, દેવ-પરંપરાઓની વાતો કરી રહ્યો છું અને એ વાત કરી રહ્યો છું કે જો દુનિયામાં કોઈ મોટું કાર્ય થયું છે અથવા તો મોટું કાર્ય થઈ શકતું હોય, તો આના કરતાં ઓછાથી ન થઈ શકે કે આના કરતાં વધારેથી ન થઈ શકે.

***તમાશાથી દૂર રહી, સાચા અધ્યાત્મને જાણો***

ભાઈઓ ! આપણું આ કુટુંબ અમે ઘણા દિવસો પહેલાં બનાવ્યું હતું. તે સમયે અમારી પાસે બાળકો જ બાળકો હતાં. બાળકો માટે જે નીતિ અપનાવવી જોઈએ, તેવી જ નીતિ અમારી હતી. બાળકો માટે, તેમને આપવા માટે શું હોઈ શકે છે ? પિતાજી ફુગ્ગો આપો, ચોકલેટ આપો, લોલીપોપ આપો. પિતાજી ચાવીવાળી રેલગાડી લાવજો. અમે બરફનો ગોળો ખાઈશું. જેવી બધી જ માગણીઓ, ફરમાઈશો-ડિમાન્ડ બાળકો કરતાં રહે છે. આ કોણ છે ? બાળકો. અધ્યાત્મક્ષેત્રમાં ફરમાઈશ કરનારા આ કોણ છે ? બિલકુલ બાળકો છે, બચ્ચાંઓ છે. તેમને એ જ વાતની ચિંતા રહે છે કે અમને આપો, અમને આપો. એટલા માટે આ બાળક છે. આજથી ત્રીસ વર્ષ પહેલાં અમે બિલકુલ બાળકોનો સમૂહ ભેગો કર્યો હતો અને લોકોને કહ્યું હતું કે અમારી પાસે જે કાંઈ છે, તે તમે લઈ જાવ. ત્યારે લોકોએ કહ્યું હતું, પિતાજી ! આપની પાસે શું છે ? ફુગ્ગા છે, તો અમને આપી દો. બસ એક ફુગ્ગો પેટીમાંથી કાઢ્યો, ફૂંક મારીને હવા ભરી દીધી અને કહ્યું કે આ રહ્યો તમારો ફુગ્ગો. એકે કહ્યું પિતાજી ! આપ તો સૌને વહેંચતા રહો છો ! હા દીકરા, અમારી પેટીમાં ઘણી બધી વસ્તુઓ છે. આ જો ચોકલેટ છે, લોલીપોપ છે. આ નોકરીમાં બઢતી છે. આ દમની બીમારીનો ઈલાજ છે.

આ શું છે ? આ બધો ખેલ છે, ખેલ-ખિલૌના છે. આ બધું ઘણા દિવસો પહેલાં હતું. હવે અમારી દુકાન મોટી થઈ ગઈ છે અને હવે હું તમારી પાસેથી જુદા પ્રકારની આશા રાખું છું. હવે તમે ફુગ્ગા માંગો છો, ત્યારે હું નારાજ થઈ જાઉં છું અને આપને કહ્યું છું કે હવે તમે ત્રીસ વર્ષના થઈ ગયા છો. તમને શરમ નથી આવતી કે ફુગ્ગા માંગવા આવ્યા છો. તો પિતાજી ! મારે શું કરવું જોઈએ ? હું હવે ઘરડો થઈ ગયો છું અને તું કમાવા લાગ્યો છું. તને સાડી છસ્સો રૂપિયા મળે છે. જો, અમે આ ફાટેલો પાયજામો પહેરીએ છીએ, અમારે માટે નવો પાયજામો લાવી આપ અને જો અમે ઘરડા થઈ ગયા છીએ એટલે ઓછું દેખાય છે. ડોક્ટરે કહ્યું છે કે આંખોનો ટેસ્ટ કરાવીને ચશ્માં ખરીદી લેજો. ડોક્ટરે જણાવ્યું હતું કે અઠ્યાવીસ રૂપિયાનાં ચશ્માં આવશે. દીકરા, કાઢ અઠ્યાવીસ રૂપિયા ચશ્માં માટે. બેટા, કાઢ અઠ્યાવીસ અને અમારી આંખોનો ટેસ્ટ કરાવી લાવ. ચશ્માં ખરીદીને લાવ. અરે ! પિતાજી, આપે તો 'ટર્ન' જ બદલી નાંખ્યો. હા દીકરા, બદલી નાંખ્યો. પહેલાં અમે ફુગ્ગા આપતા હતા. હવે અમે ચશ્માં માટે પૈસા માંગીએ છીએ. આ કેવી વાત ? આ તો બિલકુલ ઊંધું થઈ ગયું. જ્યારે તું ખોળામાં હતો ત્યારે નાગો ફરતો હતો અને હવે તો તું લંગોટ પણ પહેરે છે, પેન્ટ પણ પહેરે છે. તું બદલાઈ ગયો કે નહીં ? હા, મહારાજજી ! હું તો બદલાઈ ગયો. દીકરા તું બદલાઈ ગયો તો અમે પણ બદલાઈ ગયા.

મિત્રો ! હવે અમારું કુટુંબ યુવાન થઈ ગયું છે. અમે યુવાન વ્યક્તિઓ પાસેથી અપેક્ષા રાખીએ છીએ આપવાની. અમે હવે માગવાની અપેક્ષા રાખીએ છીએ અને અમારો હક છે કે અમે તમારી પાસેથી માગીએ. હવે તમારી પાસેથી માગવામાં આવ્યુ છે અને માગવું જોઈએ. દીકરા, જ્યાં ક્યાંક વાસ્તવિકતાનો ઉદય થયો છે, જ્યાં ક્યાંક યુવાની આવી છે, જ્યાં ક્યાંક પ્રૌઢતા આવી છે, જ્યાં ક્યાંક વિવેકશીલતા આવી છે, ત્યાં જ પરંપરા પલટાઈ જાય છે. હવે અમે તમારી પાસેથી લેવાની પરંપરાનો આરંભ કરીએ છીએ, કેમ કે હવે તમે યુવાન થઈ ગયા છો. ખાસ કરીને આ જમાનામાં, જેમાં તમે અને અમે જીવતા છીએ. આ સવાલ જીવનભરનો છે. આજે મનુષ્યજાતિ જે બાજુ જઈ રહી છે, મનુષ્યનું ચિંતન જે ઊંડાઈની ખાઈમાં જઈ રહ્યું છે. ક્યારેક રાવણના સમયમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉદ્ભવી હતી એવી જ પરંપરા છે. જ્યારે તે મનુષ્યોને મારીને હાડકાંઓનો ઢગલો કરતો હતો. આજે હાડકાંઓનો ઢગલો તો કરવામાં નથી આવતો, પરંતુ આપણે હાલતા ચાલતા હાડકાંનાં ઢગલાનાં સ્વરૂપમાં મનુષ્યને જોઈ શકીએ છીએ. હાડકાંઓ જીવતાં તો છે, પરંતુ જેને ચૂસી લેવામાં આવ્યા છે, હું સમજું છું કે પ્રાચીન સમયમાં મનુષ્યો વધારે ભલા હતા અને પ્રામાણિક પણ હતા. કયા મનુષ્યો ? તે જેને મારીને નાંખી દેવામાં આવતા હતા, તેમને હું વધારે પસંદ કરું છું, કેમ કે ત્યારે મનુષ્યને મારીને ખતમ કરી નાખતા હતા. પરંતુ આજની રીત ઘણી જ ગંદી છે. આજે તો તમે રડાવી-રડાવીને મારો છો, ફોલી-ફોલીને મારો છો, તરસાવી-તરસાવીને મારો છો. આ ગંદી રીત છે. રાવણના સમયમાં ત્યારે પણ સારી રીત હતી, સીધી જ ખતમ કરી નાંખવાની.

***આજની વિડંબના***

મિત્રો ! આજે આપણે શું કરીએ છીએ ? આજે આપણે પોતાના સ્વાર્થને પૂરો કરવા માટે દરેકને ચૂસી રહ્યા છીએ. કોને ચૂસીએ છીએ ? જે કોઈ પણ આપણી પાસે આવે છે, તેને આપણે ચૂસી લઈએ છીએ, તેને જીવતો છોડવા માગતા નથી, ફક્ત તેનાં હાડકાં જ રહી જાય છે. ઉદાહરણ માટે, જેમ કે આપણી પત્ની. આપણે આપણી પોતાની પત્નીને ચૂસી લીધી છે. હવે તે હાડકાંનું માળખું માત્ર છે. કઈ રીતે થયું ? દીકરા, જ્યારે તે પોતાના બાપના ઘરેથી અહીં આવી હતી, ત્યારે એવી આશા સાથે આવી હતી કે મારું સ્વાસ્થ્ય સારું બનશે, મને ભણાવવામાં આવશે, શિક્ષિત બનાવવામાં આવશે અને એવી આકાંક્ષાઓ સાથે આવી હતી કે પિતાજી જેટલો પ્રેમ આપતા હતા જેટલી સુવિધાઓ અમને આપતા હતા, મારો પતિ તેના કરતાં વધારે પ્રેમ અને સુવિધા આપશે, પરંતુ આપણે તો તેને ચૂસી લીધી. દરેક વર્ષે બાળકો પેદા કર્યાં. કામવાસના-પૂર્તિના કારણે અમે તેના પેટમાંથી પાંચ બાળકો કાઢી નાંખ્યાં. પાંચ દીકરીઓ થઈ ગઈ, હવે એક દીકરો હજુ હોવો જોઈએ. હવે તે બીચારી લાશ બનીને રહી છે. વારંવાર અમારી પાસે આવતી રહે છે અને કહેતી રહે છે કે મારા પેટમાં દર્દ થાય છે, કમરમાં દર્દ થાય છે અને મારું માથું દુઃખે છે. હું કહું છું કે દીકરી તું જીવતી છું, ભગવાનનો ઘણો આભાર માન કે આ પિશાચે તને હજુ સુધી જીવતી છોડી છે. આનું ચાલે તો તને ખાઈને તારી જિંદગી ખલાસ કરી નાંખે, ચંડાળ નહીં તો ! આને તો હજુ વધારે છોકરા જોઈએ છે.

મિત્રો ! તે બીચારી પાસે ન તો માંસ છે, ન તો શરીરમાં લોહી છે અને ન તેની પાસે જીવ છે. તેની પાસે કશું જ નથી. કોને ખબર કઈ રીતે તે શ્વાસ લઈ રહી છે અને કેવી રીતે દિવસો પસાર કરે છે. નહીં સાહેબ, મારો તો વંશ ચાલવો જોઈએ. આ રાક્ષસનો, આ દુષ્ટનો વંશ ચાલવો જોઈએ ? આ શું છે ? આ કસાઈપણું છે. આજે દરેક માણસ કસાઈ થતો જોવા મળે છે. આજે આપણે જોઈએ છીએ કે ન તો આપણને આપણી પોતાની પત્ની પ્રત્યે દયા છે, ન તો પોતાનાં મા-બાપ પ્રત્યે દયા છે, ન તો પોતાનાં બાળકો પ્રત્યે દયા છે. દરરોજ છોકરા પેદા કરી લઈએ છીએ. એ વાતની લાજ-શરમ છે નહીં કે છેવટે આને ભણાવશે કોણ ? ભણતર માટે પૈસો ક્યાંથી આવશે ? આમને રમવા માટે રેલ ક્યાંથી આવશે ? અમને તો બસ કામ-વાસનાથી પ્રેમ છે. અમે તો ચોર્યાસી છોકરા પેદા કરીશું. આજે મનુષ્ય ચંડાળ બનતો જોવા મળે છે.

મિત્રો ! આજે આપણને કોઈની ઉપર દયા નથી. આપણી પાસે ક્યાંય પણ ધર્મ નથી. આપણી પાસે કોઈ નૈતિકતા જેવી વસ્તુ નથી. આજે મનુષ્ય એટલો સ્વાર્થી બનતો જોવા મળે છે કે મને એવું લાગે છે કે આપણા સ્વાર્થીપણાનું પેટ એટલું મોટું થઈ રહ્યું છે કે આપણું ગુજરાન માણસોથી નહીં ચાલે. હવે જે પણ કોઈ સામે આવશે, એને આપણે આપણા સ્વાર્થનો શિકાર બનાવીશું. કોને બનાવીશું ? દેવી-દેવતાઓમાંથી જે કોઈ પણ આપણા ચક્કરમાં ફસાશે, એને આપણે ખતમ કરીને રહીશું. દેવતાઓના ઈમાનનો નાશ કરીને તેમને બેઈમાન બનાવીને છોડીશું. સંતોષીમાતા અમારા ચક્કરમાં આવી જશે તો તેમને બદનામ કરીને રહીશું. અમે એને બે બકરા ખવડાવીશું અને એવું કહીશું કે અમને લૂંટમાં ફાયદો કરાવી આપો. અમે તેને બદનામ કરીને રહીશું. દરેક જણને અમે બદનામ કરીશું. જે કોઈ અમારો ગુરુ હશે, તેને અમે બદનામ કરીશું. અમે કહીશું કે અમારા ગુરુ આવા છે, જેમને નથી ન્યાયની જરૂર નથી ઉચિત-અનુચિતની જરૂર. જે કોઈ હાથ જોડે છે, જે કોઈ સવા રૂપિયો આપે છે, તેની મનોકામના પૂરી કરી આપે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## દુર્મતિજન્ય દુર્ગતિથી થયું મનુષ્યનું અવમૂલ્યન

દીકરા, આપણે ક્યાં જઈ રહ્યા છીએ અને કોને ખબર શું થઈ રહ્યું છે ? આપણે જે જમાનામાં જીવી રહ્યા છીએ તેમાં મનુષ્ય કોને ખબર શું બનવાનો છે ? જો મનુષ્ય આવો જ રહેશે, તો તેનું પરિણામ શું આવશે ? અત્યારે જેટલી વધારે મુશ્કેલીઓ આવી રહી છે, આગળ એના કરતાં પણ વધારે આવશે. આના કરતા યુદ્ધ થઈ જાત અને દુનિયાનો નાશ થઈ જાત તો સારું હતું, પરંતુ આપણી સ્વાર્થપૂર્ણતા જીવંત રહી અને આજે આપણી ઉપર હાવી થતી જઈ રહી છે. માનવી જેવો નિષ્ઠુર, જેવો અધમ, જેવો સ્વાર્થી બનતો જોવા મળી રહ્યો છે, એ જો ચાલુ રહેશે તો અમે તમને જણાવી દેવા માગીએ છીએ કે મનુષ્ય-મનુષ્યને મારીને ખાઈ જશે. પકાવીને ખાશે કે નહીં, તે તો અમે નથી જાણતા, પરંતુ મનુષ્ય-મનુષ્યથી ગભરાતો ફરશે. અત્યાર સુધી આપણને ભૂતનો ડર લાગતો હતો, ચોરોનો ડર લાગતો હતો, પરંતુ હવે આપણને મનુષ્યનો ડર લાગશે. એટલું તો અત્યારે જ થઈ ગયું છે કે માણસની કિંમત તેની પથારી કરતાં તો ઓછી થઈ જ ગઈ છે. આજે તમે બિસ્તરો લઈને ધર્મશાળામાં જશો તો ધર્મશાળાવાળો કહેશે કે, આવો સાહેબ ! ઓરડો ખાલી છે, પરંતુ જો તમારી પાસે બિસ્તરો નહીં હોય, એટેચી નહીં હોય અને તમે એક થેલો લઈને જશો અને કહેશો કે સાહેબ ! ધર્મશાળામાં રહેવાની જગ્યા છે કે નહીં ? ધર્મશાળાવાળો પૂછશે કે તમારી સાથે કોણ કોણ છે ? તમારો સામાન ક્યાં છે ?

અરે ભાઈ ! ગરમીના દિવસો છે, સામાનની શી જરૂર છે ? અરે સાહેબ ! આજકાલ ભીડ ઘણી છે. બધી જગ્યાઓ ભરેલી છે. ક્યાંય જગ્યા નથી. તમે એમ કરો, ચોથા નંબરની ધર્મશાળા છે, ત્યાં પહોંચી જાવ. ત્યાં જાવ છો, તો એ કહે છે કે અરે સાહેબ ! આપ હવે પહોંચ્યા ? આપની પહેલાં પચ્ચીસ માણસને ના કહી દીધી છે કે અહીં જગ્યા નથી. આવું શા માટે થાય છે ? શા માટે ના કહે છે ? આ માનવીનું મૂલ્ય, માનવીની પ્રામાણિકતા, માનવીની ઈજ્જત દર્શાવે છે કે માનવીની કિંમત કરતાં ધર્મશાળાની પથારીની કિંમત વધારે છે. આજે માનવીનું મૂલ્ય એટલું નીચું ગયું છે. કાલે માનવી આનાથી પણ વધારે ભયંકર થવાનો છે.

મિત્રો ! માનવી કાલે જ્યારે આના કરતાં પણ વધુ ભયંકર થઈ જશે, ત્યારે તે ભૂત બની જશે, પિશાચ બની જશે, ત્યારે માનવીને જોઈને માનવી ભાગશે અને કહેશે, ''માણસ આવી ગયો-ચાલો અહીંથી ભાગો. જુવો પેલો માણસ ઊભો છે.'' કાલે આવી જ પરિસ્થિતિ ઉત્પન્ન થવાની છે. આ આપણા મનનું હલકાપણું છે. અત્યારે આપણી ઉપર સ્વાર્થ છવાઈ ગયો છે. આપણે સમાજના કોઈપણ કાર્યમાં ભાગ લેવા માગતા નથી. આપણે સમાજ માટે કોઈ સેવા કરવા ઇચ્છીએ છીએ, તો પહેલાં એ જોઈએ છીએ કે સેવાના બહાને આપણો સ્વાર્થ પાર પડશે કે નહીં. જો આપણો સ્વાર્થ પાર પડતો જણાશે તો દીકરા આપણે સંસ્થામાં જઈશું, કમિટીમાં જઈશું, પ્રેસિડન્ટ બનીએ છીએ, મીટિંગમાં જઈએ છીએ, જો સ્વાર્થ પાર નહીં પડે તો કહીએ છીએ કે સમાજજીવન સાથે અમારે કોઈ સંબંધ નથી, કોઈ લગાવ નથી.

મિત્રો ! લોકહિત માટે આપણાં મન ખાલી થતાં ગયાં છે. ઉદારતા આપણા મનમાંથી બહાર જઈ રહી છે અને નિષ્ઠુરતા આપણા રોમરોમમાં ઘર કરી રહી છે. પરિણામ શું આવશે ? તમે જોઈ લેજો, આનું પરિણામ ઘણું જ ભયંકર આવશે. કળિયુગના વિષયમાં પુસ્તકોમાં જે જણાવવામાં આવ્યું છે, તેને હું સાચું માનું છું. મનુષ્યનું ચિંતન જેવું અને જેટલું નિમ્ન હશે, તેટલા જ પ્રમાણમાં મુસીબતો આવશે. આજે ભગવાન દ્વારા આપવામાં આવતી મુસીબતો આપણી પાસે આવતી જ રહે છે. બીમારીઓ આપણી પાસે નિરંતર વધી રહી છે. ડોક્ટરો વધી રહ્યા છે, હોસ્પિટલો વધી રહી છે, પરંતુ બીમારીઓના પ્રકાર હજુ પણ વધશે. ડોક્ટર કેટલા વધી ગયા છે, ભગવાન કરે અને ડોક્ટરો હજુ પણ ઘણા વધે. પરંતુ બીમારીઓનું શું થશે ? બીમારીઓ સારા પ્રકારની થવાની નથી. બીમારીઓ સો ગણી વધારે થશે, હજાર ગણી વધારે થશે. તે સારી થઈ શકતી નથી, જ્યાં સુધી મનુષ્ય આધ્યાત્મિકતાના રસ્તા ઉપર પાછો નહીં વળે, ત્યાં સુધી માનવીનો પિંડ બીમારીઓમાંથી નહીં છૂટે અને ઘરનું નર્ક ?, દીકરા, ઘરનું નર્ક પણ દૂર હોઈ શકે નહિ.

(ક્રમશઃ આવતા અંકમાં)

❋ ❋ ❋



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# ગાયત્રીનું વ્યાવહારિક દર્શન

અમારા જીવનનું મોટું સૌભાગ્ય જ કહેવાય કે અમને ચાર વર્ષ સુધી પૂજ્યવરનું સાનિધ્ય મળ્યું. શક્તિપીઠોની પ્રાણ પ્રતિષ્ઠા સમયે ભારત વ્યાપી યાત્રામાં પણ પરમ પૂજ્ય ગુરુદેવ સાથે જવાનો સુઅવસર મળ્યો. પરમ વંદનીયા માતાજીના હાથે બનેલ ભોજન કરવાનો દિવ્ય આનંદ પણ મળ્યો. પરમ વંદનીયા માતાજીએ પ્રવચનોમાં પણ કહ્યું કે છોકરા તો મારા લાખો છે, પરંતુ દીકરો એક જ છે "લીલાપત" જ્યારે પરમ પૂજ્ય ગુરુદેવ હિમાલય પર ઉગ્ર તપશ્ચર્યા માટે અજ્ઞાતવાસમાં ગયા ત્યારે પણ પૂજ્યવરે અખંડ જ્યોતિ પત્રિકામાં લખ્યું હતું કે ગાયત્રી તપોભૂમિની ટીમનું નેતૃત્વ કરવા માટે અમે લીલાપતને નિયુક્ત કરીએ છીએ, એમને ગાયત્રી પરિવાર પોતાના મોટા ભાઈ માને તથા તેમના અનુશાસનનું પાલન કરશો.

ગુરુવર સાથે યાત્રામાં જતા હતા ત્યારે ખાલી અવસર મળતા કયારેક કયારેક તેમની સામે કોઈ પણ જીજ્ઞાસા સમાધાન માટે પ્રસ્તુત કરતા રહેતા હતા, તેને અહીંયા લિપિબધ્ધ કરી રહ્યા છીએ.

એક દિવસ અમે ગુરુદેવને પૂછયું-ગાયત્રી માતા જે શક્તિપીઠોમાં પ્રતિષ્ઠિત છે, જે તેમની પૂજા કરે છે, આરતી ઉતારે છે, ભોગ લગાવે છે. તેમને વરદાન આપે છે, તેના પર જ પ્રસન્ન થાય છે, બીજા પર શું નારાજ થઈ જાય છે ?

પૂજ્યવર અમારી જિજ્ઞાસા ભરી આ વાતો પર હસતાં હસતાં બોલ્યા-નહીં બેટા, ગાયત્રી માતા ન નારાજ થાય છે, ન પ્રસન્ન. બધાને એવો ભ્રમ છે કે ભગવાન પૂજા-પાઠ કરવાથી પ્રસન્ન થાય છે અને પૂજા ન કરવાથી નારાજ. સામાન્ય રીતે પૂજા-પાઠ તથા કર્મકાંડનું મોટું ગૂઢ રહસ્ય છે. આ બધું આત્મ-વિકાસના પથ પર વધવાનું સાધન છે, સાધ્ય નથી. આત્મ-સુધાર, આત્મશોધન માટે આંતરિક સમર્પણ ભાવનાની પ્રગાઢતા માટેનું માધ્યમ છે.

આ શરીર પંચતત્ત્વનું છે. અંતમાં શરીર પણ પંચતત્ત્વમાં વિલીન થઈ જાય છે. શરીર પદાર્થનું બનેલું છે, તેથી પદાર્થો પ્રત્યે મનુષ્યને ખૂબ લગાવ હોય છે. ધન-દોલત, મકાન, ગાડી આ બધા શરીરની સુવિધાના સાધન છે. પદાર્થનું શરીર, પદાર્થની મૂર્તિ અને પદાર્થના જ પૂજાના સાધન જેવા અક્ષત, પુષ્પ, ચંદન, કંકુ વગેરે. જેવી રીતે નાના બાળકોને અક્ષર જ્ઞાન શિક્ષણના અંતર્ગત 'ક' કબૂતર, 'ખ' થી ખડિયો 'ગ' થી ગણેશ ભણાવીએ છીએ, બરોબર એવી રીતે પૂજા, પાઠ, જપ, યજ્ઞ વગેરે અધ્યાત્મનું પ્રાથમિક શિક્ષણ છે.

ગાયત્રી માતાના હાથોમાં પુસ્તક, પુષ્પ, કમંડળ અને માળા છે. એના દર્શનને સમજવું જરૂરી છે. જે સાધક ગાયત્રી જપ સાથે સ્વાધ્યાય પણ કરે છે તેને સફળતા મળે છે. સ્વાધ્યાયનો અર્થ ઉપન્યાસ, સમાચાર પત્ર કે ગંદા મનોરંજક સાહિત્ય વાંચવું એવું નથી. સ્વાધ્યાયનો અર્થ આત્મકલ્યાણ માટે આત્મ પ્રગતિ માટે અધ્યયન કરવું જોઈએ. ગાયત્રી વિષયક જે સાહિત્ય રચેલું છે તે સ્વાધ્યાય કરવું જોઈએ. શરીરને ભોજન તથા આવાસ સુવિધાની જરૂર હોય છે. તે રીતે આત્માને પણ ભોજન જોઈએ. બેટા ! આત્માનું ભોજન સ્વાધ્યાય છે. સ્વાધ્યાયના અભાવમાં આત્મા ભૂખથી તડપતો પરેશાન રહે છે. પ્રત્યેક વ્યક્તિએ ઓછામાં ઓછો એક કલાક નિત્ય સ્વાધ્યાય કરવો જ જોઈએ.

શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે-**"સ્વાધ્યાયાન્મા પ્રમદ:"** એટલે સ્વાધ્યાયમાં પ્રમાદ ન કરવો જોઈએ. આજે અમારા પરિજન જપ તો કરે છે, પરંતુ સ્વાધ્યાયમાં પ્રમાદ કરે છે. સ્વાધ્યાય માટે જ આટલું સાહિત્ય રચવામાં આવ્યું છે.

આજની યંત્રવત જિંદગીવાળી પરિસ્થિતિઓમાં લગભગ સમયના અભાવનું લોકો બહાનું બનાવી લે છે. મોટા મોટા પુસ્તકો વાંચવાનો સમય નથી. અમે એ વાતને ધ્યાનમાં રાખી દોઢ રૂપિયાવાળી સીરીજ પ્રકાશિત કરી. ત્યારબાદ બીજી નાની પુસ્તિકાઓની આવશ્યકતા સમજાઈ ત્યારે ૩૦ પૈસાવાળી ખૂબ નાની પુસ્તિકાઓ યુગ ચેતના સાહિત્ય પ્રકાશિત કરવામાં આવી. જેની મૂળ કિંમત ૫૦ પૈસા છે, પરંતુ પૂજ્યવરના વિચાર દરેક વ્યક્તિ સુધી પહોંચાડવાની સંકલ્પબધ્ધ યોજનાને સફળ બનાવવા માટે માત્ર ૩૦ પૈસામાં જ વેચવાનો અમારો ઉદ્દેશ્ય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અમારી પરિજનોને એ જ પ્રાર્થના છે કે સન્ ૨૦૦૧માં યુગ ચેતના સાહિત્ય જન-જન સુધી પહોંચાડવા માટે સમયદાન-અંશદાન નિયોજિત કરો. ગુરુવરના વિચાર પહોંચાડી જ્ઞાનના પ્રકાશથી જન-જનના મનોને પ્રકાશિત કરી અજ્ઞાન રૂપી અંધકાર દૂર કરવાનો સંકલ્પ લો. યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના પાંચ-પાંચ નવા સદસ્ય બનાવો.

ગાયત્રી માતાના હાથમાં પુષ્પ છે. પુષ્પ હસતું-હસાવતું પ્રસન્ન જીવનનું પ્રતિક છે. ફૂલ કાંટાની વચ્ચે પણ હસતું રહે છે. એટલે કે પ્રતિકૂળ પરિસ્થિતિઓ વચ્ચે પણ પોતાના ધૈર્ય, સંયમ અને સ્થિરતાની સાથે અવિચલિત અને પોતાના સ્વભાવ અનુસાર પ્રસન્ન રહેવું.

નિરાશા હંમેશા આત્મઘાતક હોય છે. આજે જે બીમારીઓ જન્મ લે છે, તેની પાછળ તણાવ નિરાશા જ પ્રમુખ કારણ આજના વૈજ્ઞાનિક માને છે. ભગવાન રામને વનવાસ થયો તો તેઓ પ્રસન્ન થયા. સીતાજીને વન જવાની સહમતિ મળી તો તેમને પણ ખુશી થઈ કષ્ટ સમયે પણ પ્રસન્ન રહેતા શીખવું જોઈએ.

ભગવાન કૃષ્ણનો જન્મ થયો, ત્યારે કંસ તલવાર લઈને મારવા માટે તૈયાર હતો. પૂરું જીવન કષ્ટમય રહ્યું. બાળપણમાં જ કેટલાય પ્રાણઘાતક હુમલા થયા, તો પણ તે કષ્ટમાં પણ પ્રસન્ન રહ્યા. ગાંધીજી હંમેશા હસતા-હસાવતા રહેતા હતા. પરમ પૂજ્ય ગુરુદેવ પાસે જે પણ પરિજન પોતાના કષ્ટ-કઠણાઈઓને લઈ રોતા રોતા આવતા તેમને તેઓ વિચારોથી સંતુષ્ટ કરી દેતા હતા. તે પ્રસન્ન થઈને પાછા ફરતા. જ્યારે પણ તેમની પાસે કોઈ જતું તેમને હસતા-હસાવતા રહેતા. તેમનું શિક્ષણ હતું કે તણાવ રહિત, નિશ્ચલ, નિષ્કપટ, પ્રસન્નતામય જીવન જીવવું જોઈએ.

પરમ પૂજ્ય ગુરુદેવે બતાવ્યું-"બેટા ! ગાયત્રી માતાના એક હાથમાં કમંડળ છે. કમંડળ શીતલતા શાંતિ અને પવિત્રતાનું પ્રતીક છે. ગાયત્રી સાધકે ક્રોધ ન કરવો જોઈએ. ક્રોધથી શરીરમાં અનેક રોગ જન્મ લે છે. જે ક્રોધી હોય છે. તે રોગી હોય છે. સંત તુકારામની પત્ની ક્રોધી સ્વભાવની હતી, તો પણ સંત તુકારામના વ્યવહારમાં એટલી ઉદારતા, ક્ષમાશીલતા હતી કે તેમની ધર્મ પત્નીને પણ ક્રોધના કારણે સ્વયં લજ્જિત થવું પડતું હતું. જો કોઈ ક્રોધ કરે તો તેને શાંતિથી જીતો. આ જ અર્થ છે-કમંડળનો. ગાયત્રી માતાના હાથમાં માળા પણ છે. માળા સંગઠન સહકારની પ્રતીક પણ છે તથા નિત્ય ગાયત્રી મંત્ર જપ માટે પણ. પ્રત્યેક સાધકે ઓછામાં ઓછી ત્રણ માળા ગાયત્રી જપ અનિવાર્ય રૂપથી કરવો જ જોઈએ." "વગર સાધનાએ ભોજન નહીં, વગર સ્વાધ્યાયે શયન નહીં." આ સૂત્ર અપનાવી લેવું જોઈએ.

પૂજ્યવરે બતાવ્યું-"બેટા ! ગાયત્રી માતા હંસ પર સવાર છે. બેટા ! તૂ બતાવ હંસ નાનું પક્ષી તેની પર માતા કેવી રીતે સવારી કરી શકે. હાથી, ઘોડા, બળદ, સિંહ પર તો સવારી કરી શકાય છે, પરંતુ હંસ પર નહીં. એનું તાત્પર્ય એ કે હંસ જેવું જે જીવન જીવે છે તેના પર ગાયત્રી માતાની કૃપા વરસે છે. હંસ વિવેકશીલતા માટે પ્રસિધ્ધ છે. હંસ સફેદ હોય છે. અમારું વ્યક્તિત્વ પણ ધવલ, નિર્મળ, ઉજ્જ્વળ થાય. બીડી, સિગારેટ, તમાકુ, શરાબ, માંસાદિ અભક્ષ્ય પદાર્થોનું સેવન ન કરવું જોઈએ. બીજાને પણ આ બુરાઈઓથી બચાવો."

જે લોકો કહે છે કે ગાયત્રી સાધનાથી અમને સફળતા ન મળી. આપ તેમનાથી પૂછો કે તમે જીભ પર કાબૂ મેળવ્યો કે નહીં. આત્મ સંયમ વિના સાધના સફળ કેવી રીતે થઈ શકે ? અમે તો ૨૪ વર્ષ સુધી કઠોરતા સાથે મહાપુરશ્ચરણ કર્યું છે. એક સમયે ગૌ-છાશ અને જવની રોટલી સિવાય કશું ખાધું નથી. પોતાના શરીર, મન અને આત્માનું શોધન કર્યું છે, ત્યારે ગાયત્રી સાધના ફળીભૂત થઈ છે. જેને જોઈને પૂરો સંસાર સંચલિત છે.

પરમ પૂજ્ય ગુરુદેવે કહ્યું-"બેટા ! રાવણે પણ તપસ્યા કરી હતી, પરંતુ તેના દૃષ્ટિકોણમાં ક્યાં સુધાર થયો હતો ? ભસ્માસુરે પણ તપ ઓછું ન હોતું કર્યું પરંતુ સ્વયં નષ્ટ થયો. ભાગીરથની તપસ્યા સાથે લોક કલ્યાણનો મહાયજ્ઞ જોડાયેલ હતો, ત્યારે તો સ્વર્ગથી સુરસરિ ગંગાને પણ આ ધરાધામ પર આવવા માટે વિવશ થવું પડયું."

મૂળમાં સાધના અને તેના પ્રત્યે પોતાના દૃષ્ટિકોણની પણ ભૂમિકા કંઈ ઓછી નથી. પોતાના મનને અમે ધોબીની માફક ધોયું છે. પોતાના લક્ષ્યને આત્મ કલ્યાણ નહીં લોક કલ્યાણ માટે કેન્દ્રિત કર્યું છે.

પૂજ્યવરના આ સમાધાનો મેળવી અમારો અજ્ઞાન રૂપી અંધકાર દૂર થયો. તમો પણ આ તત્ત્વજ્ઞાનને અંતરમાં ધારણ કરો.

**-લીલાપત શર્મા**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી જન-જન સુધી પહોંચાડવા પરિજનોએ ઉત્સાહપૂર્વક પ્રયાસ કરેલ છે. તેમને સંસ્થા તરફથી હાર્દિક અભિનંદન

**ધન્ય છે :**

**૪૦૦૦ થી વધુ યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના સભ્ય બનાવનાર શક્તિ કેન્દ્ર**

ગોંડલ-ગાયત્રી શક્તિપીઠ

**૩૦૦૦ થી વધુ :**

મહેસાણા-ગાયત્રી શક્તિપીઠ

**૨૦૦૦ થી વધુ :**

ડીસા-ગાયત્રી શક્તિપીઠ
વીસનગર-ગાયત્રી પ્રજ્ઞાપીઠ
ભાવનગર-હરિશંકર પંડયા
અમદાવાદ-ગાયત્રી પરિવાર ઓઢવ
અમદાવાદ-પ્રવિણભાઈ પટેલ

**૧૦૦૦ થી વધુ :**

માંડવી-સી. એસ. ગોર
પાટણ-ગાયત્રી શક્તિપીઠ
ભાવનગર-ગાયત્રી પરિવાર ટ્રસ્ટ
કલોલ-ગાયત્રી શક્તિપીઠ
પાલનપુર-ગાયત્રી શક્તિપીઠ
મોરબી-નાનજીભાઈ પરમાર
ભૂજ-ભગવાનદાસ આહુજા
વલસાડ-ગાયત્રી પ્રજ્ઞા મંદિર
રાંદેર-ઉપેન્દ્રભાઈ પટેલ
બાયડ-ગાયત્રી શક્તિપીઠ
રાજકોટ-ગાયત્રી શક્તિપીઠ
અમદાવાદ-ક્રાંતિકુંજ ગાયત્રી પરિવાર
ગાંધીનગર-ગાયત્રી શક્તિપીઠ
અમદાવાદ-શક્તિકુંજ ગાયત્રી પરિવાર

**૫૦૦ થી વધુ :**

બીલીમોરા-ગાયત્રી શક્તિપીઠ
અમરેલી-ગાયત્રી શક્તિપીઠ
આદિત્યાણા-ના. રા. મોઢા
સુરત-બાલાજી ગાયત્રી શક્તિપીઠ
રાધનપુર-ગાયત્રી શક્તિપીઠ
મોડાસા-ડો. મથુરભાઈ પટેલ
સુરત-ડભોલી ગાયત્રી શક્તિપીઠ
ઊંઝા-ગાયત્રી પરિવાર ટ્રસ્ટ
રાજકોટ-વસંતભાઈ પટેલ
જૂનાગઢ-ગાયત્રી જ્ઞાનમંદિર
સરદાર કૃષિનગર-ગાયત્રી પરિવાર શાખા
છાપરા-રામભાઈ પટેલ
ભરૂચ-ભૂપેન્દ્રભાઈ શ્રીરામ
હિંમતનગર-વીનુભાઈ પરમાર
અમલસાડ-ચંચળબેન ગાંધી
ધોળકા-ગાયત્રી પ્રજ્ઞાપીઠ
રાણીપ-ગાયત્રી પ્રજ્ઞામંદિર
જામનગર-હિંમતભાઈ મીસ્ત્રી
અમદાવાદ-શંકરભાઈ પટેલ
ગાંધીનગર-આર. એમ. ભાવસાર
વડોદરા-ગાયત્રી પરિવાર શાખા ન્યુ સમા રોડ
વીજાપુર-ગાયત્રી શક્તિપીઠ
અમરેલી-સુરેશભાઈ જાની

**૨૫૦ થી વધુ :**

ગામડી-ગાયત્રી શક્તિપીઠ
ખેતીવાડી-ગાયત્રી પરિવાર શાખા
માંડવી-અમૃતભાઈ મેરાઈ
નવસારી-ગાયત્રી શક્તિપીઠ
વડોદરા-એન. પી. નાયક
આદિપુર-સી. એમ. માણેક
નડીયાદ-ચંદુભાઈ પટેલ
લાડોલ-મીઠાભાઈ વીઠલભાઈ
હિંમતનગર-ગાયત્રી પ્રજ્ઞાપીઠ મહેતાપુરા
છોટા ઉદેપુર-તુલજારામ સાસોદરીયા
વડગામ-કરશનજી સોલંકી
વ્યારા-ગાયત્રી પરિવાર શાખા
કોડીનાર-જમનાદાસ કાનાબાર
સંતરામપુર-ગાયત્રી શક્તિપીઠ
સુરેન્દ્રનગર-ડી. પી. પરમાર
ગાંધીનગર-હેમંતકુમાર ત્રિવેદી
વડોદરા-હસુબેન પાઠક
વડોદરા-સુધાકર ત્રિવેદી
ભાભર-કાંતિભાઈ ઠક્કર
સુરત-જે. યુ. મહીડા
વડોદરા-આર. સી. જોષી
વડોદરા-અમૃતભાઈ પટેલ
વડોદરા-દત્તુપ્રસાદ પાઠક
વડોદરા-ચંદ્રકાંત પટેલ
કપડવંજ-જસુભાઈ પ્રજાપતિ
તલોદ-દીલીપભાઈ શાહ
બારડોલી-સન્મુખભાઈ પટેલ
અમદાવાદ-માધવ કૌત્તિક ઢાકે
ગારિયાધાર-દામજીભાઈ પટેલ
જામજોધપુર-સી. જે. સાપરીયા
સથરા-સુરેશભાઈ જાની
મોર-મધુબેન પટેલ
જેતપુર-ગાયત્રી પરિવાર શાખા
વડોદરા-રણછોડભાઈ દરજી
કડી-અમૃતભાઈ પ્રજાપતિ
વડોદરા-ભરતભાઈ ત્રિવેદી
હિંમતનગર-જયશ્રીબેન જોષી
ધમડાછા-કાંતિભાઈ મહેતા
વિરમગામ-પ્રવીણભાઈ ગજ્જર
અમદાવાદ-કનુભાઈ પટેલ
કારઠ-ગોપીચંદ ભૂરીયા
દેવલી દેદાની-સુધીરભાઈ બારડ
વડોદરા-દત્તુપ્રસાદ પ્રજાપતિ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.